દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 297 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 December 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૭ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ડૉલર સામે રૂપિયો ૯૧ની સપાટી કુદાવી નવા તળિયે

**નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૯ પૈસાનો કડાકો બોલાયો હતો**

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો જોવા મળ્યો હોવા છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી ફંડોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને આયાતકારોની ડૉલરમાં પ્રબળ લેવાલી રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ગઈકાલના બંધ સામે ૩૬ પૈસા સુધી ગબડીને ૯૧ની સપાટી પણ કુદાવી ગયો હતો. જોકે, અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના ધોવાણ સાથે ૯૦.૯૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૭૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૮૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૧૪ અને ઉપરમાં ૯૦.૭૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૪ના નવા તળિયે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં ડૉલર સામે રૂપિયામાં એક ટકા જેટલો ઘટ્યો છે અને આ મહિનામાં રૂપિયો ૯૨ની સપાટી પણ પાર કરી જાય તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૯ પૈસાનો કડાકો બોલાયો હતો.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ વેપાર કરાર અંગેના ભારતના પ્રસ્તાવથી સહમત ન હોવાના અહેવાલો વહેતાં થતાં હવે નવા પ્રસ્તાવ તૈયાર ન થાય ત્યાં સુધી ટ્રેડ ડીલ વિલંબિત થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવતાં આજે ડૉલર સામે રૂપિયાએ નવી નીચી ૯૧.૧૪ની સપાટી બતાવીને અંતે નવા તળિયે બંધ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપની ગેરહાજરીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી અવિરત વેચવાલી ગબડતા રૂપિયાને વધુ ઢાળ આપી રહી છે. અમારા મતે આવતીકાલે હાજર બજારમાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૦.૭૫થી ૯૧.૨૫ આસપાસની જોવા મળે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૯૮.૨૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૭૮

(જુઓ પાનું ૨) ▶▶

## નેપાળે ભારતીય ચલણ પરનો પ્રતિબંધ હટાવ્યો

નવી દિલ્હીઃ ભારતના પાડોશી દેશ નેપાળે ભારતીય ચલણ પરનો પ્રતિબંધ હટાવ્યો હોવાથી હવે, લોકો ૨૦૦ અને ૫૦૦ રૂપિયાના ભારતીય ચલણનો ઉપયોગ નેપાળમાં ખરીદી કરવા માટે કરી શકશે. નેપાળ સરકારે ૧૦ વર્ષ પછી આ પ્રતિબંધ હટાવી દીધો છે, જેનાથી ભારતીય ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ભારતીય રિઝર્વ બૅંકે તેના નિયમોમાં સુધારો કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી લોકોને મોટા ચલણો સાથે પડોશી દેશોમાં મુસાફરી કરવાની મંજૂરી મળી છે. આ મુક્તિ સાથે, લોકો હવે નેપાળની

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં લગ્ન નોંધણીના કાયદામાં ફેરફાર કરાશે

### કેબિનેટ બેઠકમાં પ્રસ્તાવ મંજૂરી માટે મૂકવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રેમી યુગલ દ્વારા ભાગીને કરવામાં આવતા પ્રેમ લગ્ન મોટો ચર્ચાનો વિષય બન્યો છે. આ પ્રકારે થતા પ્રેમ લગ્ન માટે માતા-પિતાની મંજૂરી ફરજિયાત બનાવવા મુદ્દે પાટીદાર સમાજના અગ્રણીઓએ પણ સરકારને રજૂઆત કરી હતી. હવે આ મામલે રાજ્ય સરકાર હરકતમાં આવી છે, રાજ્ય સરકાર પ્રેમ લગ્ન કરનારા યુગલો માટે લગ્ન નોંધણીના કાયદામાં મોટા ફેરફારો કરવાની તૈયારી કરી રહી છે. નવા પ્રસ્તાવિત નિયમો મુજબ, હવે લગ્ન રજિસ્ટ્રેશન કરાવતા પહેલા માતા-પિતાને જાણ કરવી ફરજિયાત બનશે. સરકાર આવતીકાલે મળનારી કેબિનેટ બેઠકમાં આ સુધારેલા નિયમો રજૂ કરી શકે છે. જેમાં મુખ્યત્વે યુવતીના માતા-પિતાને નોટિસ મોકલવી, તેમને જવાબ આપવા માટે ૩૦ દિવસનો સમય આપવો અને યુવતીના સ્થાનિક વિસ્તારમાં જ નોંધણી કરાવવી જેવા કડક નિયમોનો સમાવેશ થાય છે.

પ્રેમલગ્ન અને ખાસ કરીને માતા-પિતાની મંજૂરી વિના ભાગીને થતા લગ્નોના કિસ્સામાં કાયદાકીય ગાળિયો કસવાની તૈયારીઓ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર લગ્ન નોંધણી અધિનિયમમાં ઐતિહાસિક સુધારા કરવા જઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નવા કાયદાનો ડ્રાફ્ટ (ખરડો) તૈયાર કરવામાં આવશે. જો બધું આયોજન

(જુઓ પાનું ૨) ▶▶

## આઈપીએલ લિલામ

## કૅમેરન ગ્રીન રૂપિયા ૨૫.૨૦ કરોડમાં ખરીદાયો

### ચેન્નઈએ પ્રશાંત વીર, કાર્તિક શર્માને રૂપિયા ૧૪.૨૦ કરોડમાં ખરીદ્યા

અબુ ધાબીઃ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ ઑસ્ટ્રેલિયાના ટોચના ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીનને મંગળવારે અબુ ધાબીના આઇપીએલ પ્લેયર્સ-ઑક્શનમાં ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને એ સાથે ગ્રીન આ ભારતીય ટી-૨૦ લીગનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો છે. તેણે પોતાના જ દેશના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કનો ૨૪.૭૫ કરોડ રૂપિયાનો વિક્રમ તોડ્યો હતો. ગ્રીનને ખરીદવા કેકેઆર તેમ જ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના પ્રતિનિધિઓ વચ્ચે તીવ્ર હરીફાઈ થઈ હતી જેમાં છેવટે કેકેઆરને સફળતા મળી હતી. ગ્રીન આઇપીએલના ઇતિહાસમાં (રિષભ પંત-૨૭ કરોડ અને શ્રેયસ ઐયર-૨૬.૭૫ કરોડ રૂપિયા પછી) ત્રીજા નંબરનો સૌથી મોંઘો ખેલાડી બન્યો છે.

કેકેઆરના જ ફ્રૅન્ચાઇઝીએ શ્રીલંકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર લસિથ મલિન્ગા જેવી સ્લિંગ

(જુઓ પાનું ૨) ▶▶

## યુપીમાં અનેક અકસ્માતઃ પચીસ મોત, ૧૦૦થી વધુ ઘાયલ

મથુરા/કાનપુરઃ રાજ્યમાં તાજેતરના દિવસોમાં ધુમ્મસને કારણે અનેક માર્ગ અકસ્માતો થયા છે, જેમાં મથુરામાં આઠ બસ અને ત્રણ કાર અથડાયા, ઉન્નાવમાં ફોર્ચ્યુનર પલટી ગઈ, બસ્તીમાં પેસેન્જર બસ અને ટ્રક અથડાયા હતાં અને માત્ર ૨૪ કલાકમાં પચીસથી વધુ લોકોનાં મોત થયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયાં હોવાનું જાણવા મળ્યું હતું.આ ઉપરાંત સોમવારે, ૩૧ વાહન સાથે છ અકસ્માત નોંધાયા હતા. રવિવારે, ૨૯ વાહનના છ અકસ્માત થયા હતા, જેમાં સાત જણ માર્યા ગયા હતા, જ્યારે શનિવારે ૪૦ વાહન સાથે સંકળાયેલા આઠ અકસ્માતમાં ચાર જણનાં મોત થયાં હતાં અને અનેક જણ ઘાયલ થયાં હતાં.પોલીસે જણાવ્યું હતું કે મંગળવારે વહેલી સવારે મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસને કારણે સાત બસ અને અનેક નાના વાહનો વચ્ચે થયેલી મોટી ટક્કરમાં ૧૬ જણનાં મોત થયાં હતાં અને ૭૦ અન્ય ઘાયલ થયા હતા. ગાઢ ધુમ્મસને કારણે

(જુઓ પાનું ૨) ▶▶

## બેરોજગારી સાત મહિનાના તળિયે

નવી દિલ્હીઃ ૧૫ વર્ષ અને તેથી વધુ વયના લોકોમાં બેરોજગારીનો દર ઘટીને સાત મહિનાના તળિયે પહોંચ્યો હતો. ઑક્ટોબર મહિનાના ૫.૨ ટકાની સરખામણીએ નવેમ્બરમાં બેરોજગારીનો દર વિક્રમજનક નીચલી સપાટીએ એટલે કે ૪.૭ ટકા રહ્યો હતો જે એપ્રિલ ૨૦૨૫ બાદનો સૌથી નીચો દર હતો, એમ મિનિસ્ટ્રી ઑફ સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ગ્રામીણ વિસ્તારમાં બેરોજગારીનો દર નવેમ્બર મહિનામાં ૩.૯ ટકાની નવી નીચલી સપાટીએ પહોંચ્યો હતો તો શહેરી વિસ્તારમાં

(જુઓ પાનું ૨) ▶▶

## વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણનો ખરડો રજૂ કરાયો

નવી દિલ્હીઃ વીમા ક્ષેત્રમાં સીધું વિદેશી રોકાણ ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાની માગણી કરતો ખરડો મંગળવારે વિપક્ષના ભારે વિરોધ વચ્ચે લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

લોકસભાના સભ્યોમાં મંગળવારે સર્ક્યુલેટ કરવામાં આવેલા ખરડા મુજબ નવા 'સબકા બીમા સબકી રક્ષા' (અમેન્ડમેન્ટ ઑફ ઈન્સ્યોરન્સ લૉ) ઍક્ટ, ૨૦૨૫ ખરડામાં અગાઉના ઈન્શ્યોરન્સ ઍક્ટ ૧૯૩૮ અને ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ જેવલપમેન્ટ ઍક્ટ ૧૯૯૯માં સુધારો કરવાની માગણી કરવામાં આવી છે. લોકસભામાં ખરડો રજૂ

(જુઓ પાનું ૨) ▶▶

## ગોવા અગ્નિકાંડના આરોપી લુથરા ભાઈઓને થાઈલૅન્ડથી ભારત લવાયા

નવી દિલ્હીઃ ગોવા નાઈટક્લબ અગ્નિકાંડના ગુનેગારોને થાઈલેન્ડથી દિલ્હી લાવવામાં આવ્યા હતા. દિલ્હી એરપોર્ટ પર ઉતરતાની સાથે જ મુખ્ય આરોપી લુથરા ભાઈઓની ગોવા પોલીસે ધરપકડ કરી હતી. નોંધનીય છે કે ૬ ડિસેમ્બરે લાગેલી ભીષણ આગના થોડા કલાકો પછી જ સૌરભ અને ગૌરવ લૂથરા થાઈલેન્ડ ભાગી ગયા હતા. આ પછી પોલીસે તપાસ શરૂ કરી અને ઇન્ટરપોલે બંને ભાઈઓ વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી. ૧૧ ડિસેમ્બરે થાઈલેન્ડ પોલીસે બંને ભાઈઓને કસ્ટડીમાં લીધા હતા. હવે બંને ભાઈઓને ભારત લાવવામાં આવ્યા છે.

ગોવામાં 'બર્ચ બાય રોમિયો લેન' નાઈટક્લબમાં આગ લાગ્યાના ૧૦ દિવસ પછી તેના સહ-માલિકો ગૌરવ લુથરા અને સૌરભ લુથરાને થાઈલેન્ડથી દિલ્હી લાવવામાં આવ્યા હતા. તેમને વધુ કાનૂની કાર્યવાહી માટે અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. ૪૪ વર્ષીય ગૌરવ અને ૪૦ વર્ષીય સૌરભને દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવશે જ્યાં ગોવા પોલીસ તેમના ટ્રાન્ઝિટ રિમાન્ડની માગ કરશે. એરપોર્ટ પર તેમની

(જુઓ પાનું ૨) ▶▶

## જોર્ડનના પાટવીકુંવરે જાતે કાર ચલાવી મોદીને ફેરવ્યા

અમ્માનઃ જોર્ડનના પાટવીકુંવર અલ હુસૈન બિન અબ્દુલ્લા બીજાએ મંગળવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાતે કાર હંકારીને જોર્ડનના મ્યુઝિયમ લઈ ગયા હતા. આ શુભેચ્છક પગલું ભારત અને આરબ દેશના સંબંધોમાં રહેલી ઉષ્મા બતાડે છે. પાટવી કુંવર મોહંમદ પેગંબરની ૪૨મી પેઢીના સીધા વંશજ છે. મોદીએ સોશ્યલ મીડિયાની પોસ્ટમાં કહ્યું હતું કે હું સંગ્રહાલયમાં જોર્ડનના ઈતિહાસના અને સંસ્કૃતિના વિવિધ પાસાં બતાડવા બદલ અલ હુસૈનનો આભારી છું. મોદીએ કહ્યું હતું કે મેં પાટવીકુંવર સાથે વ્યાપક સંવાદ કર્યો હતો અને જોર્ડનની પ્રગતિમાં તેમનું વિઝન સ્પષ્ટ દેખાય છે. યુવા બાબતો,

(જુઓ પાનું ૨) ▶▶

### ભારત-જોર્ડનનો વેપાર બમણો કરાશે

અમ્માનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં ભારત-જોર્ડન દ્વિપક્ષીય વેપાર બમણો થઈને પાંચ અબજ અમેરિકન ડૉલર થશે. તેમણે જોર્ડનની કંપનીઓને ભારતના ઊંચા આર્થિકવૃદ્ધિનો લાભ લઈને તગડા રિટર્ન કમાવવા ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. મંગળવારે વડા પ્રધાન મોદી અને રાજા

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પે બીબીસી પર ૧૦ અબજ ડૉલરનો કેસ કર્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સોમવારે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી) વિરુદ્ધ ૧૦ અબજ ડૉલરના અમેરિકન ડૉલરના વળતરની માગ કરતો કેસ દાખલ કર્યો હતો. તેમણે બીબીસી પર માનહાનિની સાથે સાથે ભ્રામક અને અન્યાયી ટ્રેડ પ્રેક્ટિસનો આરોપ લગાવ્યો હતો. બીબીસી પર ૩૩ પાનાના આ કેસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની ''ખોટી, માનહાનિકારક, ભ્રામક, અપમાનજનક, ઉશ્કેરણીજનક અને દુર્ભાવનાપૂર્ણ તસવીર'' પ્રસારિત કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમાં તેમને ૨૦૨૪ની અમેરિકાની પ્રમુખની

(જુઓ પાનું ૨) ▶▶




**વિજય દિવસઃ** સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે દિલ્હીમાં મંગળવારે ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઑફ આર્મી સ્ટાફ ઉપેન્દ્ર દ્વિવેદી, ચીફ ઑફ ઍર સ્ટાફ ઍર ચીફ માર્શલ એ. પી. સિંહ અને વાઈસ ચીફ ઑફ નેવલ સ્ટાફ સંજય વાત્સાયન સાથે વિજય દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. (એજન્સી)

## વૃંદાવનના ભગવાન બાંકે બિહારીને પ્રસાદ ન ચઢ્યો

### કંદોઈને પગાર ન મળ્યો તો ભગવાનને ભૂખ્યા રાખ્યા

વૃંદાવન : પહેલી વાર એવું બન્યું છે કે જ્યારે વૃંદાવનના બાંકે બિહારી મંદિરના કંદોઈને પગાર ન મળ્યો તો એને લીધે ઠાકુરજીને બાલ અને શયનનો પ્રસાદ ચઢાવવામાં આવ્યો ન હતો.

કંદોઈને પગાર ન આપવાને કારણે પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો ન હતો, જેના કારણે પ્રસાદ ચઢાવવાની સદીઓ જૂની પરંપરાનો ભંગ થયો હતો.

આ વાતથી મંદિરના ગોસ્વામીઓ નારાજ થયા છે, જ્યારે હાઇ પાવર કમિટી આ મામલાથી અળગા રહેવાનો પ્રયાસ કરી રહી છે.

ભારત અને વિદેશથી લાખો ભક્તો દરરોજ વૃંદાવનમાં શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરની મુલાકાત લે છે. સોમવારે,

(જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીમાં પીયુસી વિનાનાં વાહનોને ઈંધણ નહિ મળે

નવી દિલ્હીઃ દિલ્હીમાં ગુરુવારથી જે વાહનચાલકો પાસે માન્ય પોલ્યુશન અન્ડર કંટ્રોલ (પીયુસી) પ્રમાણપત્ર નહિ હોય તેમને પેટ્રોલ પંપ પર વાહનોમાં ઈંધણ ભરાવવાની પરવાનગી આપવામાં નહિ આવે, એમ દિલ્હીના પર્યાવરણ ખાતાના પ્રધાન મનજિન્દરસિંહ સિરસાએ કહ્યું હતું.

સિરસાએ મંગળવારે કહ્યું હતું કે નિયમોનું પાલન કરવા વાહનના માલિકોને એક દિવસનો સમય

(જુઓ પાનું ૨) ▶▶

### દિલ્હીમાં હવાની ગુણવત્તાનું સ્તર હજુ પણ ખરાબ

નવી દિલ્હીઃ દિલ્હીમાં મંગળવારે સવારે હવાની ગુણવત્તાના સ્તરમાં થોડો સુધારો જોવા મળ્યો હતો. એક દિવસ અગાઉનો ઍર કવાલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) ૪૯૮થી ઘટીને ૩૭૭ થઈ ગયો હતો. જોકે સમગ્ર વિસ્તારમાં ધુમ્મસનું સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળ્યું હતું અને સવારના સમયે તાપમાન ૮.૩ ડિગ્રી થઈ ગયું હતું. ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. ■

## ડિજિટલ કૌભાંડઃ મુંબઈમાંથી મુખ્ય આરોપી પકડાયા

નવી દિલ્હી : રાજધાનીની પોલીસે સાત રાજ્યમાંના કરોડો રૂપિયાના ડિજિટલ કૌભાંડના સંદર્ભે મુંબઈ સહિત ત્રણ સ્થળેથી મુખ્ય આરોપીઓને પકડયા હતા. આ દસમાં ગેંગના સૂત્રધારનો સમાવેશ થાય છે. ચાવીરૂપ આરોપીને કેરળ, દિલ્હી અને મુંબઈમાંથી પકડવામાં આવ્યા હતા. અધિકારીએ કહ્યું હતું કે આ ડિજિટલ કૌભાંડ અને ખંડણી કૌભાંડ ૫૦ કરોડ રૂપિયાનું છે. સાત રાજ્ય દિલ્હી,

(જુઓ પાનું ૨) ▶▶

## બંગાળની મતદાર યાદીમાંથી ૫૮ લાખ નામ કઢાયાં

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી ડ્રાફ્ટમાંથી ૫૮ લાખથી વધુ ડિલીટ થયેલા નામોની યાદી ઓનલાઇન જાહેર કરાઇ છે. મૃત્યુ, સ્થળાંતર, ડુપ્લિકેશન, ગુમ અને અન્ય કારણોસર ૨૦૨૬ માટે ડ્રાફ્ટ યાદીમાંથી ૫૮ લાખથી વધુ પહેલાથી અસ્તિત્વમાં રહેલા મતદારોને કાઢી નાખવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ મંગળવારે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) ના ભાગ રૂપે રાજ્યની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા નામોની યાદી બહાર પાડી છે.

પશ્ચિમ બંગાળના સીઈઓ સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા

(જુઓ પાનું ૨) ▶▶

## ખેડૂતોને અત્યાર સુધીમાં ₹૬,૮૦૫ કરોડથી વધુની સહાય ચૂકવાઈઃ અર્જુન મોઢવાડિયા

અમદાવાદઃ રાજ્યમાં વરસેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ખૂબ મોટું આર્થિક નુકસાન થયું હતું. જે અંતર્ગત રાજ્યના ખેડૂતોને આર્થિક સહાય આપી પગભર થવા અને તેમની પડખે ઊભા રહીને પાક સર્વે પૂર્ણ કરીને રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું હતું. આ કૃષિ રાહત પેકેજ હેઠળ રાજ્યના ૩૩ લાખ ખેડૂતોએ અરજી કરી હતી, જેમાંથી અત્યાર સુધીમાં ૨૭ લાખથી વધુ ખેડૂતોને સહાય પેટેની અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને છેલ્લા ૧૦ દિવસમાં કુલ ૨૨.૯૦ લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં રૂ. ૬,૮૦૫ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. જ્યારે બાકીના ખેડૂતોને સહાય ચૂકવવાની કામગીરી યુદ્ધના ધોરણે કરાવવામાં આવી રહી છે, જે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ આ માહિતી આપી હતી. મોઢવાડિયાએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને હેક્ટર દીઠ સહાય અગાઉ રૂ. ૧૧ હજાર હતી તે વધારીને રૂ. ૨૨ હજાર અને બે હેક્ટરની મર્યાદામાં વધુમાં વધુ રૂ. ૪૪ હજાર આર્થિક સહાય ચૂકવવામાં આવી રહી છે. જેનો રાજ્યનાં ૧૮ હજાર ગામોમાંથી ૧૭ હજાર ગામોના ખેડૂતોને લાભ મળ્યો છે.

મોઢવાડિયાએ વધુમાં કહ્યું હતું કે, આર્થિક સહાય અંતર્ગત મગફળી સહિતના વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરીને રાજ્ય સરકાર ખેડૂતોની હામી બની છે. રાજ્ય સરકારે રૂ. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી કરવાનું નક્કી કર્યું છે. હાલમાં ગુજરાતમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ પાકની ખરીદી માટે ચાલુ વર્ષે રેકોર્ડબ્રેક ૧૦.૧૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ગત વર્ષે આ ખરીદી માટે માત્ર ચાર લાખ ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જેમાં આ વર્ષે અઢી ગણો વધારો થયો છે. રાજ્યમાં મગફળીની ખરીદી માટે ૧૧૪ તાલુકામાં ૩૧૭ જેટલા ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. નવેમ્બરથી અત્યાર સુધીમાં મગફળી, સોયાબીન, મગ અને અડદ માટે કુલ ૧૦.૧૧ લાખ ખેડૂતો પૈકી ૪.૭૫ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૧૦.૪૯ લાખ મેટ્રિક ટન જથ્થાની રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી કુલ ૨.૧૮ લાખ કરતા વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની ચુકવણી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત મગફળી સિવાયના પાકની ટેકાના ભાવે ખરીદી હાલમાં ચાલી રહી છે. આમ, આ ટૂંકા ગાળામાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ખાતામાં રૂ. ૮,૭૯૮ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. ખેડૂતોને મગફળી અને નુકસાનીના બંને પેકેજ સ્વરૂપે કુલ રૂ. ૨૬ હજાર કરોડની માતબર રકમનું ચૂકવણું કરવામાં આવશે.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રૂપિયાનું સતત ધોવાણ, દેશને મજબૂત આર્થિક નેતાગીરીની જરૂર

**અમેરિકાના** ડૉલર સામે રૂપિયાએ અંતે ૯૧ રૂપિયાની સપાટી તોડી દીધી અને નવું તળિયું દેખાડી દીધું. રૂપિયો ૯૦ને પાર તો ગયા અઠવાડિયે જ થઈ ગયેલો પણ મંગળવારે પહેલી વાર એક ડૉલરનો ભાવ ૯૧ રૂપિયાને પાર થઈને ૯૧.૧૮ રૂપિયાના નવા તળિયે પહોંચી ગયો. રૂપિયાના પતન માટે ચાપલૂસ મીડિયા અને ફૂટકણિયા અર્થશાસ્ત્રીઓ દ્વારા ચિત્ર-વિચિત્ર કારણો અપાઈ રહ્યાં છે. અમેરિકા અને ભારત વચ્ચે લાંબા સમયથી ટ્રેડ ડીલની વાતો થઈ રહી છે પણ કંઈ ને કંઈ ડખા આવીને ઊભા રહી જાય છે તેમાં ટ્રેડ ડીલ નથી થઈ રહ્યું તેને મુખ્ય કારણ ગણાવાઈ રહ્યું છે. ટ્રેડ ડીલ અનિશ્ચિતતાના વમળમાં ફસાયું છે તેના કારણે રૂપિયો તૂટી રહ્યો છે એવું કહેવાય છે.

આ વાત અંશતઃ સાચી છે કેમ કે કોઈ પણ દેશનું ચલણ ગગડે તેનું મુખ્ય કારણ વ્યાપારી ખાધ હોય છે. જે દેશની નિકાસ વધારે હોય તેનું ચલણ મજબૂત થાય એ અર્થશાસ્ત્રનો બહુ સાદો નિયમ છે પણ આપણી નિકાસ વધી નથી રહી તેના કારણે રૂપિયો તૂટી રહ્યો છે. અમેરિકાએ ટૅરિફ લાદ્યા તેના કારણે નિકાસને ફટકો પડ્યો છે ને તેની અસર છે. બાકી હતું તે મેક્સિકોએ પણ આપણા માલ પર ૫૦ ટકા ટેરિફ લાદવાનું એલાન કરી દીધું તેમાં આપણી હાલત બગડી ગઈ છે.

કમનસીબે આપણી નેતાગીરી આ વાત સ્વીકારવા તૈયાર નથી. ઉલટાનું એવા ખોટેખોટા દાવા કરાય છે કે, અમેરિકાએ ટૅરિફ લાદ્યા તેની આપણા અર્થતંત્ર પર કોઈ અસર પડી નથી. બલ્કે આપણા અર્થતંત્રે છેલ્લા ક્વાર્ટરમાં જીડીપીમાં ૮.૨ ટકાનો જોરદાર વિકાસ દર હાંસલ કર્યો છે. આ વાતનો જોરશોરથી પ્રચાર કરાયો અને મીડિયાએ આ વાતને જોરશોરથી ચગાવી પણ કોઈએ સવાલ કર્યો ખરો કે, આ વિકાસ દર કેટલા સમયનો હાઈએસ્ટ છે? છેલ્લાં છ અઠવાડિયાંનો, મતલબ કે, મોદી સરકારના શાસનમાં જ દોઢ વર્ષ પહેલાં જીડીપી વિકાસ દર ૮.૨ ટકાથી વધારે થયેલો.

આપણને વોટ્સએપ પર પિરસાતું ચૂરણ ચાટી જવાની ટેવ છે એટલે કોઈ આંકડા ચકાસવાની તસદી લેતું નથી. બાકી આ જ મોદી સરકારના શાસનમાં બે વર્ષ પહેલાં એક ક્વાર્ટરમાં ૧૦.૨ ટકાનો વિકાસ દર નોંધાયો હતો. આ આંકડો પણ સરકારે જ આપેલો ને તેનો અર્થ એ થયો કે, બે વર્ષમાં આપણા જીડીપીનો વિકાસ દર મંદ થયો છે. તો પછી આપણું અર્થતંત્ર જબરદસ્ત વિકાસ કરી રહ્યું છે એવું કઈ રીતે કહી શકાય ? રૂપિયાના કિસ્સામાં તો આવો દાવો કરી શકાય એવો મોકો પણ નથી આવતો કેમ કે જીડીપીની જેમ ડોલર સામે રૂપિયાના ભાવ સરકારે નક્કી નથી કરવાના પણ બજાર નક્કી કરે છે. તેના કારણે રૂપિયો સતત તૂટ્યા જ કરે છે. વચ્ચે ક્યારેક પાંચ-દસ પૈસા સુધરી જાય એ અલગ વાત છે, બાકી લાંબા સમયથી રૂપિયાની ગતિ અધોગતિની જ છે.

આપણી કમનસીબી એ છે કે, આ અધોગતિને રોકવાની આપણી નેતાગીરીમાં તાકાત નથી ને આર્થિક મોરચે તો અસલી સેનાપતિઓના બદલે ચાપલૂસી કરી ખાનારા લોકોને બેસાડી દેવાયા છે. નિર્મલા સીતારામન આપણાં નાણાં મંત્રી છે ને રૂપિયાના રમખાણમાં નિર્મલા મેડમ ક્યાં ખોવાઈ ગયાં છે એ જ કોઈને ખબર નથી. નિર્મલા સીતારામને દેશના અર્થતંત્ર વિશે કે ગગડતા રૂપિયા વિશે છેલ્લે ક્યારે કશું કહેલું એ યાદ જ નથી આવતું. ખેર, કશું ના બોલે તો પણ વાંધો નથી પણ રૂપિયાને ગગડતો રોકવા કશું તો કરે કે નહીં ? નિર્મલા મેડમ કશું કરી રહ્યાં નથી કેમ કે તેમને શું કરવું એ ખબર પણ પડતી હશે કે કેમ તેમાં શંકા છે.

રિઝર્વ બેંકના ગવર્નર તરીકે હમણાં સંજય મલ્હોત્રા છે અને મલ્હોત્રા સાહેબ તો નિર્મલા મેડમને સારા કહેવડાવે એવા છે. મલ્હોત્રા આઈએસ ઓફિસર હતા ને મોદી સરકારની રહેમ નજર ના પડી ત્યાં લગી આર્થિક બાબતો સાથે તેમને નાહવા-નિચોવવાનો સંબંધ નહોતો. ૨૦૨૨માં અચાનક મલ્હોત્રાને નાણાં મંત્રાલયમાં મૂકીને રિઝર્વ બેંકમાં ગોઠવી દેવાનો તખ્તો ઘડાયો એ પહેલાં સુધી તેમનો કદી આર્થિક નીતિ વિષયક બાબતો સાથે પનારો જ નહોતો પડ્યો. મલ્હોત્રા સાહેબના પુરોગામી શશિકાન્ત દાસ પણ અર્થશાસ્ત્રી નહોતા પણ ન્યાયે ખાતર કહેવું જોઈએ કે, દાસ સક્રિય હતા ને ડૉલર વેચવા સહિતનાં પગલાં ભરીને રૂપિયાનું ધોવાણ રોકવા દિલથી પ્રયત્નો કરેલો. મલ્હોત્રા પીએમઓમાં કુરનિશ બજાવીને 'ઓલ ઈઝ વેલ'ની આલબેલ પોકારવા સિવાય કશું નથી કરી રહ્યા.

રૂપિયાના પતન સાથે બે વીડિયો પણ વાઈરલ થઈ રહ્યા છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા એ વખતના વીડિયો છે. વીડિયોમાં મોદી સાહેબ કહી રહ્યા છે કે, જે રીતે ડૉલર મજબૂત થઈ રહ્યો છે અને રૂપિયો નબળો પડી રહ્યો છે એ જોતાં વિશ્વ વ્યાપારમાં ભારત ટકી નહીં શકે. આપણા વિદેશ માલ મોકલતા અને વિદેશથી માલ મંગાવતા વેપારીઓ આ ફટકાને સહન નહીં કરી શકે. ભારત સરકાર જે વસ્તુઓ લાવે છે તેના ભાવ અસહ્ય થઈ જશે અને દિલ્હીની સરકાર જવાબ નથી આપી રહી. નેપાળ, બાંગ્લાદેશ, પાકિસ્તાન, શ્રીલંકાના ચલણને કોઈ સમસ્યા નથી. આપણા પાડોશી નાના નાના દેશોને ડૉલર સામે કોઈ નુકસાન નથી થઈ રહ્યું ત્યારે એકલા ભારતનો રૂપિયો સતત તૂટી રહ્યો છે. આ માત્ર આર્થિક કારણોસર નથી થયું પણ યુપીએ સરકારના ભ્રષ્ટ રાજકારણનું આ પરિણામ છે. આ આક્ષેપ હું એકદમ ગંભીરતાથી મૂકી રહ્યો છું.

મોદી સાહેબે આપેલાં આ પ્રકારનાં બીજાં નિવેદનોની ટ્વિટ અને ન્યૂઝના અહેવાલ પણ વાઈરલ થઈ રહ્યા છે. મોદીએ તત્કાલીન વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહ પર કટાક્ષ પણ કરેલો કે, આપણા વડા પ્રધાનની ઉંમર વધે તેના કરતાં વધારે ઝડપથી રૂપિયો ડૉલર સામે વધી રહ્યો છે એ જોતાં બહુ જલદી મનમોહનસિંહની ઉંમરને પાર કરી જશે. ભારતમાં લોકશાહી છે એટલે આ બધા વીડિયો, ટ્વિટ વગેરે અત્યારે તો સોશ્યલ મીડિયા પર ઉપલબ્ધ છે, કાલની ખબર નથી.

મોદી સાહેબ વડા પ્રધાન બન્યા ત્યારે ડોલર સામે રૂપિયાની કિંમત તેમની ઉંમર કરતાં ઓછી હતી. મોદી ૬૪ વર્ષના હતા ને ડૉલર સામે રૂપિયો ૫૮ના સ્તરે હતો. અત્યારે મોદી સાહેબ ૭૫ વર્ષના છે ને રૂપિયો ૯૧ને પાર થઈ ગયો છે ત્યારે નથી એ કટાક્ષ યાદ આવતા કે નથી દિલ્હીની સરકાર જવાબ આપી રહી.

આપણને જવાબ પણ નથી જોઈતા પણ રૂપિયાનું ધોવાણ અટકે તો પણ ઘણું કેમ કે તેની અસર આપણા ખિસ્સા પર પડી રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૧૭-૧૨-૨૦૨૫, પ્રદોષ, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૬, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા સાંજે ક. ૧૭-૧૦ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં સવારે ક. ૧૦-૨૫ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૫૧, રાત્રે ક. ૨૩-૧૧
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૦ (તા. ૧૮)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - ત્રયોદશી. પ્રદોષ, વિંછુડો પ્રારંભ ક. ૧૦-૨૫, ભદ્રા પ્રારંભ ક. ૨૬-૩૨,

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, ઈન્દ્ર-દેવતા, અગ્નિદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, સૂર્ય-શનિ ચતુષ્કોણ સહાનુભૂતિ વિનાના, ચંદ્ર-શનિ ત્રિકોણ અત્યંત પ્રવૃત્ત રહેનારા, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ જ્ઞાનતંતુ પર બોજો આવે. ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, સૂર્ય-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### આઈપીએલ લીલામ

બોલિંગ-ઍક્શન ધરાવતા પેસ બોલર મથીશા પથિરાનાને ૧૮ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. બીજી તરફ, ભારતના બે અજાણ્યા નવયુવાન ખેલાડી પ્રશાંત વીર અને કાર્તિક શર્મા પર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું ફ્રૅન્ચાઇઝી આફરીન થયું હતું. સીએસકેના પ્રતિનિધિઓએ બન્નેને ૧૪.૨૦ કરોડ-૧૪.૨૦ કરોડ રૂપિયામાં મેળવ્યા હતા.

એક બાજુ ગ્રીનને કેકેઆરના ફ્રૅન્ચાઇઝીએ આઇપીએલનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બનાવ્યો ત્યાં બીજી તરફ પ્રશાંત અને કાર્તિક શર્મા આ ટૂર્નામેન્ટના સૌથી મોંઘા અનકૅપ્ડ પ્લેયર (આંતરરાષ્ટ્રીય મૅચ ન રમ્યા હોય એવા ખેલાડી) બન્યા હતા. ચેન્નઈના ફ્રૅન્ચાઇઝીએ પહેલાં ઉત્તર પ્રદેશના ૨૦ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર પ્રશાંતને માત્ર ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧૪.૨૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો અને ત્યાર બાદ રાજસ્થાનના ૧૯ વર્ષીય વિકેટકીપર-બૅટ્સમૅન કાર્તિક શર્માને પણ ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૧૪.૨૦ કરોડ રૂપિયામાં મેળવવામાં સફળતા હાંસલ કરી હતી. બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને કેકેઆરે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો.

**ગ્રીનને પૂરા ૨૫.૨૦ કરોડ રૂપિયા નહીં મળે!**

કૅમેરન ગ્રીનને હરાજીમાં ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો છે, પરંતુ તેને ૨૦૨૬ની સીઝન રમવાના માત્ર ૧૮ કરોડ રૂપિયા મળશે. વિદેશી ખેલાડીઓ માટેના લિલામને લગતા નિયમો અનુસાર બાકીની રકમ (૭.૨૦ કરોડ રૂપિયા) બીસીસીઆઇના પ્લેયર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં મોકલી દેવાશે. કોલકાતાના ફ્રૅન્ચાઇઝીના મૅનેજિંગ ડિરેક્ટર વેન્કી મૈસૂરે કહ્યું હતું કે ગ્રીનના સમાવેશથી અમારી ટીમને ઘણી સમતુલા મળશે. કૅમેરન ગ્રીન અગાઉ મુંબઈ અને બેંગલૂરુ વતી રમ્યો હતો. તેણે અત્યાર સુધીમાં આઇપીએલમાં ૨૯ મૅચમાં કુલ ૭૦૭ રન કર્યા છે અને ૧૬ વિકેટ લીધી છે. તેણે કેકેઆરમાં સામેલ થવા બદલ સોશ્યલ મીડિયામાં આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે 'હું ૨૦૨૬ની આઇપીએલમાં કેકેઆરનો હિસ્સો થવા સંબંધમાં ખૂબ આતુર છું. ઈડન ગાર્ડન્સના મેદાન પર ક્યારે ઊતરવા મળે એની રાહ જોઉં છું. આશા રાખું છું કે ૨૦૨૬નું વર્ષ અમારા માટે યાદગાર નીવડશે.'

ચેન્નઈના ફ્રૅન્ચાઇઝી પાસે આ હરાજીની શરૂઆતમાં કુલ ૪૩.૪૦ કરોડ રૂપિયાનું ભંડોળ હતું જેમાંથી ૨૮.૪૦ કરોડ રૂપિયા એણે બે નવયુવાન ભારતીય ખેલાડી (પ્રશાંત-કાર્તિક)ને મેળવવા પાછળ ખર્ચ કર્યા હતા. કેકેઆરે પથિરાનાને દિલ્હી કૅપિટલ્સ (ડીસી) તથા લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સાથેની તીવ્ર હરીફાઈમાં ઊતરવું પડ્યું હતું. છેવટે ડીસી અને એલએસજી બહાર નીકળી જતાં કેકેઆરને પથિરાના મેળવવામાં સફળતા મળી હતી. શાહરુખ ખાનની સહમાલિકીવાળી કેકેઆરની ટીમને પથિરાના ૨.૦૦ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૧૮.૦૦ કરોડ રૂપિયામાં મળ્યો હતો. પથિરાના આઇપીએલની હરાજીમાં સૌથી મોંઘો શ્રીલંકન ખેલાડી બન્યો છે. મિની ઑક્શનમાં જમ્મુ-કાશ્મીરના પેસ બોલર ઑકિબ નબી દરે પણ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેને દિલ્હી કૅપિટલ્સે ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૮.૪૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. એ સાથે, તે આ મિની ઑક્શનમાં મૂળ કિંમત સામે સૌથી વધુ ફાયદો મેળવનાર ખેલાડીઓમાં ગણાઈ રહ્યો છે. તમામ ૧૦ ફ્રૅન્ચાઇઝીઓમાં કેકેઆર પાસે સૌથી વધુ ૬૪.૩૦ કરોડ રૂપિયાનું ભંડોળ હતું અને એણે ઑલરાઉન્ડર વેન્કટેશ ઐયરને મેળવવા રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) સાથે તીવ્ર હરીફાઈ કરી હતી. જોકે છેવટે આરસીબીએ વેન્કટેશને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૭.૦૦ કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. દિલ્હી કૅપિટલ્સે ડેવિડ મિલરને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૦૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો, જ્યારે સાઉથ આફ્રિકાના જ ઓપનર-વિકેટકીપર ક્વિન્ટન ડિકૉકને મુંબઈ ઇન્ડિયન્સે ૧.૦૦ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ પર જ મેળવી લેતાં ડિકૉકે આ ટીમમાં પુનરાગમન કર્યું છે.

### ડૉલર સામે

ટકા ઘટીને બેરલદીઠ ૫૯.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૩૩.૫૦ પૉઈન્ટનો અને ૧૬૭.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૪૬૮.૩૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતા રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

### બંગાળની મતદાર

મતદારોની ચોક્કસ સંખ્યા ૫૮,૨૦,૮૯૮ છે. ''આ યાદીના પ્રકાશન પછી, દાવાઓ અને વાંધા મેળવવા માટે નિર્ધારિત સમયગાળા દરમિયાન, પીડિત વ્યક્તિઓ ફોર્મ ૬માં ઘોષણાપત્ર અને સહાયક દસ્તાવેજો સાથે તેમના દાવાઓ રજૂ કરી શકે છે,'' એમ ચૂંટણી પંચે પોર્ટલ પર જણાવ્યું છે. આ માટેનો સમયગાળો ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીનો છે, ત્યારબાદ અંતિમ યાદી પ્રકાશિત કરવામાં આવશે.

### ડિજિટલ કૌભાંડ

મહારાષ્ટ્ર, કેરળ, ઓડિશા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ઑપરેશન વડે ધરપકડ કરાઈ હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓ સુઆયોજિત ઈન્ટરનેશનલ ડિજિટલ કૌભાંડ અને ખંડણીની સિન્ડિકેટના ભાગ હતા. તપાસમાં માલુમ પડ્યું હતું કે નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી)માં નોંધાયેલી ઓછામાં ઓછી ૬૧ ફરિયાદોમાં આ સિન્ડિકેટ સંકળાયેલી છે. (એજન્સી)

### દિલ્હીમાં પીયુસી

આપવામાં આવ્યો છે. બુધવાર પછી જો વાહનમાલિકો પાસે માન્ય પોલ્યુશન અન્ડર કંટ્રોલ (પીયુસી) પ્રમાણપત્ર નહિ હોય તેમને પેટ્રોલ પંપ પર વાહનોમાં ઈંધણ ભરાવવાની પરવાનગી આપવામાં નહિ આવે. ગયા વરસની સરખામણીએ આ વરસે એ જ સમયગાળામાં દિલ્હીમાં હવાની ગુણવત્તાનું સ્તર આઠ મહિના વધુ સારું રહ્યું હતું. તાજેતરમાં દિલ્હીમાં હવાની ગુણવત્તાનું સ્તર કથળ્યું હોવાનાં અહેવાલને તેમણે સમર્થન આપ્યું હતું અને દાવો કર્યો હતો કે વર્તમાન સરકાર દ્વારા છેલ્લાં દસ મહિનાથી કરવામાં આવેલા પ્રયાસને કારણે ગયા વરસ કરતાં આ વરસે પરિસ્થિતિ વધુ સારી છે. દિલ્હીમાં પ્રદૂષણને અંકુશમાં લેવા દૈનિક ધોરણે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ગુજરાતમાં

મુજબ રહ્યું, તો આવતીકાલે મળનારી રાજ્ય મંત્રીમંડળની (કૅબિનેટ) બેઠકમાં આ પ્રસ્તાવ મંજૂરી માટે મૂકવામાં આવી શકે છે. નવા સૂચિત નિયમો મુજબ, હવેથી જ્યારે કોઈ યુગલ ભાગીને લગ્ન કરશે અને નોંધણી માટે અરજી કરશે, ત્યારે રજિસ્ટ્રાર કચેરી દ્વારા સૌથી પહેલા તેમના માતા-પિતાને નોટિસ મોકલવામાં આવશે. આ નોટિસનો જવાબ આપવા માટે વાલીઓને ૩૦ દિવસનો સમય આપવામાં આવશે. જ્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી લગ્નનું પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવશે નહીં. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય માતા-પિતાને અંધારામાં રાખીને થતા લગ્નો પર રોક લગાવવાનો અને પારદર્શિતા લાવવાનો છે. બીજો સૌથી મોટો ફેરફાર લગ્ન નોંધણીના સ્થળ અંગે કરવામાં આવશે. અત્યાર સુધી યુગલો ભાગીને કોઈપણ જિલ્લામાં જઈને લગ્ન નોંધણી કરાવી લેતા હતા. પરંતુ હવે નવા નિયમ મુજબ, યુવતીના આધારકાર્ડમાં જે સરનામું હશે, તે જ વિસ્તારની સંબંધિત કચેરીમાં લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત બનશે. આનાથી યુવતીના પરિવારજનોને જાણ થયા વિના બીજા જિલ્લામાં છૂપી રીતે થતા રજિસ્ટ્રેશન પર બ્રેક લાગશે. કેબિનેટની મંજૂરી મળ્યા બાદ સરકાર દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમાજ સહિત વિવિધ સમાજના આગેવાનો લાંબા સમયથી આ સુધારાની માગ કરી રહ્યા હતા. તેમનું કહેવું હતું કે દીકરીઓને ભગાડી જવાના કિસ્સાઓમાં હાલની કાયદાકીય છટકબારીઓનો લાભ લેવામાં આવતો હતો, જેનાથી પરિવારો તૂટી રહ્યા હતા. આ નવા નિયમો સામાજિક માળખાને સુરક્ષિત રાખવામાં મદદરૂપ થશે.

### નેપાળે ભારતીય

મુલાકાત લેતી વખતે ભારતીય ચલણમાં ખર્ચ કરી શકશે, જોકે મહત્તમ મર્યાદા ૨૫૦૦૦ રૂપિયા છે.

આ નિર્ણયથી પ્રવાસીઓને સૌથી વધુ ફાયદો થશે. નેપાળના મુલાકાતીઓ હવે ચલણ વિનિમયની ઝંઝટમાંથી મુક્ત થશે. નેપાળ સરકારના નિર્ણય બાદ, ભારતીય ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો રાખવા અને ખર્ચવી કાયદેસર બનશે. આનાથી નેપાળના મુલાકાતીઓને માત્ર સુવિધા જ નહીં, પણ નેપાળના અર્થતંત્ર, વ્યવસાયો અને રોજગારને પણ વેગ મળશે. આનાથી નેપાળીઓ માટે નવી તકો ઊભી થશે. નેપાળના પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન મળશે. નેપાળના કેસિનો, મુખ્ય હોટલો અને સરહદી બજારોમાં વ્યવસાય વધશે. ચલણ મુક્તિથી લોકો નેપાળી મુસાફરી પર વધુ ખર્ચ કરી શકશે, જેનાથી નેપાળના અર્થતંત્ર અને તેના લોકોને ફાયદો થશે.

### વીમા ક્ષેત્રે

કરતાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું હતું કે સામાન્ય જનતાનો વીમો કાયમ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સરકારની પ્રાથમિકતા રહી છે અને કોરોનાની મહામારી દરમિયાન પણ સમાજના વંચિત વર્ગના લોકોને વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું હતું.

વિપક્ષના અમુક સભ્યો દ્વારા કરવામાં આવી રહેલો વિરોધ ચર્ચાનો વિષય છે એમ જણાવતાં સીતારમણે કહ્યું હતું કે પ્રસ્તાવિત ખરડા અંગેની ચર્ચાવિચારણા સમયે હું તેમનાં તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું. ખરડાની રજૂઆતનો વિરોધ કરતાં આરએસપીના સભ્ય એન. કે. પ્રેમચંદ્રએ કહ્યું હતું કે ખરડાના નામને તેમાંનાં મુદ્દાઓ સાથે કોઈ સંબંધ નથી. વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણનો પણ તેમણે વિરોધ કર્યો હતો. દ્રમુકના સભ્ય ટી. સુમતી, ટીએમસીના સૌગતા રોય એ પણ વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણનો વિરોધ કર્યો હતો. ગયા શુક્રવારે પ્રધાનમંડળે આ ખરડાને મંજૂરી આપી હતી. (એજન્સી)

### બેરોજગારી

અગાઉ એપ્રિલ મહિનામાં નોંધાયેલા સર્વાધિક નીચલા સ્તરથી ઘટીને ૬.૫ ટકા રહ્યો હતો. ગ્રામીણ વિસ્તારમાં રોજગારમાં મહિલાઓની વધી રહેલી ભાગીદારી અને શહેરી વિસ્તારમાં શ્રમિકોની માગમાં થયેલો વધારો શ્રમિકોનું બજાર વધુ મજબૂત બની રહ્યું હોવા ઉપરાંત પરિસ્થિતિ સુધરી રહી હોવાનાં સંકેત આપે છે. નવેમ્બરમાં ૧૫ વર્ષ અને તેથી વધુ વય જૂથના પુરુષ અને મહિલાઓમાં બેરોજગારીના દરમાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ભારત-જોર્ડનનો

અબ્દુલ્લા-બેએ ભારત-જોર્ડન બિઝનેસ ફોરમને સંબોધન કર્યું હતું. આમાં પાટવી કુંવર હુસૈન અને જોર્ડનના વેપાર અને ઉદ્યોગ ખાતાના પ્રધાન અને રોકાણ ખાતાના પ્રધાને પણ હાજરી આપી હતી. બન્ને નેતાઓએ બે દેશ વચ્ચેના વેપારસંબંધો વધારવાના મહત્ત્વને સ્વીકાર્યું હતું. બન્ને વડાઓએ ઉદ્યોગના માંધાતાને ક્ષમતા અને તકને વૃદ્ધિ અને સમૃદ્ધિમાં ફેરવવાનો અનુરોધ કર્યો હતો. રાજા અબ્દુલ્લા-બેએ નોંધ લીધી હતી કે મુક્ત વેપાર કરાર અને ભારતની આર્થિક તાકાત સાથે મળીને સાઉથ એશિયા અને વેસ્ટ એશિયા વચ્ચે ઈકોનોમિક કોરિડોર બનાવવા જોઈએ. (એજન્સી)

### જોર્ડનના

રમતગમત, ઈનોવેશન અને શારીરિક રીતે અસમર્થ લોકોના કલ્યાણ જેવા ક્ષેત્રમાં તેમનું યોગદાન જોઈ શકાય છે.

મોદી રાજા અબ્દુલ્લા-બેના આમંત્રણને માન આપીને જોર્ડનની રાજધાની અમ્માનની બે દિવસની મુલાકાતે આવ્યા છે. વડા પ્રધાનની ત્રણ દેશની ચાર દિવસની મુલાકાતનો પ્રથમ તબક્કો જોર્ડનનો છે. (એજન્સી)

### યુપીમાં અનેક

અત્યંત ઓછી દૃશ્યતા વચ્ચે એક્સપ્રેસ-વેના આગ્રા-નોઈડા પટ પર સવારે ૪ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.ઓછામાં ઓછી સાત બસ અને ત્રણ કાર અથડામણમાં સંડોવાયેલા હતા, જેના કારણે આગ લાગી હતી. ફાયર અને ઇમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી, આગને કાબૂમાં લેવા અને ફસાયેલા મુસાફરોને બચાવવા માટે ૧૧ ફાયર ટેન્કર તહેનાત કર્યા હતા.

ડીએમ અને એસએસપી સહિત વરિષ્ઠ અધિકારીઓએ પોલીસ, ફાયર સર્વિસ, નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.રસ્તો અવરોધિત હોવાથી એક્સપ્રેસ-વે પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. ફસાયેલા મુસાફરોને બાદમાં સરકારી વાહનોમાં તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં આવ્યા હતા.

### વૃંદાવનના ભગવાન

ઠાકુરજી ભક્તો સમક્ષ પ્રસાદ વિના હાજર થયા. સવારે ઠાકુરજીને બાળ ભોગ અને સાંજે શયન ભોગ ચઢાવવામાં આવે છે. જોકે, મંગળવારે ઠાકુરજીને આ બંનેમાંથી કોઈ પણ ભોગ ચઢાવવામાં આવ્યો ન હતો.શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરમાં વ્યવસ્થાઓની દેખરેખ માટે સુપ્રીમ કોર્ટે એક ઉચ્ચ-શક્તિશાળી સમિતિની રચના કરી છે.

આ સમિતિ હેઠળ, ઠાકુરજી માટે પ્રસાદ અને ભોગ તૈયાર કરવા માટે એક કંદોઈની નિમણૂક કરવામાં આવી છે. કંદોઈને માસિક એંસી હજાર રૂપિયા પગાર આપવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી, તેને પગાર આપવામાં આવ્યો નથી. પરિણામે, તેણે ઠાકુરજી માટે બાળ ભોગ અને શયન ભોગ તૈયાર કર્યો નથી.

મંદિરના ગોસ્વામીએ સમજાવ્યું કે મયંક ગુપ્તા નામની વ્યક્તિ શ્રી ઠાકુર બાંકે બિહારી માટે પ્રસાદ તૈયાર કરવાની જવાબદારી સંભાળે છે.

મયંક કંદોઈ સવારે બાલ ભોગ, બપોરે રાજ ભોગ, સાંજે ઉત્થાપન ભોગ અને રાત્રે શૈવ ભોગ તૈયાર કરે છે. કંદોઈ દ્વારા તૈયાર કરાયેલ પ્રસાદ ઠાકુરજીને અર્પણ કરવામાં આવે છે. જોકે, આજે સેવકોને પ્રસાદ મળ્યો નથી.સમિતિના સભ્ય દિનેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે સોમવારે માહિતી મળી હતી કે ઠાકુરજી માટે પ્રસાદ અને શયન ભોગ મંદિર પરિસરમાંથી ગાયબ છે. પૂછવામાં આવતા મયંક ગુપ્તાએ જણાવ્યું કે તેને પગાર ચૂકવવામાં ન આવતા પ્રસાદ તૈયાર કરવામાં આવ્યા ન હતા.

મયંક ગુપ્તાને ટૂંક સમયમાં ચુકવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, અને સમિતિ આવી ઘટનાઓ ફરીથી ન બને તે માટે પગલાં લઈ રહી છે.

### ટ્રમ્પે બીબીસી

ચૂંટણીમાં દખલ કરવા અને પ્રભાવ પાડવાનો સ્પષ્ટ પ્રયાસ બતાવવામાં આવ્યો છે.

ટ્રમ્પનો આરોપ છે કે બીબીસીએ ૬, જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ તેમણે આપેલા ભાષણના બે સંપૂર્ણપણે અલગ અલગ હિસ્સાઓને જોડીને પ્રસારિત કર્યા હતા જેથી તેમની કહેલી વાતોનો અર્થ જાણી જોઈને ખોટી રીતે રજૂ કરી શકાય. અમેરિકાના પ્રમુખએ અગાઉ કાનૂની કાર્યવાહીની ધમકી આપી હતી. આ પછી ગયા મહિને બીબીસીએ ટ્રમ્પને તેમના ૬ જાન્યુઆરીના ભાષણને એડિટીંગ કરવા બદલ માફી માગી હતી. જોકે, પ્રસારણકર્તાએ માનહાનિના આરોપોને નકારી કાઢ્યા હતા. બીબીસીના ચેરમેન સમીર શાહે તેને ''નિર્ણય લેવામાં ભૂલ'' ગણાવી હતી, ત્યારબાદ બીબીસીના ટોચના એક્ઝિક્યુટિવ અને ન્યૂઝ ચીફે રાજીનામું આપ્યું હતું.

ટ્રમ્પે આ ભાષણ ત્યારે આપ્યું જ્યારે તેમના સમર્થકોએ યુએસ કેપિટલમાં ધમાલ મચાવી હતી. તે સમયે કૉંગ્રેસ ૨૦૨૦ની પ્રમુખ ચૂંટણીના પરિણામોને સત્તાવાર રીતે મંજૂરી આપવા જઈ રહી હતી, જેમાં જો બાઈડનને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ ટ્રમ્પે ચૂંટણીને ''ખોટી અને ચોરી કરેલી'' ગણાવી હતી.

૨૦૨૪ની અમેરિકાની પ્રમુખ ચૂંટણીના થોડા દિવસો પહેલા બીબીસીએ ''ટ્રમ્પઃ અ સેકન્ડ ચાન્સ?'' નામની એક કલાક લાંબી ડોક્યુમેન્ટરી પ્રસારિત કરી હતી. તેમાં ૨૦૨૧ના ભાષણના બે અલગ અલગ ભાગોમાંથી ત્રણ નિવેદનોને જોડીને એક જ નિવેદન તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, જોકે નિવેદનો લગભગ એક કલાકના અંતરે આપવામાં આવ્યા હતા. એવું લાગતું હતું કે ટ્રમ્પે સમર્થકોને તેમની સાથે કૂચ કરવા અને ''તેમની બધી શક્તિથી'' લડવા માટે આહ્વાન કર્યું હતું.

### ગોવા અગ્નિકાંડના

પૂછપરછ કરવામાં આવી હતી.

ફ્લાઇટમાં ઘણા પત્રકારો અને કેમેરાપર્સન મુસાફરી કરી રહ્યા હતા. વિમાન દિલ્હીમાં ઉતરતા જ એક ટીવી રિપોર્ટરે વિમાનની અંદર લુથરા ભાઈઓનું રેકોર્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે અધિકારીઓએ બંને માણસોની આસપાસ સુરક્ષા કડક કરી અને તેમને કોઈની સાથે વાત કરતા અટકાવ્યા હતા.

નોંધનીય છે કે ૬ ડિસેમ્બરની દુર્ઘટના બાદ લુથરા ભાઈઓ પર ગુનાહિત હત્યા અને બેદરકારીનો કેસ ચાલી રહ્યો છે. પોલીસનો આરોપ છે કે નાઈટક્લબ ફરજિયાત અગ્નિ સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરીને કાર્યરત હોવાથી આ ઘટના વધુ ગંભીર બની હતી. આ ઘટનાએ ફાયર સેફ્ટીના કથિત ઉલ્લંઘનો અને મેનેજમેન્ટ દ્વારા કરાયેલી ભૂલો પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા.

ગૌરવ અને સૌરભ ૭ ડિસેમ્બરની વહેલી સવારે તેમના નાઈટક્લબમાં આગ લાગ્યાના થોડા કલાકો પછી ફુકેટ ભાગી ગયા હતા, જેના કારણે અધિકારીઓએ ઇન્ટરપોલ બ્લૂ કોર્નર નોટિસ જાહેર કરી હતી અને તેમના પાસપોર્ટ રદ કર્યા હતા. ભારત સરકારની વિનંતીને પગલે ૧૧ ડિસેમ્બરના રોજ થાઈ અધિકારીઓ દ્વારા ફુકેટ ખાતે આ બંનેની અટકાયત કરવામાં આવી હતી, જેણે બાદમાં બંને દેશો વચ્ચેની કાનૂની સંધિઓ હેઠળ તેમને દેશનિકાલ કરવા માટે થાઈલેન્ડના અધિકારીઓ સાથે સંકલન કર્યું હતું.

૧૧ ડિસેમ્બરના રોજ દિલ્હીની એક કોર્ટે ટ્રાન્ઝિટ આગોતરા જામીન અરજીઓ ફગાવી દીધી હતી. એડિશનલ સેશન્સ જજ વંદનાએ ભાઈઓ સામેના આરોપોને ''પ્રથમ દૃષ્ટિએ ગંભીર '' ગણાવ્યા હતા અને તેમના ''વર્તણૂક'' ની આકરી ટીકા કરી હતી. કોર્ટે પોલીસ તપાસની નોંધ લીધી હતી કે ભાઈઓએ આગના એક કલાક પછી ફુકેટ માટે ટિકિટ બુક કરાવી હતી, જે વાસ્તવમાં તેમના વકીલે શરૂઆતમાં ''છૂપાવી'' હતી અને તાત્કાલિક ધરપકડથી રક્ષણ માગ્યું હતું. ન્યાયાધીશે કહ્યું હતું કે દુર્ઘટના પછી તરત જ નીકળી જવું એ ''કાનૂની પ્રક્રિયાથી બચવાનો'' સ્પષ્ટ પ્રયાસ હતો. બોમ્બે હાઈ કોર્ટની ગોવા બેન્ચે સોમવારે નાઈટક્લબ સામેના સિવિલ દાવાને જાહેર હિતની અરજીમાં બદલી લીધી હતી.

# અમદાવાદના કમલ તળાવમાં ૧૫૦ મકાનો પર બુલડોઝર ફર્યું, પરિવારો નોધારા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કુબેરનગર આઈટીઆઈ રોડ પર આવેલા કમલ (ઉમલા) તળાવમાં ૧૬ ડિસેમ્બરની સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. તળાવમાં ૧૫૦ જેટલા કાચા-પાકા મકાનો ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. જેના કારણે અનેક પરિવારો બેઘર બન્યા છે અને સ્થાનિકોમાં ભારે રોષની લાગણી છે. પોતાના ઘર તુટી જતા મહિલાઓ, બાળકો અને પુરુષો જેવા પુરુષો પણ રડી પડ્યાં હતાં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ તમામ દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ ખાલી ન કરવામાં આવતા સ્થાનિક પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

સ્થાનિકોએ તંત્ર પાસે માગ કરી હતી કે તેમને રહેવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે. અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે, જો સરકાર તેમને અન્ય સ્થળે રહેવાની વ્યવસ્થા કરી આપે તો તેઓ ત્યાં જવા માટે તૈયાર છે, પરંતુ અચાનક છત છીનવાઈ જતાં તેમની હાલત કફોડી બની છે.

ડિમોલિશનની કામગીરી દરમિયાન સંવેદનશીલતા દાખવતા, કમલા તલાવડી વિસ્તારમાં આવેલું શ્રદ્ધાનું કેન્દ્ર સમા ખોડિયાર માતાના મંદિરને હાલ પૂરતું તોડવામાં આવ્યું નથી. બીજી તરફ, સ્થાનિકોના વિરોધ અને હોબાળાને પગલે સ્થળ પર હાજર પોલીસે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો અને શાંતિપૂર્ણ રીતે કામગીરી પૂર્ણ કરાવવા જહેમત ઉઠાવી હતી. ■

# સાબરકાંઠાના ઈડર નજીક ટ્રિપલ અકસ્માતમાં ચારનાં મોત, પંથકમાં માતમ છવાઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લામાં ઈડર-ભિલોડા ૧૬૮-જી નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઈડરના રેવાસ નજીક ઓટો રિક્ષા અને ઇકો કાર વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ચાર વ્યક્તિનાં કરુણ મોત નીપજ્યા હતાં. આ ભીષણ અકસ્માતમાં જીવ ગુમાવનાર ભોઈ સમાજના ચારેય યુવાન સચિન બાબુભાઈ ભોઈ, અનિલ રમેશભાઈ ભોઈ, શૈલેષ નારણભાઈ ભોઈ, રાજેશ ચંદુભાઈ ભોઈનું મોત નિપજતાં સમગ્ર પંથકમાં માતમ છવાઈ ગયો હતો. અકસ્માતમાં જીવ ગુમાવનાર ભોઈ સમાજના ચારેય યુવાનના મૃતદેહોનું પીએમ કર્યા બાદ જ્યારે તેમને ઈડરના ભોઈવાડા લાવવામાં આવ્યા, ત્યારે આખું નગર હિબકે ચઢ્યું હતું. કડિયા કામ કરી પરિવારનો ગુજારો કરતા આ ચાર આશાસ્પદ યુવાનની અર્થી એક જ ફળિયામાંથી એકસાથે ઉઠતાં માહોલ ગમગીન બન્યો હતો. મળતી વિગત મુજબ, ઈડર નજીક મોડી રાત્રે ઈકો ગાડી, રિક્ષા અને બુલેટ વચ્ચે થયેલા ગમખ્વાર ત્રિપલ અકસ્માતમાં ઈડર ભોઈવાડા વિસ્તારના એક જ ફળિયામાં રહેતા ચાર યુવાનોના કરૂણ મોત નિપજતાં હતાં. મૃતક ચારેય યુવાન મજૂરીકામ પૂર્ણ કરીને રાત્રે રિક્ષામાં સવાર થઈને પોતાના ઘરે ઈડર તરફ પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન, રેવાસ ગામ પાસે સમાજવાડી નજીક એક ગાડીના ચાલકે ગફલતભરી રીતે અને પૂરપાટ ઝડપે આવીને રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે, રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. જ્યારે રસ્તા પર લોહીથી ખરડાયેલી લાશો પડી હતી.

આ ભયાનક અકસ્માતમાં રિક્ષામાં સવાર ચાર પૈકી સચિન બાબુભાઈ ભોઈ અને અનિલ રમેશભાઈ ભોઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. ગંભીર રીતે ઘવાયેલા અન્ય બે યુવાન, શૈલેષ નારણભાઈ ભોઈ અને રાજેશ ચંદુભાઈ ભોઈને તાત્કાલિક ઈડર સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન શૈલેષભાઈનું ઈડર સિવિલ ખાતે મોત નિપજ્યું હતું. જ્યારે રાજેશભાઈને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હૉસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. ■

# વડા પ્રધાનની ડિગ્રીનો બદનક્ષી કેસઃ કેજરીવાલ, સંજયસિંહની રિવિઝન અરજી ફગાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી મામલે થયેલા બદનક્ષી કેસમાં દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ તથા નેતા સંજયસિંહને વધુ એક ઝટકો લાગ્યો હતો. સેશન્સ કોર્ટના જજ એમ.પી. પુરોહિતે બન્ને નેતાઓએ કરેલી રિવિઝન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, સીપીઆરસીઈની કલમ ૨૨૩(એ)ના સિદ્ધાંતો આ કેસમાં લાગુ પડે છે. ત્યારે બન્નેની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. હવે આગામી દિવસોમાં કેજરીવાલ અને સંજયસિંહ હાઇ કોર્ટમાં આ અરજી કરે તેવી શક્યતા સેવાઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલે ટ્રાયલ અલગ કરવાની અરજી કરી હતી. જ્યારે સંજયસિંહે નીચલી કોર્ટે કરેલ આદેશ રદ કરવા માટે દાદ માગતી રિવિઝન અરજી કરી હતી.

અરવિંદ કેજરીવાલે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા આ કેસની ટ્રાયલ અલગ કરવાની અરજીને નકારી કઢાઈ હતી. તેની સામે કેજરીવાલે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરી એવી રજૂઆત કરી હતી કે, બન્ને આરોપી સામેના આક્ષેપો અને ઘટનાઓની તારીખો અલગ-અલગ છે, તેથી તેમની સંયુક્ત ટ્રાયલ ગેરકાયદે છે. ત્યારે બન્ને સામે અલગ અલગ ટ્રાયલ ચાલવી જોઇએ. જ્યારે સંજયસિંહે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીના વકીલ-કાઉન્સિલ મારફતે તેમના 'પ્લી' ની નોંધણી કરવાની મંજૂરી આપી હતી તે આદેશને રદ કરવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, નીચલી કોર્ટનો આદેશ ભૂલ ભરેલો છે, ત્યારે તેને રદ કરવો જોઇએ.

બન્ને અરજીઓનો વિરોધ કરતા યુનિ. તરફે એડવોકેટ અમિત નાયરે એવી દલીલ કરી હતી કે, કેજરીવાલે નીચલી કોર્ટના આદેશને ૩૦૮ દિવસ બાદ સેશન્સ કોર્ટમાં પડકાર્યો છે, જ્યારે સંજયસિંહે ૩૪૬ દિવસ મોડો પડકાર્યો છે. અગાઉ કોર્ટે બન્નેને દંડ પણ કર્યો હતો. બન્ને આરોપીઓની દલીલ સ્વીકારવા પાત્ર નથી, નીચલી કોર્ટે કરેલ આદેશ યોગ્ય અને ન્યાયોચિત છે. ત્યારે બન્નેએ માગેલ દાદ રદ કરવી જોઇએ. બન્ને પક્ષની દલીલ બાદ કોર્ટે કેજરીવાલ અને સંજયસિંહે કરેલી અરજી ફગાવી દીધી છે. ■

# ૧૦ વર્ષમાં ગુજરાતમાંથી ૮૪૬ કંપનીઓનું અન્ય રાજ્યોમાં પલાયન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર ઉદ્યોગોને આકર્ષવા માટે વાઈબ્રન્ટ ગુજરાતના તાયફાઓ કરે છે. જો કે તેમ છતાં પણ પરિસ્થિતિ સુધરવાના બદલે બગડતી જોવા મળી રહી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ૮૪૦ કંપનીઓની રજિસ્ટર્ડ ઓફિસનું અન્ય રાજ્યમાં સ્થળાંતર થયાની ચોંકાવનારી વિગત બહાર આવી હતી. જેમાંથી અડધોઅડધ એટલે કે ૪૨૦ કંપનીઓની રજિસ્ટર્ડ ઓફિસનું ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં સ્થળાંતર થયું છે. મળતી માહિતી અનુસાર, ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં સૌથી વધુ ૯૨ કંપનીઓનું ગુજરાતમાંથી સ્થળાંતર થયું હતું. જેમાં મહારાષ્ટ્રમાંથી ૫૧, દિલ્હીમાં ૯, રાજસ્થાનમાં ૬, પશ્ચિમ બંગાળમાં પાંચ કંપનીઓનો સમાવેશ થાય છે. આ સિવાય ૨૦૨૩-૨૪માં ૮૮, ૨૦૧૮-૧૯માં ૮૭, ૨૦૨૨-૨૩માં ૭૮, ૨૦૧૫-૧૬માં ૭૬, ૨૦૧૯-૨૦માં ૬૭, ૨૦૨૦-૨૧માં ૬૫, ૨૦૨૫-૨૬માં ૫૪ કંપનીઓનું ગુજરાતમાંથી સ્થળાંતર થયેલું છે. જૂન ૨૦૧૪થી ૧ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન કયા રાજ્યમાંથી કેટલી કંપનીઓનું અન્ય રાજ્યમાં સ્થળાંતર થયું તે અંગે લોકસભાના શિયાળુ સત્રમાં આ માહિતી આપવામાં આવી છે.

સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, મધ્ય પ્રદેશમાંથી ૪૨, મહારાષ્ટ્રમાંથી ૬૮૦, ઉત્તર પ્રદેશમાંથી ૩૮ કંપનીનું ગુજરાતમાં સ્થળાંતર થયું છે. ■

# કૉંગ્રેસની જનઆક્રોશ યાત્રા ૨૦ ડિસે.એ ફાગવેલથી શરૂ, કંબોઈ ધામમાં સમાપન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કોંગ્રેસે જનઆક્રોશ યાત્રા પાર્ટ-૨ની જાહેરાત કરી હતી. પહેલા ચરણમાં ઉત્તર ગુજરાતમાં જનઆક્રોશ યાત્રા પૂર્ણ થયા બાદ કોંગ્રેસ હવે મધ્ય ગુજરાતમાં જનઆક્રોશ યોજવા જઈ રહી છે. આગામી ૨૦ ડિસેમ્બરથી ૬ જાન્યુઆરી સુધી મધ્ય ગુજરાતમાં કોંગ્રેસ જનઆક્રોશ યાત્રા યોજવાની છે. કોંગ્રેસ જનઆક્રોશ યાત્રા પાર્ટ-૨ની ૨૦ ડિસેમ્બરે ફાગવેલથી શરૂઆત થશે અને ૬ જાન્યુઆરીએ દાહોદના કંબોઈ ધામમાં તેનું સમાપન કરવામાં આવશે.

કોંગ્રેસ આ યાત્રામાં મનરેગા કૌભાંડ, નલ સે જલ યોજનામાં કૌભાંડ સહિત ભ્રષ્ટાચારના મુદ્દાઓથી ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદમાં થતી ડિમોલિશનની કામગીરીને લઈને કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લોકોને ઘરનું ઘર આપ્યા વગર જો ડિમોલિશન કરવામાં આવશે તો કોંગ્રેસે વિરોધ કરવાની તૈયારી દર્શાવી છે.

આ જનઆક્રોશ યાત્રા ૭ જિલ્લા, ત્રણ મહાનગરપાલિકા, ૫૫ તાલુકા અને ૩૭ જેટલી નગરપાલિકા વિસ્તારમાંથી ભ્રમણ કરવાની છે. અંદાજે ૧૪૦૦ કિલોમીટર સુધી આ યાત્રા મધ્ય ગુજરાતમાં ભ્રમણ કરશે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, જનતા પોતાના પરસેવાના પૈસા ટેક્સ રૂપે ગુજરાતની તિજોરીમાં જમા કરાવે છે, દર વર્ષે આ પૈસામાંથી રાજ્ય સરકારનું બજેટ બને છે. જે ગુજરાતમાં ત્રણ દાયકાના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે ભ્રષ્ટાચાર છે, ગેરવહીવટ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતની જનતાના પ્રશ્નો, સમસ્યાઓ, સરકારનો ભ્રષ્ટાચાર, સરકારનો ભેદભાવ લોકોની જે તકલીફ છે તેને અમે વાચા આપી રહ્યા છીએ. ■

# સહકારી બૅંકના ડિરેક્ટરે ૧૦ વર્ષ બાદ ફરજિયાત પદ છોડવું પડશે

## કેન્દ્ર સરકારના નોટિફિકેશનનો અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સહકારી બેંકોમાં વર્ષોથી કબજો જમાવી બેઠેલા ડિરેક્ટરોને હવે પદ છોડવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ભારત સરકારે ૧૦મી ડિસેમ્બરના રોજ આ અંગેનું એક જાહેરનામું બહાર પાડ્યું હતું. તેનાથી ગુજરાતની ૨૦૦થી વધુ સહકારી બેંકો અને દેશના તમામ રાજ્યોની સહકારી બેંકોમાં ડિરેક્ટર તરીકે ૧૦ વર્ષથી વધુ સેવા આપતા ડિરેક્ટરોને રિઝર્વ બેંક પાત્રતા ન ધરાવતા હોવાનું ગણીને તેમને છૂટા કરી શકશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. આ નોટિફિકેશન ૧૫ ડિસેમ્બરથી જ અમલમાં મૂકી દેવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દસ વર્ષથી વધુ સમય માટે ડિરેક્ટર પદે રહેલા ડિરેક્ટરોના મામલે છેલ્લાં ઘણાં વર્ષોથી વિવાદ ચાલી રહ્યો હતો.

કેન્દ્ર સરકારે બહાર પાડેલા નોટિફિકેશનમાં રિઝર્વ બેંક અને સહકારી બેંકના બોર્ડમાં દસ વર્ષથી વધુ સમયથી સેવા આપનારા ડિરેક્ટર્સને છૂટા કરી દેવાની સત્તા આપી છે. આમ તો સહકારી બેંકના બોર્ડમાં ડિરેક્ટર તરીકે સેવા આપતા ડિરેક્ટર્સ આપોઆપ જ ગેરપાત્ર ઠરી જતા હતા, પરંતુ રિઝર્વ બેંક પહેલાં સહકારી કાયદાની કેટલીક જોગવાઇના કારણે તેમાં વિરોધાભાસ ઊભો થતો હોવાથી તેમને દૂર કરી શકતા નહોતા. હવે તેમને ફરજિયાત હોદ્દો છોડવાની ફરજ પાડી શકશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ઓછા અને વધુ વર્ષથી સેવા આપતા હોય, બંને અલગ-અલગ ગ્રૂપમાં સેવા આપતા હોય, બંને અલગ-અલગ ગ્રૂપમાં વિભાજિત થઇ ગયા હોય તો અલગ-અલગ ગ્રૂપમાંથી દસ વર્ષથી વધુ સમયથી સેવા આપી હોય તેવા ડિરેક્ટર્સને દૂર કરવા માટે ડ્રો સિસ્ટમનો ઉપયોગ કરી શકશે. જેમાં વહીવટદારો નિમણૂક પામેલા હોય કે પછી વહીવટદાર જ બેંકનો વહીવટ સંભાળતાં હશે અને બેંકમાં બોર્ડ જ અસ્તિત્વ ધરાવતું ન હોય તેવા કેસમાં પણ આ જોગવાઇ લાગુ કરી શકાશે. તેમજ વર્ષો સુધી ચૂંટણીઓ યોજવામાં ન આવી હોય તેવી સંસ્થાઓમાં પણ આ જોગવાઇ લાગુ પડશે. જો કે, આ નોટિફિકેશનમાં બેંકના બોર્ડમાં ડિરેક્ટર તરીકે સેવા આપનાર વ્યક્તિ હોય તો તેના કિસ્સામાં દસ વર્ષનો નિયમ કેવી રીતે લાગુ કરવામાં આવશે કે કેમ તે અંગે નોટિફિકેશનમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી. એટલું જ નહીં, પરંતુ ચેરમેન- મેનેજીંગ ડિરેક્ટરના હોદ્દેદારોને નોટિફિકેશનની જોગવાઇ લાગુ પડશે કે નહીં? તેની સ્પષ્ટતાં પણ નથી. આ સમગ્ર બાબતે ખુલાસા થાય તેવી માગ ઊઠી છે.

# મહિલાઓ માટે ખાસ સુરક્ષા ડ્રાઈવ શરૂઃ અશ્લીલ હરકત બદલ ૪૪ ગુના નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં મહિલાઓ સામે થતી હિંસા, છેડછાડ, શોષણ તથા અન્ય ગુનાઓને અટકાવવાના હેતુથી ડિસેમ્બર મહિના દરમિયાન મહિલા સેલ અને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સંયુક્ત રીતે એક વિશેષ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઇવમાં અશ્લીલ હરકત અને અયોગ્ય વર્તન બદલ ૪૪ ગુના અને ફેન્સી નંબર પ્લેટના ૭૦ ગુના નોંધવામાં આવ્યા છે.

આ વિશેષ ડ્રાઇવના ભાગરૂપે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં અચાનક ચેક પોઇન્ટો ઊભા કરવામાં આવ્યા છે. ચેકિંગ દરમિયાન વાહન તપાસ કરવામાં આવી રહ્યા છે. તેમજ અસામાજિક તત્ત્વો અને અશ્લીલ તથા અયોગ્ય વર્તનમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીથી જાહેર સ્થળોએ શિસ્ત અને કાયદાનો ભય જળવાઈ રહે તેવો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

ડ્રાઇવ દરમિયાન ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૭૦ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૧૦ અને ૧૧૭ હેઠળ કુલ ૪૪ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા અને સંબંધિત આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તપાસ દરમિયાન ૭૦ કરતાં વધુ શંકાસ્પદ ફેન્સી વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બને અને શહેરમાં જાહેર વ્યવસ્થા સુદઢ રહે તે માટે આ વિશેષ ડ્રાઇવ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

# રાજકોટમાં બૅંકના લોકરમાંથી કરોડોનું સોનું ચોરાયું

## ઓડિટમાં ભાંડો ફૂટ્યા બાદ પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં બૅંક લોકરમાં મૂકેલું એક કરોડનું સોનું ગાયબ થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી.

શહેરના ભક્તિનગર સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ ગોંડલ રોડ નજીક ઇન્ડિયન બેંકના સ્ટ્રોંગરૂમમાંથી એક વ્યક્તિના લોન પેટે રાખેલા અંદાજિત એક કરોડ રૂપિયાના સોનાની ભેદી રીતે ચોરી થવાની ઘટના સામે આવી હતી.

મળતી વિગતો અનુસાર, સમગ્ર ઘટના ગત જાન્યુઆરીથી માર્ચના સમયગાળામાં બની હોવાનું જાણવા મળ્યું હતું. માર્ચ મહિનામાં બેંક દ્વારા ઓડિટ કરવામાં આવ્યું ત્યારે શ્યામ શાહ નામની વ્યક્તિના લોકરમાંથી રૂપિયા એક કરોડનું સોનું ગાયબ થયું હોવાની જાણ બૅંકને થઈ હતી. આટલી ગંભીર ઘટનાની જાણકારી હોવા છતાં, બૅંક દ્વારા કોઈ તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહોતી આવી. ત્રણ માસ પહેલા બૅંકના જવાબદાર અધિકારી દ્વારા માત્ર સ્થાનિક પોલીસ મથકમાં એક જાણવાજોગ અરજી કરવામાં આવી હતી. પોલીસે પણ તે સમયે ઘટનાની ગંભીરતા ન રાખતા માત્ર અરજી સ્વીકારી લેવામાં આવી હતી.

આજ દિન સુધી બૅંકના લોકરમાંથી થયેલ સોનાની ચોરીની કોઈ ભાળ ન મળતાં, આખરે ઇન્ડિયન બૅંક દ્વારા સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. 'એ' ડિવિઝન પોલીસે સમગ્ર મામલે ફરિયાદ દાખલ કરીને એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) તપાસ કરાવવાની તજવીજ હાથ ધરી છે. સાથે જ, પોલીસે ઇન્ડિયન બૅંકના ૭ જેટલા કર્મચારીઓને પણ ગાંધીનગર ખાતે એફએસએલ કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે.

# દેશમાં સૌથી વધુ ટૅક્સ વસૂલતા એરપોર્ટમાં અમદાવાદ ત્રીજા સ્થાને; દિલ્હી-મુંબઈ કરતાં વધારે યુઝર ચાર્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુસાફરી કરવી હવે દેશના અન્ય મેટ્રો શહેરોની સરખામણીએ મોંઘી સાબિત થઈ રહી છે. અહેવાલો અનુસાર, અમદાવાદ એરપોર્ટ દેશમાં સૌથી વધુ યુઝર ડેવલપમેન્ટ ફી વસૂલતા એરપોર્ટની યાદીમાં ત્રીજા સ્થાને છે. અમદાવાદથી પ્રસ્થાન કરતા દરેક ડોમેસ્ટિક મુસાફરે ટિકિટ દીઠ રૂ. ૬૦૦ યુડીએફ ચૂકવવી પડે છે, જે બેંગલુરુના રૂ. ૫૫૦ કરતા પણ વધુ છે. હૈદરાબાદ રૂ. ૭૫૦ સાથે આ યાદીમાં પ્રથમ ક્રમે છે, જ્યારે દિલ્હી (રૂ. ૧૨૯) અને મુંબઈ (રૂ. ૧૭૫) જેવા મોટા હબમાં આ ચાર્જ ઘણો ઓછો હોવાથી ત્યાં એરલાઇન્સને ભાડામાં રાહત મળી રહે છે.

વધતા એરપોર્ટ ચાર્જની સાથે મુસાફરો પર બીજી તરફ બેવડો માર પડી રહ્યો છે. અમદાવાદથી સૌથી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ કરતી એરલાઇન ઈન્ડિગોએ તાજેતરમાં તેની ક્ષમતામાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. ડીજીસીએના નિર્દેશો અને અન્ય ટેક્નિકલ કારણોસર સીટોની સંખ્યા ઘટતા ભાડામાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે. નિષ્ણાતોના મતે, જ્યારે સીટો ઓછી હોય ત્યારે એરલાઇન્સ એરપોર્ટ ચાર્જ જેવા વધારાના ખર્ચનો બોજ મુસાફરો પર જ નાખતી હોય છે, જેના કારણે સસ્તી ટિકિટ મળવાની શક્યતા નહિવત્ બની જાય છે.

આમ, ફ્યુઅલ સરચાર્જ અને ડાયનેમિક પ્રાઈસિંગ પહેલા જ અમદાવાદ એરપોર્ટનો હાઈ યુઝર ચાર્જના ભાવ નક્કી કરવામાં મહત્ત્વનું પરિબળ બની રહ્યો છે. આવનારા સમયમાં જો મુસાફરોની સંખ્યા વધશે અને સ્પર્ધા ઘટશે તો અમદાવાદીઓએ હવાઈ મુસાફરી માટે હજુ પણ વધુ ખિસ્સા હળવા કરવા પડશે તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આ ઉપરાંત સ્થાનિક ટ્રાવેલ એજન્સીઓના માલિકોના જણાવ્યા અનુસાર, પીક સીઝન દરમિયાન મુખ્ય મેટ્રો રૂટ પર વન-વે ટિકિટના ભાવ અત્યારથી જ રૂ. ૪,૦૦૦ થી રૂ. ૭,૦૦૦ની વચ્ચે પહોંચી ગયા છે. ફ્લાઈટ્સ રદ થવી અથવા રિશેડ્યુલ થવા જેવી સ્થિતિમાં મુસાફરોએ છેલ્લી ઘડીએ ઊંચા ભાવે ટિકિટ ખરીદવી પડે છે. આ સંજોગોમાં અમદાવાદ એરપોર્ટનો ઊંચો યુડીએફ ચાર્જ મુસાફરોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યો છે. ખાસ કરીને બિઝનેસ અને લેઝર ટ્રાવેલર્સ બંને અત્યારે ટિકિટના આ વધતા દરોથી પ્રભાવિત થઈ રહ્યા છે.

# અમદાવાદ આરટીઓની લાલઆંખઃ ૨૩ મહિનામાં ૨,૩૩૪ ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના રસ્તાઓ પર બેફામ દોડતા વાહનચાલકો અને ટ્રાફિક નિયમોને ઘોળીને પી જનારા લોકો માટે હવે લાલબત્તી સમાન કિસ્સો છે. ટ્રાફિક નિયમોનો ભંગ અને ઈ-ચલણની અવગણના ડ્રાઈવિંગ લાઈસન્સ પર કાયમી પ્રતિબંધનું જોખમ બની શકે છે. અમદાવાદ આરટીઓ દ્વારા છેલ્લા ૨૩ મહિનામાં ટ્રાફિક પોલીસના રિપોર્ટના આધારે કુલ ૨,૩૩૪ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સત્તાવાર આંકડાઓ અનુસાર, લાઈસન્સ સસ્પેન્શનની આ કાર્યવાહી ૩ થી ૬ મહિના સુધીની હોય છે, જે વાહનચાલકોના લાઈસન્સ એકવાર સસ્પેન્ડ થયા બાદ ફરીથી નિયમો તોડતા પકડાય, તેમનું લાઈસન્સ આજીવન રદ થઈ શકે છે. આટલું જ નહીં, રેલવે કે પોલીસ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો લાઈસન્સ કાયમી ધોરણે રદ થાય, તો પાસપોર્ટ કઢાવવામાં કે તેના રિન્યૂઅલમાં પણ ગંભીર અવરોધો ઊભા થઈ શકે છે, જે વિદેશ જવાના સમયે પણ અસર કરી શકે છે.

આ કાર્યવાહી માત્ર અમદાવાદ પૂરતી સીમિત નથી, પરંતુ રાજ્ય બહાર નિયમો તોડનારા અમદાવાદીઓ પણ હવે સકંજામાં આવ્યા છે. અમદાવાદનું લાઈસન્સ ધરાવતા ૨૮૪ વાહનચાલક અન્ય રાજ્યોમાં જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા ઝડપાયા હતા, જ્યારે ગુજરાત બહાર કોઈ નિયમભંગ થાય છે ત્યારે સંબંધિત રાજ્યના અધિકારીઓ તે ચલણ લાઈસન્સ ઈશ્યૂ કરનાર સ્થાનિક આરટીઓને મોકલી આપે છે, જેના આધારે અહીંનો આરટીઓ વિભાગ ચાલક સામે કડક કાર્યવાહી કરે છે.

ચોંકાવનારી વિગત એ છે કે, લગભગ ૧,૬૦૦ જેટલા લાઈસન્સ માત્ર એટલા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા કે ચાલકો સામે ત્રણ કે તેથી વધુ ઈ-ચલણ બાકી હતા. વર્ષ ૨૦૨૪માં લાઈસન્સ સસ્પેન્ડ થવાનો દર છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ રહ્યો છે. આ આકરી કાર્યવાહીથી ટ્રાફિક વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે નિયમો તોડશો તો રસ્તાની સાથે લાઈસન્સ પણ ગુમાવશો.

# ગુજરાતની છબી ખરડનારાઓને જનતાએ નકારી કાઢ્યાઃ ગોરધન ઝડફિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયાએ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના સતત વિજય અને વિરોધ પક્ષોના એજન્ડા અંગે મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપે વર્ષ ૧૯૯૫માં ૧૨૧ બેઠકો અને ત્યારબાદ ૧૯૯૮માં ૧૧૯ બેઠકો સાથે જીત મેળવી હતી. ૧૯૯૫થી અત્યાર સુધીમાં આ સતત સાતમી સરકાર છે, જે દર્શાવે છે કે જનતાનો વિશ્વાસ અવિરત રહ્યો છે.

તેમણે ઉમેર્યું કે વિરોધીઓએ હંમેશાં એવો માહોલ બનાવવાનો પ્રયાસ કર્યો હતો કે તેઓ ગુજરાતમાં નરેન્દ્ર મોદી અને ભાજપને હરાવી શકે છે, પરંતુ જનતાએ દરેક વખતે તેમને નકારી કાઢ્યા હતા. તેમણે વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, વિરોધીઓએ ભાજપને પરાજિત કરવા માટે વારંવાર પાયાવિહોણા આક્ષેપો કર્યા અને ગુજરાતની છબીને ખરડવાના પણ પ્રયત્નો કર્યા હતા. જોકે, ચૂંટણી પૂર્વેની તૈયારીઓ અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી ચૂંટણી રેલીઓ તથા યાત્રાઓના સંકલન દરમિયાન એ સ્પષ્ટ દેખાતું હતું કે લોકોમાં ભાજપ પ્રત્યે ભારે ઉત્સાહ અને રોમાંચ હતો.

રાજકીય વિશ્લેષણ કરતા તેમણે જણાવ્યું કે, ગુજરાતની જનતાએ ભાજપના શાસન અને વિકાસની રાજનીતિને સ્વીકારી છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં મળેલી જીત એ વિરોધીઓના નકારાત્મક નેરેટિવનો જડબાતોડ જવાબ છે. રાજ્યમાં સાતમી વખત સરકાર બનવી એ કોઈ નાનો ફેરફાર નથી, પરંતુ ભાજપની મજબૂત પકડ અને લોકોના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. ■

# અમદાવાદમાં ફિલ્મ 'ધુરંધર'માં બલોચ સમુદાય વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી બદલ ફિલ્મ નિર્માતાને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં રિલીઝ થયેલી બોલિવૂડની ફિલ્મ 'ધુરંધર' તેના વિવાદાસ્પદ સંવાદોને કારણે કાનૂની મુશ્કેલીમાં ફસાઈ છે. ગુજરાત હાઈ કોર્ટના એડવોકેટ નબિલ બલોચે ફિલ્મ નિર્માતા આદિત્ય ધર અને અભિનેતા સંજય દત્તને એક કાનૂની નોટિસ ફટકારી છે. આ નોટિસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ફિલ્મમાં બલોચ સમુદાય માટે અત્યંત અપમાનજનક, અભદ્ર અને અપમાનજનક ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે આ સમુદાયની છબીને વૈશ્વિક સ્તરે ખરડવાનું કામ કરે છે. વિવાદનું મુખ્ય કેન્દ્ર સંજય દત્ત દ્વારા ભજવવામાં આવેલ પાકિસ્તાની પોલીસ ઓફિસર એસપી ચૌધરી અસલમનું પાત્ર અને તેના દ્વારા બોલાયેલો એક સંવાદ છે. ફિલ્મમાં સંજય દત્ત બોલે છે કે, ''તમે મગર પર વિશ્વાસ કરી શકો છો, પણ બલોચ પર નહીં.'' એડવોકેટ બલોચે આ સંવાદ સામે સખત વાંધો ઉઠાવતા જણાવ્યું છે કે, આવા પૂર્વગ્રહયુક્ત શબ્દો દ્વેષપૂર્ણ ભાષણ સમાન છે. નોટિસમાં વધુમાં જણાવાયું છે કે જાણી જોઈને વાપરવામાં આવેલી આવી અભદ્ર ભાષા સામાજિક અસમાનતા અને અસંતોષ પેદા કરે છે, જે ગરિમા અને સન્માનના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. કાનૂની નોટિસ દ્વારા ફિલ્મ નિર્માતાઓ પાસે જાહેરમાં માફી માગવાની માગ કરવામાં આવી છે. ■

# મૃતક અગ્નિવીરની માતાની 'સંપૂર્ણ' લાભો ન આપવા સામેની અરજી પર હાઈ કોર્ટે કેન્દ્રને નોટિસ ફટકારી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે જમ્મુ અને કાશ્મીરમાં ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ પારથી થયેલા ગોળીબારમાં માર્યા ગયેલા અગ્નિવીરની માતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્રનો જવાબ માગ્યો હતો, જેમાં આવા કેસોમાં નિયમિત સૈનિકના પરિવારને મળતા લાભોનો ઇનકાર કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.

જસ્ટિસ રવિન્દ્ર ઘુગેની આગેવાની હેઠળની બેન્ચે અગ્નિવીર મુરલી નાઈકની માતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સંરક્ષણ મંત્રાલયનો જવાબ માગતી નોટિસ જારી કરી હતી અને આ મામલાની સુનાવણી ૧૫ જાન્યુઆરીના રોજ મુલતવી રાખી હતી.

નાઈકની માતા જ્યોતિબાઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે કેન્દ્રની અગ્નિવીર યોજના અગ્નિવીરો (જેમને યોજના હેઠળ ભરતી કરવામાં આવે છે) અને નિયમિત સૈનિકો વચ્ચે ''મનસ્વી'' ભેદભાવ કરે છે. અગ્નિવીર નાઈક, ૯ મેના રોજ જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં ઓપરેશન સિંદૂર વખતે માર્યા ગયા હતા.

એડવોકેટ સંદેશ મોરે, હેમંત ઘડીગાંવકર અને હિતેન્દ્ર ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે અગ્નિવીરો સમાન ફરજો બજાવે છે અને નિયમિત સૈનિકો જેવા જ જોખમોનો સામનો કરે છે, છતાં ટૂંકા ગાળાના ઇન્ડક્શન પ્રોગ્રામ હેઠળ ભરતી કરાયેલા અગ્નિવીરોના પરિવારોને લાંબા ગાળાના પેન્શન અને અન્ય કલ્યાણકારી લાભો મળતા નથી. અરજી મુજબ, શહીદ અગ્નિવીરના પરિવારને લગભગ એક કરોડ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ મળે છે, પરંતુ નિયમિત કૌટુંબિક પેન્શન કે અન્ય કોઈ લાભો મળતા નથી.

અરજીમાં સરકારને સેવા દરમિયાન મૃત્યુ પામેલા અગ્નિવીરોના પરિવારો માટે પેન્શન, સંસ્થાકીય માન્યતા અને કલ્યાણકારી પગલાં સહિત સમાન મરણોત્તર લાભો સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી.

અરજી મુજબ, નાઈકને જૂન ૨૦૨૩માં અગ્નિવીર યોજના હેઠળ ભારતીય સેનામાં ભરતી કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રએ ૨૦૨૨માં આર્મી, નેવી અને એરફોર્સમાં કર્મચારીઓના ટૂંકા ગાળાના સમાવેશ માટે અગ્નિવીર યોજના રજૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય ત્રણેય સેવાઓની વય પ્રોફાઇલ ઘટાડવાનો હતો. આ યોજનામાં ૧૭ અને ૨૧ વર્ષની વય જૂથના અગ્નિવીરોને ચાર વર્ષના સમયગાળા માટે ભરતી કરવાની જોગવાઈ છે જેમાં ૨૫ ટકાને બીજા ૧૫ વર્ષ માટે જાળવી રાખવાની જોગવાઈ છે. (પીટીઆઈ)■

# પૃથ્વી શોએ પોતાની વિરુદ્ધની અરજીને ખોટી અને વાહિયાત ગણાવી

મુંબઈ: ભારતીય ક્રિકેટર પૃથ્વી શોએ મંગળવારે સોશ્યલ મીડિયા પ્રભાવક સપના ગિલ દ્વારા કથિત છેડતી કેસમાં તેની સામે દાખલ કરાયેલી અરજીને વાહિયાત ગણાવી હતી અને તેમની છબી ખરાબ કરવા અને પ્રસિદ્ધિ મેળવવાના ઈરાદાથી દાખલ કરવામાં આવી હોવાનો દાવો કર્યો હતો.

અહીંની એક કોર્ટમાં દાખલ કરાયેલા લેખિત જવાબમાં, શોએ દાવો કર્યો હતો કે ગિલ ૨૦૨૩માં પબમાં થયેલી મારામારીના કેસ બાદ ''વ્યક્તિગત બદલો'' લેવા માટે ''સ્ત્રીત્વનું કાર્ડ'' રમી રહી છે.

ગિલની ફેબ્રુઆરી ૨૦૨૩માં ઉપનગરની એક હૉટેલમાં સેલ્ફી ક્લિક કરવા અંગે થયેલી દલીલ બાદ શો પર થયેલા કથિત હુમલાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી. જામીન મળ્યા પછી, તેણે અંધેરીના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં શો, તેના મિત્ર આશિષ યાદવ અને અન્ય લોકો વિરુદ્ધ છેડતી અને વિનયભંગની ફરિયાદ નોંધાવી, પરંતુ પોલીસે એફઆઈઆર નોંધી નહોતી. ત્યારબાદ ગિલે મેજિસ્ટ્રેટ કોર્ટનો સંપર્ક કર્યો અને પોલીસને એફઆઈઆર નોંધવાનો નિર્દેશ માગ્યો.

મેજિસ્ટ્રેટે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૦૨ હેઠળ પોલીસને પ્રાથમિક તપાસનો આદેશ આપ્યો. આવી તપાસનો હેતુ એ નક્કી કરવાનો હતો કે કેસ આગળ વધારવા માટે પૂરતા કારણો છે કે નહીં. પોલીસે તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે ક્રિકેટર અને તેના મિત્રો સામે કોઈ ગુનો નોંધાતો નથી.

આ આદેશથી નાખુશ થઈને, ગિલે એપ્રિલ ૨૦૨૪માં એડવોકેટ અલી કાશિફ ખાન દ્વારા સેશન્સ કોર્ટ સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી.

ગિલ અનેક વખત જવાબ આપવામાં નિષ્ફળ રહ્યા બાદ, શોએ આખરે મંગળવારે પોતાનો જવાબ દાખલ કર્યો, જેમાં જણાવ્યું હતું કે ગિલ ''વ્યક્તિગત બદલો લેવાના એકમાત્ર ઇરાદાથી સ્ત્રીત્વનું કાર્ડ રમી રહી છે'' અને તેની સામેની એફઆઈઆરનો વિરોધ કરી રહી છે. ■

# સભ્યોને માહિતી પૂરી ન પાડનાર હાઉસિંગ સોસાયટીની આખી મેનેજિંગ કમિટીને હાઇ કોર્ટે ગેરલાયક જાહેર કરી

મુંબઈ: બોમ્બે હાઇ કોર્ટે શુક્રવારે પુણેમાં એક સહકારી હાઉસિંગ સોસાયટીની સમગ્ર મેનેજિંગ કમિટીને પાંચ વર્ષ માટે ગેરલાયક ઠેરવી હતી કારણ કે ડેપ્યુટી રજિસ્ટ્રાર દ્વારા ચોક્કસ આદેશ પસાર કર્યા પછી પણ કેટલાક સભ્યો દ્વારા માંગવામાં આવેલી માહિતી પૂરી પાડવામાં આવી નહોતી. જસ્ટિસ અમિત બોરકરની સિંગલ જજ બેન્ચે મે ૨૦૨૩માં પુણેના વડગાંવ શેરીમાં સ્થિત બ્રહ્મા સનસિટી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરવાના ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી રજિસ્ટ્રાર (ડીડીઆર)ના આદેશને પણ માન્ય રાખ્યો હતો.

મે ૨૦૨૩માં ડિવિઝનલ જોઈન્ટ રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ, પુણે દ્વારા ડીડીઆરના પાંચ વર્ષ માટે ગેરલાયક ઠેરવવા અને સોસાયટીમાં એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરવાના આદેશ સામે સોસાયટીની મેનેજિંગ કમિટીના અગિયાર સભ્યોએ હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

સોસાયટીના એક સભ્યએ મેનેજમેન્ટ કમિટીની બેઠકોની મિનિટ્સ માંગી હતી અને અનેક વિનંતીઓ અને રિમાઇન્ડર્સ છતાં જવાબ ન મળતા, ડીડીઆરનો સંપર્ક કર્યો હતો. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### પાલિકા એક્શન

સામે એક પણ કેસ નોંધવામાં આવ્યો નહોતો.

આચારસંહિતા અમલમાં આવ્યા બાદ પાલિકા પ્રશાસન દ્વારા તેનું પાલન મુંબઈ શહેરમાં ચુસ્ત રીતે થાય તે માટે મંજૂરી વગર ગેરકાયદે રીતે લગાડેલાં હૉર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરને હટાવવાની ઝુંબેશ હાથ ધરી છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના નિર્દેશ અનુસાર મંગળવાર બપોરના ત્રણ વાગ્યા સુધીમાં મુંબઈની હદમાં નિયમોનું ઉલ્લંઘન કરીને લગાડવામાં આવેલાં ૧,૩૨૩ બેનરો, ૨૨૦ પોસ્ટરો, ૨૬૨ કટ-આઉટ હૉર્ડિંગ્સ અને ૨૯૩ ઝંડા દૂર કર્યા હતા.

એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા રાખવા માટે આદર્શ આચારસંહિતાનો અમલ જરૂરી છે. તેનો અમલ થવાની સાથે જ સોમવાર સાંજથી મંગળવાર બપોર સુધીમાં ૨,૧૦૩ રાજકીય જાહેરાતના બોર્ડ, બૅનર્સ, કિઑસ્ક, સ્ટિકર્સ, હૉર્ડિંગ, ધ્વજ, પોસ્ટર તેમ જ દીવાલ પર લાગેલી રાજકીય જાહેરાત સહિતના બોર્ડ હટાવી દેવામાં આવ્યાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુંબઈના મુખ્ય ચોક, મહત્ત્વના રસ્તા, સાર્વજનિક સ્થળ તેમ જ સરકારી બિલ્ડિંગના પરિસરમાં લગાડવામાં આવેલા ગેરકાયદે, નિયમ વિરુદ્ધની જાહેરાતના બોર્ડ, ફ્લેક્સ વગેરે હટાવવાની ઝુંબેશ યુદ્ધના ધોરણે અમલમાં મૂકવામાં આવી છે. આ કાર્યવાહી કરતા સમયે રાજકીય પક્ષ અને પદાધિકારીઓને પાલિકાને સહકાર્ય કરવાનું રહેશે. ચૂંટણી પૂર્ણ થાય નહીં ત્યાં સુધી આચારસંહિતાનો ભંગ થાય તેવી કોઈ જાહેરાત, પોસ્ટર અને હૉર્ડિંગ લગાડવા નહીં.

આ દરમ્યાન થાણે મહાનગરપાલિકા દ્વારા પણ થાણે શહેરમાં આચારસંહિતા બાદ ઠેર ઠેર લાગેલા બેનર, જાહેરાત અને હૉર્ડિંગ્સ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સોમવાર, ૧૫ ડિસેમ્બરના સાંજના ચાર વાગ્યાથી મંગળવાર, ૧૬ ડિસેમ્બરના સાંજના ચાર વાગ્યા સુધીમાં થાણે શહેરમાંથી કુલ ૧,૪૦૪ ગેરકાયદે પોસ્ટર અને બેનરો હટાવવામાં આવ્યા હતા. ■

### ધર્મનિરપેક્ષ મત

વાત આવે ત્યારે અજિત પવાર તેમને સ્વીકાર્ય છે, પરંતુ ચૂંટણી દરમિયાન તેમના પક્ષને કૉંગ્રેસના બિનસાંપ્રદાયિક મતોને વિભાજિત કરવા માટે અલગથી ચૂંટણી લડવા માટે મજબૂર કરવામાં આવે છે. આ એક સુઆયોજિત રાજકીય રણનીતિ છે અને લોકો તેનાથી વાકેફ છે.' ભાજપ પર બેવડા ધોરણનો આરોપ મૂકી તેમણે કહ્યું કે હસન મુશરીફ જેવા નેતાઓને કેબિનેટ પ્રધાન તરીકે સમાવવામાં આવે છે, પરંતુ જ્યારે ચૂંટણી નજીક આવે છે, ત્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પક્ષને ગઠબંધનથી દૂર કરવા માટે નવાબ મલિકનો મુદ્દો ઉઠાવવામાં આવે છે.

મુંબઈ ભાજપના પ્રમુખ અમિત સાટમે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ચૂંટણી માટે એનસીપીના નેતા તરીકે મલિકનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે મુંબઈમાં અજિત પવારની આગેવાની હેઠળના પક્ષ સાથે ભાજપ અને શિવસેનાનો કોઈ સંબંધ રહેશે નહીં. (પીટીઆઈ)■

### મુંબઈ, થાણે,

રાજ્યની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટણી યોજાશે, પરંતુ અસલ લડાઈ મુંબઈની છે, જેણે સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મહારાષ્ટ્રમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સહિત ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે. શિવસેના (૨૦૨૨) અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (૨૦૨૩) વિભાજન પછી આ પ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી છે. ભૂતપૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) અને મનસે ૨૦૨૪ની રાજ્ય ચૂંટણીમાં હારનો સામનો કર્યા પછી એકબીજાની નિકટ આવ્યા છે, જ્યારે કૉંગ્રેસે રાજ ઠાકરેની પાર્ટી સાથે કોઈ જોડાણ નકારી કાઢ્યું છે.

'શિવસેના-યુબીટી અને મનસે વચ્ચે ગઠબંધનની જાહેરાત કરવામાં કોઈ સમસ્યા નથી. બંને ભાઈઓ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે આ જાહેરાત માટે સ્ટેજ પર જોવા મળશે' એવી સ્પષ્ટતા કરી રાઉતે ઉમેર્યું હતું કે /બંને પક્ષ મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી, મીરા ભાયંદર, પુણે અને નાશિક જેવા મોટા શહેરોમાં ચૂંટણી માટે એકત્ર આવશે. (પીટીઆઈ)

### શિવસેના (યુબીટી)ના

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને માત્ર મુંબઈની નગરપાલિકાની ચૂંટણીની ચિંતા છે, રાજ્યના બાકીના વિસ્તારની તેમને નથી પડી.

એકનાથ શિંદેની શિવસેનાના અગ્રણી નેતા શિરસાટે વધુમાં જણાવ્યું હતું કે 'ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ અને એનસીપી સાથે ગઠબંધન કરીને હિન્દુત્વની વિચારધારા છોડી દીધી હતી. તેમણે ક્યારેય પક્ષના કાર્યકરો માટે ચૂંટણી લડી નથી. બધું નિજી સ્વાર્થ માટે કરે છે. શિવસેના (યુબીટી)ના વરિષ્ઠ લોકો આદિત્ય ઠાકરેના નેતૃત્વમાં કામ કરશે કે કેમ એ બાબતે મને શંકા છે. ઉદ્ધવ ઠાકરે (પાલિકા ચૂંટણી માટે) પ્રચાર માટે રાજ્યભરમાં કેટલું ફરશે એ પણ અટકળનો વિષય છે.'

શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના કેન્દ્રીય પ્રધાન અમિત શાહના અંકુશ હેઠળ છે એવા શિવસેનાના સાંસદ સંજય રાઉતના કટાક્ષ પર પ્રતિક્રિયા આપતા શિરસાટે કહ્યું કે શિવસેના રાહુલ ગાંધી અને શરદ પવારના કબજામાં છે. (પીટીઆઈ) ■

### મુંબઈમાં મહાયુતિ

છે' એમ જણાવી શેલારે કહ્યું હતું કે 'અમારું લક્ષ્ય ૧૫૦થી વધુ બેઠકો જીતવાનું છે. મંગળવારે યોજાયેલી મહાયુતિ નેતાઓની બેઠકમાં આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વ્યૂહરચના ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ ચર્ચાને આગળ વધારવા માટે આગામી કેટલાક દિવસોમાં ફરીથી બેઠક કરીશું.'

શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના, શેલારે ટિપ્પણી કરી હતી કે કેટલાક લોકોએ પહેલાથી જ પોસ્ટરો મૂકી પાલિકા ચૂંટણીઓમાં હાર સ્વીકારી લીધી છે. મુંબઈના નાગરિકોએ આગામી મહિને યોજાનારી ચૂંટણીમાં પરિવર્તનને સ્વીકારવાનો નિર્ણય લીધો છે.' શેલારે મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાના દાવાઓને ખોટા ગણાવીને નકારી કાઢ્યા હતા.

શેલારે એનસીપીના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન નવાબ મલિક સાથે કોઈ પણ ગઠબંધનને નકારી કાઢી જણાવ્યું હતું કે 'અમે નવાબ મલિક સાથે કોઈ ગઠબંધન નહીં કરીએ અને મેં આ વાત એનસીપીના નેતાઓને સ્પષ્ટપણે જણાવી દીધી છે.' એનસીપી મહાયુતિ ગઠબંધનનો ઘટક છે જેમાં ભાજપ અને શિવસેનાનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

### મુંબઈના ૧.૦૩ કરોડ

સત્તા મેળવવા માટે ટક્કર આપશે. ૧૫ જાન્યુઆરીના મતદાન અને ૧૬ જાન્યુઆરીના મત ગણતરી થશે.

મુંબઈમાં કુલ ૧.૩ કરોડ મતદારોમાંથી ૫૫,૧૬,૭૦૭ પુરુષ અને ૪૮,૨૬,૫૦૯ મહિલા મતદાર છે, જ્યારે ૧,૦૭૭ અન્ય મતદારો તરીકે નોંધાયેલા છે.

પાલિકાના ડેટા મુજબ ૨૦૧૭ની ચૂંટણી દરમ્યાન મુંબઈમાં ૯૧,૮૦,૪૯૭ મતદારો હતા, જેમાં ૫૦,૩૦,૩૬૩ પુરુષ અને ૪૧,૪૯,૭૫૩ મહિલા મતદાર તો ૩૮૧ અન્ય મતદારો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

પાલિકાના આંકડા મુજબ 'એલ' વોર્ડમાં આવતું પોલિંગ બુથ ૧૬૪માં સૌથી વધુ ૬૨,૯૪૫ મતદાર છે, ત્યારબાદ 'કે-પશ્ચિમ વોર્ડમાં પોલિંગ બુથ ૬૬માં ૬૧,૭૯૯ મતદારો છે.

'એમ-પૂર્વ' વોર્ડમાં પોલિંગ બુથ ૧૪૨માં સૌથી ઓછા ૩૧,૫૭૫ મતદારો છે. ત્યારબાદ 'આર-ઉત્તર' વોર્ડના પોલિંગ બુથ એકમાં ૩૧,૯૧૬ મતદારો છે.

અન્ય ૧,૦૭૭ મતદારોમાં સૌથી વધુ ૨૮૧ મતદાર 'પી-ઉત્તર' વોર્ડ હેઠળ આવતા પોલિંગ બુથ ૩૪માં નોંધાયા છે. એ બાદ 'એન'વોર્ડમાં પોલિંગ બુથ ૧૨૪માં ૧૧૧ મતદારો નોંધાયા છે.

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે સોમવારે મુંબઈ સહિત ૨૯ મ્યુનિસિપલ કૉર્પોરેશન માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

મુંબઈમાં છેલ્લે ૨૦૧૭માં પાલિકાની ચૂંટણી યોજાઈ હતી. એ બાદ છેક નવ વર્ષે ચૂંટણી થઈ રહી છે. પાલિકાના નગરસેવકોનો પાંચ વર્ષનો સમયગાળો સાત માર્ચ, ૨૦૨૨ના રોજ પૂરો થયો હતો, ત્યારથી પાલિકા કમિશનર પ્રશાસક તરીકે મુંબઈ મહાનગરપાલિકાનું રોજિંદું કામકાજ સંભાળી રહ્યા છે.

મુંબઈની સાથે જ થાણે મહાનગરપાલિકાની પણ ૧૫ જાન્યુઆરીએ ચૂંટણી થવાની છે. થાણે મહાનગપાલિકામાં કુલ ૩૩ વોર્ડમાં કુલ મતદારોની સંખ્યા ૧૬,૪૯,૮૬૭ છે, જેમાં પુરુષ મતદારની સંખ્યા ૮,૬૩,૮૭૮ છે. મહિલા મતદારોની સંખ્યા ૭,૮૫,૮૩૦ છે અને અન્ય મતદારોની સંખ્યા ૧૫૯ છે. ૩૩ વોર્ડમાં કુલ ૧૯૪૨ મતદાન કેન્દ્ર હશે. ■

### ભાજપ-શિંદે

૨૦૧૭ની ચૂંટણીમાં સંયુક્ત શિવસેનાએ ૮૪ બેઠક જીતી હતી. એ બાદ અન્ય પક્ષના નગરસેવકો શિવસેનામાં જોડતા પક્ષનું સંખ્યબળ ૯૯ થઈ ગયું હતું. આમાંથી અત્યાર સુધી ૪૭ નગરસેવકો શિંદેની સેનામાં જોડાઈ ગયા છે. તો ઉદ્ધવ ઠાકરે પાસે હજી પણ બાવન નગરસેવક બચ્યા છે. શિવસેનામાં ભંગાણ પડયા બાદ શિંદેની સેનામાં ૪૭ ભૂતપૂર્વ નગરસેવકો જોડાઈ ગયા હતા અને નગરસેવકોના બળ પર જ શિંદેસેના આગામી ચૂંટણી માટે ૧૨૫ સીટ પરથી ચૂંટણી લડવા માગે છે. જોકે ભાજપે શિંદે સેનાને ફકત બાવન બેઠક આપવાની તૈયારી બતાવી હોવાનું કહેવાય છે. ભાજપે શિંદે સેનાને બાવન બેઠકની ઓફર કરી છે. તેથી શિંદેસેના નારાજ થઈ ગઈ છે. ૨૦૧૨ અને ૨૦૦૭માં જીતેલા નગરસેવકોને ધ્યાનમાં રાખીને શિંદેસેના પાસે લગભગ ૧૦૦ ભૂતપૂર્વ નગરસેવકોની ફોજ છે. આ તમામ લોકોને ટિકિટ આપવા માટે શિંદેને ૧૨૫ બેઠકની આવશ્યકતા છે પણ ભાજપે માત્ર બાવન સીટની ઓફર કરતા શિંદેસેના નારાજ થઈ ગઈ છે. મુંબઈમાં હજી પણ મરાઠી માણુસના મનમાં ઉદ્ધવ ઠાકરે હોવાનું માનવામાં આવે છે. ગઈ વિધાનસભાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેએ માત્ર ૨૦ બેઠકો જીતી હતી, તેમાંથી ૧૦ સીટ મુંબઈમાં છે. શહેરમાં ઠાકરેના ત્રણ સાંસદ છે. તેથી મુંબઈમાં ઠાકરેની તાકાત નોંધપાત્ર ગણાય છે. તો તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેનો મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ઉદ્ધવ ઠાકરેની સેના સાથે યુતિ કરવાની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેથી મુંબઈમાં તેમની તાકાત વધશે એવું માનવામાં આવે છે. તેથી આ વર્ષની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી અદભુત રહેવાની શક્યતા છે. ■

## હિન્દુ મરણ

રાજકોટ ગીતાબેન ભરતભાઈ દુધરેજીયા (મોચી મંદિર) તા. ૧૫-૧૨-૨૫, સોમવારના રોજ રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૧૨-૨૫, ગુરુવારના સાંજે ૪ થી ૬. ઠે. નીલકંઠ ટોકીઝ સામેની શેરી, આનંદ નગર કોલોની કવાટર, એલ-૧૭/ સંત કુટીર.

**દશા સોરઠિયા વણિક**

મુંબઈ નિવાસી અ. સૌ. લતાબેન શાહ (ઉં.વ. ૮૪) તે અમૃતલાલ પ્રેમચંદ શાહના ધર્મપત્ની. સ્વ. ગુલાબબેન અને સ્વ. મગનલાલ સાંગાણીના પુત્રી. ચેતન, પરેશના માતા. નિશાના સાસુ. હરકિશનદાસભાઈ, નાથાલાલભાઈ સાંગાણી, માનવટી શાંતિલાલ ગગલાનીની બેન. રોહન, જયના દાદી ગુરુવાર, તા. ૧૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

મહેન્દ્ર ચીખલ તે સ્વ. શાંતિબાઈ તથા સ્વ. ભગવાનદાસ મથુરાદાસ ચીખલના પુત્ર. નયનાબેનના પતિ. સૌ. આશા આશિષ આઈલસિંઘાનીના પિતા. સ્વ. નિર્મલા તથા સ્વ. ભગવાનદાસ જમનાદાસ મોરપરીયાના જમાઈ. સ્વ. ધરમસીભાઈ, સૌ. મંજુલા લલિતકુમાર ચાંપસી, સ્વ. હરેશભાઈના ભાઈ તા. ૧૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૫ના સાંજે ૪.૩૦ થી ૬ જૂની હાલાઈ ભાટિયા મહાજન વાડી (એસી હોલ), કાબલાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લાઠીવાળા સ્વ. હીરાલક્ષ્મી વસંતરાય સંઘવીના પુત્ર સ્વ. પ્રદિપભાઈના ધર્મપત્ની વાસંતીબેન (ઉં.વ. ૭૮) તે જિજ્ઞેશ તથા મિથુનના માતાશ્રી. અ.સૌ. કાજલ તથા રાધીકાના સાસુ. તે ગં. સ્વ. કાંતાલક્ષ્મી રમેશભાઈ સંઘવી, નીશા રાજેન સંઘવી, મૃદુલાબેન પ્રદિપકુમાર મહેતા, સ્વ. ઉષાબેન નંદકિશોર દવે તથા જયશ્રીબેન દિનેશકુમાર દલાલના ભાભી. તે ડેડાણવાળા નરોત્તમદાસ હરજીવનદાસ ગોરડીયાના દીકરી તા. ૧૫-૧૨-૨૫ને સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૧૮-૧૨-૨૫ને ગુરુવારના ૪થી ૬. ઠે. પાવનધામ, એમ સી એ ક્લબ પાસે, મહાવીરનગર, કાંદિવલી (વે.). સ્વર્ગસ્થ દેહદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ બોરીવલી, પદમાબેન જીતેન્દ્રભાઈ દોશીના પુત્રવધૂ પ્રીતિ તે પિયુષના ધર્મપત્ની (ઉં. વ. ૫૭) તે દેવાંશના માતા તથા સ્વ. નિખિલના ભાભી. તે કળાબેન મનસુખલાલ મોદીના પુત્રી. દિપક તથા અલ્પેશના બેન રવિવાર, તા. ૧૪-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યાં છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૫ના ૪થી ૬. ઠે. શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

મહુવાવાળા સ્વ. નંદલાલ માધવજી મહેતાના સુપુત્ર સ્વ. ગુણવંતરાયના ધર્મપત્ની ગં. સ્વ. હેમલતા હાલ હૈદરાબાદ, નીરવ, પ્રિતીના માતુશ્રી. સ્વ. દમયંતિબેન, ડૉ. હરેન્દ્ર, બકુલાબેન, ડોલરબેન, હેમલતાબેન, અશોકના ભાભી. તે વિઠ્ઠલદાસ રવજી મહેતાના પુત્રી. નીશા નીરવ મહેતાના સાસુ તા. ૪-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

**ચોરતર રૂખી સમાજ**

ગામ સંતોકપુરા હાલ મુંબઈ, સ્વ. નરેશ પુરુષોત્તમ સોલંકી (ઉં.વ. ૫૮) તા. ૧૪-૧૨-૨૫, રવિવાર (દેવલોક) પામેલ છે. ઈન્દુબેનના પતિ. જયેશભાઈના પિતા. ચાંદનીબેનના સસરા. કામિની શીલા દક્ષાના પિતા. શોભા, મંજુલા, કમળા, ચંદુ રાજેશ ધનેરા, અનિલના ભાઈ. ગામ પીપળોઈના જમાઈ. સુતક સુવાડા તા. ૧૮-૧૨-૨૫ને ગુરુવારના દિવસે. ઠે. બી-વિંગ, રૂમ નં. ૬૦૮, એકતા હાઉસિંગ સોસાયટી, બીએમસી કોલોની, એમ.જી. ક્રોસ રોડ ૧, સાંઈનગર, કાંદિવલી (વેસ્ટ).

**ભાવનગરી મોચી**

ગામ થળસર હાલ બોરીવલી, સ્વ. ગણપતભાઈ પાચાંભાઈ મકવાણાના ધર્મપત્ની ઈન્દુબેન ગણપતભાઈ મકવાણા (ઉં.વ. ૭૨) તા. ૧૪-૧૨-૨૫ને રવિવારના અક્ષરવાસી થયેલ છે. રાજેશભાઈ, આશાબેન, દિપકભાઈના માતુશ્રી. અનીતાબેન, પ્રિતીબેન, રાજેશકુમારના સાસુ. મીતલ, વિવેક, નીલ, તનીષાના દાદી. ફાલ્ગુની, ધ્રુવિના નાની. કરદેજવાળા સ્વ. રાઘવભાઈ લક્ષ્મણભાઈ સરવૈયાના દીકરી. તેમની પ્રાર્થનાસભા લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, ૫થી ૭, કાર્ટર રોડ નં. ૩, તા. ૧૮-૧૨-૨૫ બોરીવલી (ઈસ્ટ).

**ભાવનગરી મોચી**

ગામ હમીરપરા હાલ મલાડ, રમેશભાઈ ભીખાભાઈ સોલંકી (ઉં.વ. ૬૩) તા. ૧૪-૧૨-૨૫ને રવિવારના રામચરણ પામ્યા છે. મધુબેનના પતિ, નિતેષ, અક્ષય, નીશાબેન, કિકાબેનના પિતાશ્રી. સ્વ. ચીથરભાઈ મનુભાઈના ભાઈ. યોગેશકુમાર, મનીષકુમારના સસરા. દિહોરવાળા સ્વ. ધરમશીભાઈ વેલજીભાઈ ગોહિલના જમાઈ. વિશાલ, યોગેશના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૨-૨૫ને ગુરુવારે ૪થી ૬. ઠે. લક્ષ્મીનારાયણ મંદિર, કાઠિયાવાડી ચોક, મલાડ (ઈસ્ટ). તેમની ઉત્તરક્રિયા તા. ૨૫-૧૨-૨૫ને ગુરવારે લક્ષ્મીનારાયણ મંદિરે રાખેલ છે.

**લુહાર સુથાર**

અ.સૌ. લલિતાબેન પ્રવીણભાઈ કવા (ઉં. વ. ૭૬) મૂળ ગામ માંગરોળ હાલ કાંદિવલી, તે ૧૪/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રમેશભાઈ, લલિતભાઈ, ગં.સ્વ. જ્યોતિબેન, જયશ્રીબેન, રાજેશ્વરીબેનના માતુશ્રી. ફાલ્ગુનીબેન, સ્વ. નરેશભાઈ, હર્ષદભાઈ, ભાવેશભાઈના સાસુ. જીગર, સલોની, ક્રિષ્નાના દાદી. જયસુખભાઇ ખીમચંદભાઈના ભાઈના પત્ની. ગામ વેરાવળવાળા સ્વ. ડોસાભાઈ દેવકણ ડોડીયા તથા સ્વ. અવલબેનના દીકરી. પ્રાર્થનાસભા ૧૮/૧૨/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

રાયગઢ નિવાસી હાલ મુંબઈ, રમેશચંદ્ર અંબાલાલ જોષી (ઉં. વ. ૭૯) વિનોદિનીબેનના પતિ. સ્વ. અંબાલાલ જોષી તથા સ્વ. મણીબેનના સુપુત્ર. સ્વ. પુનમલાલ ભટ્ટ તથા સ્વ. શાંતાબેનના જમાઈ. સ્વ. મહેન્દ્ર અંબાલાલ જોષી, હંસા મનુપ્રસાદ ભટ્ટ, ઇન્દિરા પદ્મનાભ ભટ્ટ, અન્નપૂર્ણા શરદકુમાર ભટ્ટ, પ્રદ્યુમ્ન અંબાલાલ જોષીના ભાઈ. સંજય, ભાર્ગવી તથા ચિંતનના પિતા. તા. ૧૩/૧૨/૨૫ શનિવારના શ્રીએકલિંગજીની શરણે પધાર્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮/૧૨/૨૫ના ગુરુવાર ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ: પેહલા માળે, બ્રાહ્મણ સમાજ હોલ, જોષી લેન, રામજી આશર સ્કૂલની સામે, ઘાટકોપર ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

અ.સૌ. ભારતીબેન ભરતકુમાર રૂપારેલ (ઉં. વ. ૬૯) ગામ વર્ષા મેડી, હાલ ઘાટકોપર, તા. ૧૩/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ભરતભાઈ હંસરાજ રૂપારેલના ધર્મપત્ની, સ્વ. રાજેશભાઈ તથા શ્રી ભાવેશભાઈ રૂપારેલના ભાભી. રૂષી તથા શ્રદ્ધા કિરણ શાહના માતૃશ્રી. ભાવિશા તથા કિરણ શાહના સાસુ. સ્વ.રામજી લીલાધર ખીયા( ધીરાવાણી)ના સુપુત્રી. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૬/૧૨/૨૦૨૫ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦. સ્થળ: લાયન્સ ક્લબ ઓફ ઘાટકોપર, પ્લોટ ઈ-૧૩, ગારોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર હાલ ઘાટકોપર, કિશોરભાઇ અદ્દાસની (ઉં. વ. ૭૦) તે સ્વ. મોનજી કુંવરજી અદ્દાસનીના પુત્ર તા. ૧૫-૧૨-૨૫ના અવસાન થયેલ છે. તે સ્વ. ઉષાબેન અને ગં.સ્વ. જયશ્રીબેનના પતિ. દીપા રાકેશ પંડ્યાના પિતાશ્રી. સ્વ. ભગવાનજી, સ્વ. પ્રભુદાસ, સ્વ. શાંતાબેન, સ્વ. હીરાબેન, સ્વ. દેવયાનીબેન તથા અ.સૌ. રેખાબેન અને નીતિનભાઇના ભાઇ. સ્વ. મંગલજી સુંદરજી અને સ્વ. ડુંગરશી મનજીભાઇ, સ્વ. કાન્તાબેન મંગળજી આથાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૧૨-૨૫ને બુધવારે ૪ થી ૬. શ્રી સ્વામિનારાયણ મંદિર, સરીતા પાર્ક, ગારોડિયા નગર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

હરીશ (ઉં. વ. ૭૭) તે સ્વ. ભાનુબેન તથા સ્વ. નલિનકાંત હંસરાજ લીલાણીના પુત્ર. કલ્પનાના પતિ. સ્વ. ગુણીબેન આનંદકુમાર સંપટના જમાઈ. નીલ અને અંજલિના પિતા. નીલા/વિજય, સ્વ. જયશ્રી/અજીત તથા સ્વ. શૈલેષ/હિમાના ભાઈ. તા. ૧૩-૧૨-૨૫ના ફિલાડેલ્ફિયા, અમેરિકામાં સ્વર્ગસ્થ પામ્યા છે. ઉઠમણાંની ક્રિયા રાખી નથી.

## પારસી મરણ

પરીઝાદ મેકી પીઠાવાલા તે મેકી પેસતનજી પીઠાવાલાના ધનયાની. તે મરહૂમો ધન તથા મરહૂમો ગૂસતાદજી પટેલના દીકરી. તે આરાદીનના માતાજી. તે પરસી પટેલના બહેન. તે રૂશાદના ફૂઈ. તે મરહૂમો બાલામાય તથા મરહૂમો પેસતનજી પીઠાવાલાના વહુ. તે મરહૂમો કેશમીરા પટેલના નરંદ. (ઉં.વ. ૬૫). ઠે. ૭૨૫, ખોરશેદ મહલ, ૧લે માળે, પારસી કોલોની, ડૉ. દીનશાહ માસ્તર રોડ, દાદર પૂર્વ, મુંબઈ-૪૦૦ ૦૧૪. ઉઠમણાની ક્રિયા તા. ૧૭-૧૨-૨૫ને બપોરે ૦૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

ખોરશેદ હોમી સાસુરી તે મરહૂમ હોમી રૂસ્તમજી સાસુરીના વિધવા. તે મરહૂમો બાનુબાઈ તથા ધનજીશાહ મિસ્ત્રીના દીકરી. તે પરસી હોમી સાસુરીના મમ્મી. તે તુશ્નામયતી પરસી સાસુરીના સાસુ. તે મરહૂમો અદી, દાલી, કેકી, નવલ, શાપુર, જહાંગીર ને વીલુના બહેન. તે રૂઝાન પરસી સાસુરી ને પેટેરાસ્પ પરસી સાસુરીના બપયજી. (ઉં.વ. ૯૪). ઠે. એસ-૫, ગોદરેજ બાગ, ઓફ નેપયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૬. ઉઠમણાની ક્રિયા તા. ૧૮-૧૨-૨૫ને બપોરે ૦૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

## મુસ્લિમ મરણ

**દાઉદી-વ્હોરા**

ફખરુદ્દીનભાઈ અકબરઅલી પેટીવાળા (ઉં.વ. ૮૪) તે મ. અકબરઅલી કાદરભાઈના ફરઝંદ. બાનુબેનના શોહર. અબ્બાસભાઈ પેટીવાળા- ફેમીદાબેન- શમીમબેન- જુમાનાબેનના બાવાજી. મ. મહમદઅલી - મ. સૈફુદ્દીનભાઈ - મ. અસ્માબેન - મ. બતુલબેનના ભાઈ તા. ૧૫-૧૨-૨૫ને સોમવારના ખુદાતઆલાની રહેમતમાં પહોંચ્યા છે. મરહુમના જિયારત (સુયુમ)ના સિપારા તા. ૧૭-૧૨-૨૫ને બુધવારના ૧૧.૦૦ કલાકે. કલીમી: મસ્જીદ, સૈફી સોસાયટી, તંબોલી નળ, મહુવા મુકામે રાખેલ છે. વેપારી ભાઈઓનું બેસણું તા. ૧૭-૧૨-૨૫ને બુધવારે ૪થી ૫.૩૦ તેમના મકાને (હૈદરી સોસાયટી - નવા જાપા, હુસૈની કુવા પાસે) રાખેલ છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અ.સૌ. મયુરી શાહ હાલ વિદ્યાવિહાર તે શરદ શાહના પત્ની. સ્વ. જયાબેન નાથાલાલ શાહ (સાવરકુંડલા)ના પુત્રવધૂ. સ્વ. ચંદ્રિકા ઝવેરી, અનુપમા, સ્મિતા, પારુલ અજય દોશી, મનાલી ઓજસ શાહના ભાભી. તે માતૃપક્ષે સ્વ. લતાબેન કાંતિલાલ કોટીચાના પુત્રી. તે નલીનભાઈ, જયશ્રી, જયુપીઠા, સ્વ. ફાલ્ગુની, નીતાના બહેન. જ્યોતિના નણંદ તા. ૧૪-૧૨-૨૫ના અરિહંતશરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. શારદાબેન વસંતલાલ મગીયાના સુપુત્ર સતીશભાઈ (ઉં. વ. ૭૬) તેઓ રેખાબેનના પતિ. ચંદ્રિકાબેન ગિરીશભાઈ મહેતા, અનિલભાઈ, પરેશભાઈના ભાઈ. દર્શિત-વિરલ અને તેજસ-પૂજાના પિતા. દ્રષ્ટિ અને મીરના દાદા. સ્વ. છોટાલાલ પ્રભુદાસ ભાયાણીના જમાઈ સોમવારે તા. ૧૫-૧૨-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૧૨-૨૦૨૫, ગુરુવાર, પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), સવારે ૧૦ થી ૧૨.

**વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું જૈન**

મહેન્દ્રભાઈ સૌભાગ્યચંદ મોહનલાલ શાહ (ઉં. વ. ૭૭) મુળ વતન - ચાણસ્મા હાલ - બોરીવલી, તે નિરંજનાબેનના પતિ. તુષાર, પૂનમ, ભૌમિકના પિતાશ્રી. વિપુલકુમાર, લીના, ભાવિનીના સસરા. પ્રવિણભાઈ, અરવિંદભાઈ, જયેશભાઈ અને અનિલભાઈ, સ્વ. જ્યોત્સનાબેન રમેશકુમાર, ભાનુબેન જિતેન્દ્રકુમાર, ભદ્રાબેન વસંતકુમારના ભાઈ. સસરાપક્ષે દ્રહીબેન ચંદુલાલ દ્રહ્યાચંદ શાહના જમાઈ. મંગળવાર, તા. ૧૬/૧૨/૨૫ને અરિહંતશરણ થયેલ છે. તેમની સાદડી ૧૭-૧૨-૨૫ના ૩ થી ૪:૩૦. સ્થળ: કચ્છી કડવા પાટીદાર વાડી, રતનનગર, બોરીવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના મુલચંદ (મીઠુભાઇ) રણશી ગડા (ઉં. વ. ૯૨) તા. ૧૨/૧૨/૨૫ના અરિહંતશરણ થયેલ છે. લાડબાઇ રણશી રતનશીના સુપુત્ર. ભગવતી (બેબીબેન)ના પતિ. માણેક, સુમન, રેખાના પિતા. ખેરાજ રણશીના ભાઇ. મેરાઉના મણીબેન જેઠાભાઇ મામણીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. માણેક મુલચંદ ગડા, ૐ ચિરાગ એ/૧૦૨, છેડા પાર્ક, લોટસ, આચોલે તળાવ, નાલાસોપારા (ઇસ્ટ).

રાયધણજરના રાહુલ વિસરીયા (ઉં. વ.૪૯) તા. ૧૫-૧૨-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વિસનજીના પુત્ર. જસ્મીનના પતિ. સામીયા, પ્રીશાના પિતા. વિનોદ, મનિષા, અંજલીના ભાઈ. રસિકબાલા સી.એ. કિરીટ ગડાના જમાઈ. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. પ્રા. ધ પેલેસ બેંકવેટ્સ, વિકાસ સેન્ટર, એન. એસ. રોડ, મુલુંડ (વે), ટા. ૪ થી ૫.૩૦.

સાડાઉના ઉર્મિલાબેન નાગશી દેઢિયા (ઉં. વ. ૭૭) તા. ૧૪-૧૨-૨૦૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. નાગશી હીરજીના ધર્મપત્ની. હીરબાઈ હીરજી રતનશીના પુત્રવધૂ. રીના, મનીષ, જયેશના માતુશ્રી. સમાઘોઘાના નિર્મળાબેન છગનલાલ મેઘજી વોરાના સુપુત્રી. સ્વ. પ્રવિણ, વિરેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રીના નિલેશ છેડા : ૧૧૦૨, હિમાંશુ રેસીડન્સી, ચામુંડા સર્કલ, બોરીવલી-વે.

મોટી ઉનડોઠના હંસરાજ વેલજી ગાલા (ઉં. વ. ૮૫) તા. ૧૪/૧૨ના અવસાન પામ્યા છે. ધનબાઈ વેલજી મુરજીના સુપુત્ર. દેવકાબેનના પતિ. અનીલ, રક્ષા, શીલાના પિતાશ્રી. હીરાલાલ, મણીલાલ, વિસનજી, અમૃતલાલ, ધીરજ, શાંતિલાલના ભાઈ. નરેડીના રતનબેન નેણશી ભીમશી નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અનીલ ગાલા : ૧૨૦૨, સત્યમ હાર્મોની, પ્લોટ-૨૯. સેક્ટર-૯, કોપર ખૈરણે-૪૦૦૭૦૯.

**શ્રી વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ જૈન**

ચાણસ્મા નિવાસી હાલ મલાડ, સ્વ. તેજપાળભાઈ અમરતલાલ શાહ (ઉં. વ. ૮૨) તે ઇન્દીરાબેનના પતિ. કેતકી (ચકુ) ના પિતા. જયેશકુમારના સસરા. કૈશલ તથા દર્શલના નાના. અમરતલાલ શિવલાલના પુત્ર. સાસરાપક્ષે ચંદુલાલ મોહનલાલ શાહના જમાઈ ૧૬/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા ૧૭/૧૨/૨૫ના ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન ઉપાશ્રય, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

હળવદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હર્ષદભાઈ નગીનદાસ કોઠારીના પત્ની નીલાબેન હર્ષદભાઈ (ઉં.વ. ૭૦) તા. ૧૬-૧૨-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નગીનદાસ - સ્વ. મંજુલાબેન કોઠારીના પુત્રવધૂ. ભૂપેન્દ્રભાઈના ભાભી. સ્વ. મુગટલાલ - સ્વ. ચંદ્રકાન્તબેન વોરાના પુત્રી. સમીર અને સ્વીટીના મમ્મી. હેમા કોઠારી, સંતોષ મોડસિંગના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.: બિલ્ડીંગ નં. ૬૩, ફ્લેટ નં. ૧૮૬૩, ગ્રાઉન્ડ ફ્લોર, આદિત્ય કો. હાઉસિંગ સોસાયટી, રેશનિંગ ઓફિસની બાજુમાં, પોસ્ટ ઓફિસ પાસે, પંત નગર ગાર્ડનની સામે, પંત નગર, ઘાટકોપર ઈસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના કરમાબેન પરબત મણસી મુરાભાઈ સાવલાના પુત્રવધૂ જવેર (ઉં.વ. ૭૫) સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. તે હરિલાલના પત્ની. સામખીયારીના ગોમતીબેન બચુભાઈ ખીમજી નીસરના પુત્રી. રાહુલ, જલ્પા, જીજ્ઞાના માતુશ્રી. વંદના, નિલેશ, અશ્વિનના સાસુ. દેશના, ધેયાંશીના દાદી. પ્રાર્થના ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૫ના સવારે ૧૦ થી ૧૧.૩૦. સ્થળ: વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાવંતી નગીનદાસ દોશીના પુત્ર મહેશભાઈ (ઉં.વ. ૭૮) તે સ્વ. હંસાબેનના પતિ. ભાનુબેન, સ્વ. જયાબેન, સ્મિતાબેન, શૈલેષભાઈના ભાઈ. હીરાલક્ષ્મીબેન પ્રાણલાલ મહેતાના જમાઈ. અમિત, અલ્પા, મેઘના, ધર્મેશકુમારના પિતાશ્રી/સસરા. આરવ, ગિનીકા, નીત, ઈશાની, લીશીના દાદા/નાના સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

કવર સ્ટોરી_

નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## ટ્રમ્પને હવે 'ચોખા' નડ્યા! ભારતને શો ફેર પડશે?

**વિશ્વમાં ચોખાનો સૌથી મોટો નિકાસકાર દેશ ભારત છે અને અમેરિકાની આયાતનો હિસ્સો ખૂબ જ નાનો છે. હાલમાં જ જાહેર થયેલા ડેટા અનુસાર ભારતની અમેરિકા ખાતેની કુલ નિકાસમાં લગભગ વીસ ટકા વધારો થયો છે. આ જોતાં જો ભારતીય ચોખા પર ટૅરિફ લદાય તો પણ તે અમેરિકન પ્રજા માટે મોંઘવારી નોતરનાર પગલું બની શકે પણ ભારતીય ખેડૂતો માટે આ કોઇ ચિંતાનો વિષય નથી**



'પેટમાં તેલ રેડાવું,' જાણીતી ઉક્તિ છે. એ જ રીતે 'પેટમાં ચોખા પડવા', એ શબ્દપ્રયોગ પણ છે, જે યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે યાદ અપાવ્યો છે. અમેરિકા અને ભારતના વ્યાપાર સોદામાં સરકાર તરફથી મહિનાઓથી 'ટૂંક સમય'નો આલાપ ચાલે છે, પરંતુ કોઇ અંતિમ સૂર સંભળાતો નથી, જેનું એક કારણ અમેરિકાની આડોડાઇ છે. ટ્રમ્પ વાસ્તવમાં ખેડૂત વોટબેન્કને રાજી કરવા અથવા તેઓ નારાજ ના થાય એ માટે આ બધા ધમપછાડા કરી રહ્યા છે. વાત મકાઇની હોય કે મિલ્કની, કે હવે ચોખાની! અમેરિકાની દાનત ભારતીય કૃષિ ક્ષેત્રને નુકસાન પહોંચાડવાની છે. મકાઇ અને મત બેન્ક વિશે આપણે પાછલા લેખોમાં ચર્ચા કરી ચૂક્યા છીએ, આજે ચોખાનો વઘાર કરીએ.

સૌથી પહેલા જાણી લઇએ કે, ભારત ચોખાની વૈશ્વિક નિકાસમાં ટોચનું સ્થાન ધરાવે છે, ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં લગભગ ૧૯૮.૬૫ લાખ ટન (આશરે ૧૯.૮૬ મિલિયન ટન) ચોખાનું શિપિંગ કર્યું છે. નિકાસ બાસ્કેટમાં બાસમતી અને પ્રીમિયમ એરોમેટિક ચોખા ઉપરાંત પારબોઇલ્ડ, નોનબાસમતી વ્હાઇટ, બ્રોકન અને અન્ય જાતોનો સમાવેશ થાય છે, જે ક્ષેત્રની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. મૂલ્યની દ્રષ્ટિએ, આ નિકાસ ૧૨.૯૫ અબજ ડૉલરને વટાવી ગઈ છે, જે ભારતને વિશ્વમાં સૌથી મોટા ચોખા નિકાસકાર તરીકે સ્થાન આપે છે.

ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ચોખાની આયાત પર નવા ટૅરિફના સંકેતથી ભારતીય બજારોમાં ભારે આંચકો લાગ્યો હતો, જેના કારણે શેરબજારમાં રાઇસ સ્ટોકના ભાવમાં ઘટાડો પણ જોવા મળ્યો હતો. આમ જોવા જઇએ તો ભારત માટે અમેરિકા એક નાનું નિકાસ બજાર છે, પરંતુ આ પગલું આગામી દ્વિપક્ષીય વાટાઘાટો પહેલા સંભવિત ઘર્ષણનો સંકેત આપે છે.

નોંધવું રહ્યું કે, ચોખા સંદર્ભે ભારતની વૈશ્વિક નિકાસ સ્થિતિ આવા વિક્ષેપો સામે મજબૂત સ્થિતિસ્થાપકતા પૂરી પાડે છે. ભારતીય ચોખા પર યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નિવેદનને કારણે અર્થનિષ્ણાતોએ આશ્ચર્ય અનુભવ્યું હતું અને એ વખતે તેની અસર શેરબજારમાં રાઇસ એક્સપોર્ટીંગ કંપનીઓના શેર પર પણ જોવા મળી હતી.

ટ્રમ્પ દ્વારા ભારતીય ચોખાની આયાત પર બીજા રાઉન્ડના ટેરિફની શક્યતાનો સંકેત અપાવાથી, રોકાણકારોને ભારતીય ચોખા માટે અમેરિકન બજારમાં વિક્ષેપની આશંકા જાગતા કોહિનૂર ફૂડ્સ, એલટી ફૂડ્સ, કેઆરબીએલ અને ચમન લાલ સેટિયા એક્સપોર્ટ્સના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

વ્હાઇટ હાઉસની બેઠકમાં ટ્રમ્પે એવો પ્રશ્ન કર્યો કે ભારતને વધારાની ડ્યૂટીનો સામનો કર્યા વિના યુનાઇટેડ સ્ટેટ્સમાં મોટા પ્રમાણમાં ચોખા મોકલવાની 'મંજૂરી' કેમ આપવામાં આવી છે? ભારતીય ચોખાના શિપમેન્ટને ડમ્પિંગ ગણાવી એવું સૂચવ્યું કે નવા ટેરિફ ટેબલમાં ભારતીય ચોખા મૂકાઇ શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'તેઓ એવું કરી ના શકે! (ભારતીયો અમેરિકામાં ચોખાનું ડમ્પિંગ ના કરી શકે!)... તેમણે ડમ્પિંગ ન કરવું જોઈએ. અમેરિકન ખેડૂતો લાંબા સમયથી ભારત, વિયેતનામ અને થાઇલેન્ડ જેવા દેશોમાંથી આયાતને કારણે ભાવમાં ઘટાડો થવાની ફરિયાદ કરી રહ્યા છે.

ભારતમાં તાત્કાલિક બજાર પ્રતિક્રિયા નકારાત્મક રહી હતી, ખાસ કરીને બાસમતી ચોખાની નિકાસમાં સંકળાયેલી કંપનીઓના શેરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રમ્પની ટિપ્પણી અમેરિકન ખેડૂતો માટે ૧૨ બિલિયન ડૉલરના સપોર્ટ પેકેજના લોન્ચ સાથે સુસંગત હતી, જે સ્થાનિક કૃષિને કથિત વિદેશી સ્પર્ધાથી બચાવવાની તેમની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

અમેરિકા ભારતના ચોખા નિકાસ બજારનો માત્ર એક નાનો હિસ્સો હોવા છતાં વધારાના ટેરિફના ભયથી નિકાસકારો અને રોકાણકારો બંને માટે અનિશ્ચિતતા ઊભી થઈ છે. અમેરિકાએ પહેલી ઓગસ્ટથી ભારતીય માલ પર ૨૫ ટકા ટૅરિફ લાદ્યો હતો, ત્યારબાદ ભારત દ્વારા રશિયન ઓઇલની સતત ખરીદીને ટાંકીને ૨૫ ટકાનો વધારાનો ઠોકી દેવામાં આવ્યો હતો. ટ્રમ્પે તાજેતરમાં મજબૂરીમાં અમેરિકાના વધતા ભાવોનો ઉકેલ લાવવા માટે ભારતમાંથી આયાત થતાં તેજાના અને ચા સહિત ઘણી ખાદ્ય ચીજો પર ટૅરિફ ઘટાડ્યા હતા. જોકે, ટેરિફ ઘટાડાની યાદીમાં બાસમતી ચોખાનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો.

મજબૂત ચોમાસા, બિન-બાસમતી જાતો પર નિકાસ પ્રતિબંધો દૂર કરવા અને વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક ભાવ નક્કી કરવાની દેશની ક્ષમતાને કારણે આ ક્ષેત્રના વિકાસને વેગ મળ્યો છે. ભારત વૈશ્વિક ચોખાની નિકાસમાં લગભગ ૪૦ ટકા હિસ્સો ધરાવે છે, જે આ ક્ષેત્રને તેની કૃષિ વેપાર ઓળખનો આધારસ્તંભ બનાવે છે. આ સ્કેલ અને વિવિધતા ભારતને તેના ચોખાના નિકાસ પોર્ટફોલિયોની એકંદર શક્તિને જોખમમાં મૂક્યા વિના ચોક્કસ બજારોમાં આંચકા સહન કરવાની ક્ષમતા આપે છે.

જ્યારે બાસમતી ચોખા પર તેની પ્રીમિયમ સુગંધ અને મૂલ્ય માટે નોંધપાત્ર ધ્યાન આપવામાં આવે છે, ત્યારે બિનબાસમતી ચોખા તેના ભાવ અને ગુણવતાને કારણે ભારતની નિકાસનો નોંધપાત્ર ભાગ બનાવે છે. ૨૦૨૪-૨૫માં, ભારતે આશરે ૬૦.૬૫ લાખ ટન બાસમતી ચોખાની નિકાસ કરી હતી, જેની કિંમત લગભગ રૂ. ૫૦,૩૧૨ કરોડ (૫.૮૭ બિલિયન) હતી. આમાંથી મોટાભાગની શિપમેન્ટ પરંપરાગત મધ્ય પૂર્વીય બજારોમાં જાય છે, જેમાં સાઉદી અરેબિયા, ઇરાક, યુએઈ અને ઈરાનનો સમાવેશ થાય છે. નોન બાસમતી ચોખા પરના નિકાસ પ્રતિબંધો અને ભાવ સ્તર દૂર કરવાના ભારતના નિર્ણયથી નિકાસકારોને આફ્રિકા, દક્ષિણપૂર્વ એશિયા અને લેટિન અમેરિકાના કેટલાક ભાગોમાં ભાવ-સંવેદનશીલ બજારોમાં સ્પર્ધા કરવાની તાકાત હાંસલ થઇ છે.

વિવિધ જાતો અને ભૌગોલિક ક્ષેત્રોમાં આ વૈવિધ્યકરણ સ્થિતિસ્થાપકતા પૂરી પાડે છે. ચોખાની નિકાસ સ્વસ્થ દરે વધી રહી છે અને દેશ ફિલિપાઇન્સ, ઇન્ડોનેશિયા, યુકે અને મેક્સિકો સહિત ૨૬ વૈશ્વિક બજારોમાં શિપમેન્ટ વધારવા માગે છે. અપેડાના પ્રવકતાએ ઓક્ટોબરમાં જણાવ્યું હતું. ભારત વિશ્વના સૌથી મોટા ચોખા ઉત્પાદકો અને નિકાસકારોમાંનો એક છે, જે ૧૭૨થી વધુ દેશોમાં સપ્લાય કરે છે.

ભારતે ૨૦૨૪-૨૫માં લગભગ ૪૭ મિલિયન હેક્ટરમાંથી લગભગ ૧૫૦ મિલિયન ટન ચોખાનું ઉત્પાદન કર્યું હતું, જે વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૨૮ ટકા જેટલું હતું. સુધારેલા બિયારણની જાતો, સારી કૃષિ પદ્ધતિઓ અને વિસ્તૃત સિંચાઈ કવરેજને કારણે સરેરાશ ઉપજ ૨૦૧૪-૧૫માં પ્રતિ હેક્ટર ૨.૭૨ ટનથી વધીને ૨૦૨૪-૨૫માં પ્રતિ હેક્ટર લગભગ ૩.૨ ટન થઈ છે. ■

પ્રાસંગિક__

અમૂલ દવે
feedback@bombaysamachar.com

## થાઈલેન્ડ-કમ્બોડિયા યુદ્ધમાં બે મહાસત્તા ટકરાશે?



દક્ષિણપૂર્વ એશિયાની શાંતિ એકવાર ફરી ખંડિત થઈ છે. થાઇલેન્ડ અને કમ્બોડિયા વચ્ચેનો લાંબા સમયથી ચાલતો સરહદી વિવાદ ફરી એકવાર ભયાનક સ્વરૂપમાં ફાટી નીકળ્યો છે. સાત ડિસેમ્બરે એક નાનકડી સૈનિકોની અથડામણથી શરૂ થયેલો આ સંઘર્ષ ગણતરીના દિવસોમાં જ સંપૂર્ણ યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. અત્યાર સુધીમાં ડઝનથી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે અને પાંચ લાખથી વધુ લોકો તેમના ઘરો છોડીને વિસ્થાપિત થયા છે.

આ સંઘર્ષમાં સૌથી ચોંકાવનારી વાત છે મહાસત્તાઓનો હસ્તક્ષેપ. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામ માટે વ્યક્તિગત પ્રયાસો કર્યા, પરંતુ થાઇલેન્ડના કઠોર વલણને કારણે તે પ્રયાસો વ્યર્થ સાબિત થયા છે. બીજી તરફ, થાઇલેન્ડે કમ્બોડિયાની ધરતી પર આવેલા ચીની કારખાનાને નિશાન બનાવીને હુમલો કર્યો છે, જેના જવાબમાં ચીને કમ્બોડિયાને અત્યાધુનિક રોકેટ લોન્ચર અને અન્ય ઘાતક હથિયારો પૂરા પાડીને આ સંઘર્ષમાં તણાવની માત્રા વધારી દીધી છે.

જુલાઈમાં થયેલી લડાઈ બાદ જાહેર કરાયેલ યુદ્ધવિરામ ડિસેમ્બરમાં તૂટી ગયો. સાત ડિસેમ્બરની ઝપાઝપી પછી થાઇલેન્ડે તુરંત જ પોતાના એફ-૧૬ લડાયક વિમાનોનો ઉપયોગ કરીને કમ્બોડિયાના સૈન્ય સ્થાનો પર ભારે હવાઈ હુમલા કર્યા.

કમ્બોડિયા પાસે હવાઈ શક્તિનો અભાવ છે; તેની પાસે કોઈ ફાઈટર પ્લેન નથી, થાઇલેન્ડ પાસે આધુનિક હવાઈ તાકાત છે. આ અસમાનતાને કારણે કમ્બોડિયા જમીની હુમલાઓ અને મુખ્યત્વે રોકેટ લોન્ચર પર આધાર રાખવા મજબૂર બન્યું છે. લડાઈની તીવ્રતા એટલી છે કે માત્ર થોડા જ અઠવાડિયામાં ૩૫થી વધુ લોકો માર્યા ગયા છે અને પાંચ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. માનવતાવાદી સંસ્થાઓ સતત કામ કરી રહી છે, પરંતુ સતત હુમલાઓ રાહત કાર્યમાં મોટો અવરોધ પેદા કરી રહ્યા છે.

સંઘર્ષમાં સૌથી મોટો અને જોખમી વળાંક ચીનના હસ્તક્ષેપથી આવ્યો છે. થાઇલેન્ડે કંબોડિયામાં ચીની ઓનલાઈન સ્કેમ સેન્ટર્સ અને ચીની સંચાલિત કારખાનાઓને ડ્રોન હુમલાઓમાં નિશાન બનાવ્યા. આ હુમલાઓનો સીધો જવાબ આપતા ચીને ખુલ્લેઆમ કમ્બોડિયાને મદદ કરવાનું શરૂ કર્યું છે.

ચીને કમ્બોડિયાને મલ્ટિપલ લોન્ચ રોકેટ સિસ્ટમ્સ (MLRS)જેવા ઘાતક હથિયારો પૂરા પાડ્યા છે, જેમાં ખાસ કરીને ચીની બનાવટના બીએમ-૨૧, -૯૦બી અને પીએચએલ-૦૩નો સમાવેશ થાય છે. આ હથિયારોથી સજ્જ કમ્બોડિયાએ થાઇલેન્ડના રહેણાંક વિસ્તારો સહિતના સ્થાનો પર હુમલા કરીને પરિસ્થિતિને વધુ વણસાવી છે. ચીનની આ ભૂમિકા આ સંઘર્ષને માત્ર સરહદી વિવાદ પૂરતો સીમિત ન રાખતા, તેને પ્રાદેશિક તણાવના કેન્દ્રમાં મૂકે છે.

આ સંઘર્ષમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામ માટે મધ્યસ્થીના પ્રયાસો કર્યા હતા. તેમણે દાવો પણ કર્યો હતો કે બંને પક્ષો યુદ્ધવિરામ માટે સંમત થયા છે, પરંતુ થાઇલેન્ડના વડા પ્રધાને આ આદેશને સ્વીકારવાની ના પાડી દીધી.થાઇલેન્ડના વડા પ્રધાને સ્પષ્ટ કહ્યું કે યુદ્ધવિરામ ત્યારે જ શક્ય છે જ્યારે કમ્બોડિયા તેના સૈનિકોને વિવાદાસ્પદ ક્ષેત્રમાંથી પાછા ખેંચે. થાઇલેન્ડ, ભલે અમેરિકાનો સહયોગી હોય, પરંતુ તેણે પોતાની વિદેશ નીતિમાં સ્વતંત્રતા જાળવી રાખીને ટ્રમ્પના આદેશને માનવાનો ઇનકાર કર્યો છે. ટ્રમ્પના તાજા પ્રયાસો વ્યર્થ સાબિત થવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની શાંતિ નિર્માતાની છબીને મોટો ફટકો પડ્યો છે.

આ સંઘર્ષના પરિણામો દક્ષિણપૂર્વ એશિયા માટે ખૂબ વ્યાપક છે.આ સંઘર્ષ આસિયાન (એસોસિયેશન ઓફ સાઉથ ઇસ્ટ એશિયન નેશન્સ)ની એકતા અને અસરકારકતા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે. આસિયાન માટે તેના બે સભ્ય દેશો વચ્ચેના યુદ્ધને રોકવું એક મોટો પડકાર છે. ચીનની ખુલ્લી મદદને કારણે આ સંઘર્ષ અમેરિકા-ચીન તણાવને દક્ષિણ પૂર્વ એશિયામાં વધુ વધારી શકે છે, જે વૈશ્વિક સ્થિરતા માટે જોખમી છે. ૫૦૦,૦૦૦થી વધુ વિસ્થાપિતોની સમસ્યા એક મોટી માનવતાવાદી કટોકટી તરફ દોરી રહી છે.

આ વિનાશક સંઘર્ષને રોકવા માટે બંને દેશે આંતરરાષ્ટ્રીય સંગઠનોની મધ્યસ્થી હેઠળ વાતચીત દ્વારા વિવાદનું નિરાકરણ લાવવું અનિવાર્ય છે. અન્યથા, દક્ષિણ પૂર્વ એશિયાનો આ ભાગ લાંબા સમય સુધી અસ્થિરતા અને સંઘર્ષની આગમાં સળગતો રહેશે.

### સંઘર્ષના મૂળમાં ૧૧મી સદીનું પવિત્ર મંદિર

આ વિવાદના મૂળમાં ૧૧મી સદીનું ભવ્યપ્રેહ વિહાર મંદિર છે, જે એક પ્રાચીન હિંદુ મંદિર છે અને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળ છે. થાઇલેન્ડ અને કમ્બોડિયા વચ્ચેની ૮૧૭ કિલોમીટર લાંબી સરહદ પરનો આ સૌથી મુખ્ય વિવાદાસ્પદ વિસ્તાર છે. કમ્બોડિયા-થાઇલેન્ડ વિવાદની જડો ૧૯૦૪-૧૯૦૮ના ફ્રાન્સ-સિયામ (થાઇલેન્ડ) સંધિઓમાં છે, જેમાં સરહદોની સ્પષ્ટ રેખા ન આકરી. આ વિવાદનું કેન્દ્ર છે પ્રેહ વિહાર મંદિર, એક ૧૧૦૦ વર્ષ જૂનું ખ્મેર સામ્રાજ્યનું અવશેષ, જે ૧૯૬૨માં આંતરરાષ્ટ્રીય ન્યાયાલય (આઈસીજે)એ કમ્બોડિયાને આપ્યું હતું. પરંતુ આસપાસની ૪.૬ વર્ગ કિલોમીટર જમીન પર હજુ પણ વિવાદ છે.આ વિવાદ રાષ્ટ્રવાદી ભાવનાઓને ભડકાવે છે. ૧૯૫૪માં, કમ્બોડિયાની આઝાદી પછી થાઇલેન્ડે મંદિર કબજે કર્યું હતું, જેને કમ્બોડિયા અન્યાય તરીકે જુએ છે. ૨૦૦૮-૨૦૧૧માં આ વિવાદ યુદ્ધ તરફ દોરી ગયું, જેમાં ૩૦થી વધુ લોકો માર્યા ગયા.

કમ્બોડિયા માટે આ મંદિર તેની સાર્વભૌમત્વનું પ્રતીક છે, જ્યારે થાઇલેન્ડ તેને તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો હિસ્સો માને છે. ૨૦૨૫માં આ વિવાદ ફરીથી ઉભર્યો છે, જે માત્ર સરહદી વિવાદ નથી, પણ બંને દેશોમાં ઉગ્ર રાષ્ટ્રવાદી ભાવનાઓને હવા આપી રહ્યો છે, જે સંઘર્ષને વધુ જટિલ બનાવે છે. ■

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## બોફોર્સ કૌભાંડ કેસ એટલે રાજકીય તથા કાનૂની સાપ-સીડીનો ખેલ

**ભારતીય** રાજકારણ અને અખબારોમાં બોફોર્સકાંડ એવું જબરદસ્ત ગાજ્યું-ચગ્યું કે ઘણાં વાતચીતમાં એકમેકને બોર્ફોર્સિયા કહેવા માંડ્યા હતા.

બોફોર્સ કંપની પરથી કેન્દ્ર સરકારે પ્રતિબંધ ભલે હટાવી લીધો, પણ આનાથી કંઈ કૌભાંડ પર થોડો કાયમી પડદો પડી જાય કે એને સાવ ભૂલાવી દેવાઈ. જો કૌભાંડમાં રાજકીય રીતે વાપરી શકાય એવો ઘણો રાજકીય દારૂગોળો હતો. ૧૯૯૯ની ૨૨મી ઑક્ટોબરે અટલબિહારી વાજપેયીની સરકાર વખતે સી.બી.આઈ.એ આ કૌભાંડમાં પહેલું આરોપનામું દાખલ કર્યું. આમાં મુખ્ય આરોપી તરીકે નામ હતા રાજીવ ગાંધી, વિન ચઢ્ઢા, ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ એસ. કે. ભટનાગર, ઓટ્ટાવિયો કોટ્રોચી અને અન્યોના નામ આરોપી તરીકે હતા. આ બાબત અખબારોની હેડલાઈન બને એ સ્વાભાવિક છે.

અદાલતમાં કેસની સુનાવણી ચાલતી હતી એની વચ્ચે ૨૦૦૧માં બે આરોપી એસ. કે. ભટનાગર અને વિન ચઢ્ઢાનો કાયમ માટે છુટકારો થઈ ગયો. નિધનને લીધે તેઓ કાનૂની શિકંજામાંથી આઝાદ થઈ ગયા, પરંતુ ૨૦૦૨ના જૂનમાં કેસમાં નવો વળાંક આવ્યો. દિલ્હી હાઈ કોર્ટે આ ખટલામાં અત્યાર સુધી બધી કાર્યવાહીને રદબાતલ કરી નાખી. આ ચુકાદાને ૨૦૦૩ની સાતમી જુલાઈએ સુપ્રીમ કોર્ટે ફેરવી તોળ્યો.

૨૦૦૪માં રાજકારણે કરવટ બદલી. લોકસભાની ચૂંટણીમાં જીતીને કૉંગ્રેસ સત્તા પર આવી. ૨૦૦૪ની પાંચમી ફેબ્રુઆરીએ દિલ્હીની વડી અદાલતે રાજીવ ગાંધી અને અન્યો સામેના ભ્રષ્ટાચારના બધા આરોપ રદ કર્યા. ૨૦૦૫ની ૩૧મી મેએ દિલ્હી હાઈ કોર્ટે જ બ્રિટનવાસી વેપારીબધું ત્રિપુટી શ્રીચંદ હિન્દુજા, ગોપીચંદ હિન્દુજા અને પ્રકાશ હિન્દુજા સામેના આરોપો ફગાવી દીધા.


કાનૂની આટાપાટા આમઆદમીની પહોંચની બહાર હોય. આવામાં ૨૦૦૫ના ડિસેમ્બરમાં ભારત સરકાર અને સી.બી.આઈ. વતી વર્તતા ભારતના એડિશનલ સોલિસિટર જનરલે બ્રિટિશ સરકારને વિનંતી કરી કે ઓટ્ટોવિયો ક્વોટ્રોચીના સ્થગિત કરાયેલ બે બૅન્ક ખાતા અનફ્રિજ કરી નાખો. કારણ શું? એ કે બોફોર્સની કટકીની રકમ એ ખાતામાં જમા થયાના પર્યાપ્ત પુરાવા મળ્યા નથી. આ બે ખાતામાં ૩૦ લાખ અને ૧૦ યુરો ડૉલર જમા હતા.



વિન ચઢ્ઢા

લાગ્યું કે ઓટ્ટોવિયો ક્વોટ્રચી બચી ગયો, પરંતુ આ રાહતને પગલે નવું નિયંત્રણ આવ્યું. જે ભરેલી થાળી સામે રાખવાની છૂટ પણ જમવાની મનાઈ જેવી હતી. ૨૦૦૬ની ૧૬મી જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે ભારત સરકારને નિર્દેશ આપ્યો કે લંડનની બે બૅન્કના ખાતામાંથી ક્વોટ્રોચી એક પણ યુરો ડૉલર ઉપાડી ન શકે એવી વ્યવસ્થા કરો. પરંતુ ૨૦૦૬ની ૨૩મી જાન્યુઆરીએ સી.બી.આઈ.એ અદાલતને જાણકારી આપી કે બંને આરોપી બૅન્કમાંથી ૨૧ કરોડ (૪૬ લાખ અમેરિકન ડૉલર) જેટલી રકમ ઉપાડી ચુક્યા છે.

'યે ક્યાં હો રહા હૈ'ની અવઢવમાં આમઆદમી માથું કે દાઢી ખંજવાળતા આ સમાચારો વાંચતા હતા. પોતપોતાની જાણકારી અને સમજ પ્રમાણે તુક્કાબાજી કરી રહ્યા હતા. આ રાજકીય-કાનૂની સાપસીડીની રમતમાં નવા-નવા પાસાં પડતા હતા. ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં સી.બી.આઈ.એ દાવો કર્યો હતો કે અમે ઓટ્ટોવિયો ક્વાટ્રોચીના પ્રત્યાર્પણના આદેશ માટે પ્રયાસરત છીએ. એટલું જ નહીં, સી.બી.આઈ.ની વિનંતીને માન આપીને ઈન્ટરપોલ તરફથી ક્વોટ્રોચીની ધરપકડ માટે રેડ-કોર્નર નોટિસ પણ ક્યારની બહાર પડેલી છે.



ઓટ્ટાવિયો કોટ્રોચી

આ ટેક્નિકલ શબ્દોમાં ઝાઝું ન સમજતા ભારતીય પ્રજાજનોને ૨૦૦૭ની છઠ્ઠી ફેબ્રુઆરીએ બનેલી ઘટના એકદમ સમજાઈ ગઈ ને શીરાની જેમ ગળે ઊતરી ગઈ. વાવડ એ આવ્યા કે ક્વોટ્રોચીને આર્જેન્ટિનામાં છઠ્ઠી ફેબ્રુઆરીએ અટકાયતમાં લેવાયો હતો. પરંતુ સી.બી.આઈ. તરફ સમાચાર જાહેર કરાયા છેક ૨૩મી ફેબ્રુઆરીએ. પરંતુ આર્જેન્ટિના પોલીસે ક્વોટ્રોચીને છોડી મૂક્યો! પરંતુ એનો પાસપોર્ટ જપ્ત કરી લીધો કે જેથી એ વિમાન પ્રવાસ કરી ન શકે. આનો અર્થ સમજવા જેવો છે.

એ સમયે ભારત-આર્જેન્ટિના વચ્ચે પ્રત્યાર્પણ સંધિ થયેલી નહોતી. એનો અર્થ એ થયો કે આર્જેન્ટિના ભારતના આરોપીને સોંપી દેવા માટે બંધાયેલું નહોતું. આને યોગાનુયોગ સમજવો કે પછી ખેલ પડી ગયો એમ ધારી લેવાનું. ભારત સરકારે તો આર્જેન્ટિનાની સુપ્રીમ કોર્ટમાં ક્વોટ્રોચીનો કબજો મેળવવા માટે કેસ કર્યો અને હારનું મોઢું જોવું પડ્યું. આર્જેન્ટિનાની કોર્ટમાં ભારત વતી ક્વોટ્રોચીની કયા મુદ્દા પર ધરપકડ કરવાની એનો કોઈ આદેશ રજૂ કરી ન શકાયો. ભારતે આ આદેશ વિરુદ્ધ અપીલ ન કરી. કારણ કે આર્જેન્ટિનાની કોર્ટના ચુકાદાનો અંગ્રેજી અનુવાદ મેળવવામાં વિલંબ થયો.

બોફોર્સકાંડની આ તવારીખમાં માત્ર ઘટનાઓ જાણવા અને વાંચવા સાથે બીટવિન ધ લાઈન્સ પણ વાંચો. આટલા મોટો રાષ્ટ્રીય મહત્ત્વના કેસમાં કેવું-કેવું થઈ રહ્યું હતું એ છાનું નહોતું. શા માટે થઈ રહ્યું હતું એનો ગણગણાટ પણ નાનોસુનો થતો નહોતો. એ કોણ બોલ્યું કે સમરથ કો નહીં દોષ ગુંસાઈ.

ખેર, ૨૦૧૧ની ચોથી માર્ચે દિલ્હીની કોર્ટે ક્વોટ્રોચીને કેસમાં કામચલાઉ રાહત આપી. શા વાસ્તે? એની વિરુદ્ધ પૂરતા પુરાવાના અભાવમાં? અને ૨૦૧૩ની ૧૨મી જુલાઈએ મિલાનમાં હાર્ટ અટેકથી ક્વોટ્રોચીનું રામ નામ સત્ય હૈ થઈ ગયું.

હવે બચ્યું કોણ કે જેની સામે કેસ ચલાવાય? અનેક કાનૂની પડકાર અને વિલંબ વચ્ચે બોફોર્સ કૌભાંડ કેસ ચાલ્યો હતો. આ કટકીકાંડને લીધે રાજીવ ગાંધીની સરકાર અને કૉંગ્રેસ પક્ષની આબરૂની રેવડી દાણાદાણ થઈ ગઈ. ૨૦૧૩માં પ્રકાશિત થયેલા પુસ્તક 'અનનોન ફેસેટસ ઓફ રાજીવ ગાંધી, જ્યોતિ બાસુ ઍન્ડ ઈન્દ્રજીત ગુપ્તા'માં સી.બી.આઈ.ના ભૂતપૂર્વ ડિરેક્ટર એ. પી. મુખરજીએ લખ્યું હતું કે રાજીવ ગાંધી આ સોદાની કટકીનો ઉપયોગ કૉંગ્રેસના લાભાર્થે વાપરવા માગતા હતા. જો કે આ કાંડની તપાસ કરનારા સ્વીડીશ પોલીસના ભૂતપૂર્વ વડા સ્ટેન લિન્ડસ્ટોર્મે રાજીવ ગાંધીએ કોઈ રકમ મેળવ્યાનું બહાર ન આવ્યાનો દાવો કર્યો હતો. જો કે કટકી કોણે લીધી એ જાણતા હોવાનો અને તેમની સામે પગલાં ન ભર્યાનો આરોપ તેમણે રાજીવ ગાંધી પર મૂક્યો હતો.

બોફોર્સની દલાલીમાં રાજીવ ગાંધી સરકાર, કૉંગ્રેસ પક્ષ અને સી.બી.આઈ.ની તપાસ પદ્ધતિને માથે ખૂબ માછલા ધોવાયા હતા. પણ એની દરકાર છે કોને? અને બોફોર્સની કટકીની રકમ ત્યાર પછીના કૌભાંડની તોતિંગ રકમ સામે સાવ ચણામમરા જેવી લાગે છે. (સંપૂર્ણ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# અમારી પાસે ફાલતુ ટાઈમ નથી...

## મધ્ય પ્રદેશમાં આયોજકોની ગડબડના કારણે એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ મોડા પહોંચ્યા. આથી એક વિદ્યાર્થિનીએ સાંસદને સંભળાવી દીધું, 'હમારે પાસ ફાલતુ ટાઈમ હૈ ક્યા?'



પ્રતીક્ષાની મજા અને પીડા બંને છે. 'થોડા ઇંતઝાર કા મઝા લીજિએ.' તેવું ગીતમાં કહેવાય છે, પરંતુ ક્યારેક 'ઇંતેહા હો ગઈ ઇંતઝાર કી' જેવું થઈ જાય. મધ્ય પ્રદેશના છતરપુરમાં ખેલ મહોત્સવનું આયોજન હતું. સમારંભમાં મુખ્ય અતિથિ ભાજપના સાંસદ વી. ડી. શર્મા નિયત સમય કરતાં ઘણા મોડા પહોંચ્યા. આના લીધે વિદ્યાર્થીઓએ ઘણી પ્રતીક્ષા કરવી પડી.

બધાને સવારે ૯-૧૦ વાગે મેદાનમાં બોલાવવામાં આવ્યા હતા, પરંતુ કાર્યક્રમની શરૂઆત થઈ છેક બપોરે ત્રણ વાગે! આટલો લાંબો સમય વિદ્યાર્થીઓને ભૂખ્યા રાખવામાં આવ્યા.

વિદ્યાર્થીઓનું ધૈર્ય ખૂટી ગયું. છેવટે એક વિદ્યાર્થિનીથી ન રહેવાયું. ના, તેણે ન તો જૂતું ફેંક્યું, ન તો કોઈ પ્રોટોકોલ તોડી તે મંચ તરફ ધસી. જ્યારે શર્મા હરોળબદ્ધ ઊભેલા ખેલાડીઓનો પરિચય કરવા આવ્યા ત્યારે પોતાનો વારો આવતા વિદ્યાર્થિનીએ કહ્યું, 'નમસ્તે તો ઠીક હૈ, આપ કે લિએ હમ ઇતની દેર સે ઇંતઝાર કર રહે હૈ. હમારે પાસ ઇતના ફાલતુ ટાઇમ હૈ ક્યા?!'

અહીં એ પણ સ્પષ્ટતા આવશ્યક છે કે ભૂલ શર્માજીની નહોતી. આયોજકોની હતી.

આયોજકોએ તેમને બપોરે બે વાગે બોલાવ્યા હતા. અને બે વાગે એ પહોંચી ગયા હતા. અને વિદ્યાર્થીઓને સવારે દસ વાગે બોલાવી લેવાયા હતા, પરંતુ તેમની રમતો ચાલુ થઈ ગઈ હતી અને સંભવતઃ આ રમતો પૂરી થઈ ગઈ પછી વિદ્યાર્થીઓને મુખ્ય અતિથિ આવે ત્યાં સુધી રોકાઈ જવા કહ્યું હતું.

ભલે સાંસદની ભૂલ નથી, આયોજકોની તો છે ને. આયોજકોનું કામ હોય છે આયોજન કરવાનું. તેમણે સવારે દસ વાગે આવેલા ખેલાડીઓને કોઈ હળવો નાસ્તો કે પીણું આપવું જોઈતું હતું અને બપોરે રમત પૂરી થાય પછી ખેલાડીઓને જમાડી લેવા જોઈએ. તે પછી સાંસદનો કાર્યક્રમ રાખવો જોઈએ, જે અહીં ન થયું.

અપવાદોને બાદ કરતાં ભારતમાં સમયની કિંમત નથી. એમાંય મુખ્ય અતિથિ હોય તો તો મોડા જ આવવું એવો નિયમ છે. રાજકારણી મુખ્ય અતિથિ હોય તો તેમની સાથે ચમચાઓની સેના હોય છે જે સૂત્રોચ્ચાર કરતા-કરતા આવશે. જો કોઈ સમયસર અથવા સમય કરતાં થોડા વહેલા આવી જાય તો તે નવરા છે તેમ માની લેવામાં આવે છે.

બીજી તરફ આયોજકોના આયોજનની વાત તો કરવા જેવી નથી. હવે તો ઘણા કાર્યક્રમોમાં પત્રિકામાં લખવામાં આવેલા સમય કરતાં કાર્યક્રમ અડધી કલાક એક કલાક મોડો શરૂ થવાની પરંપરા થઈ ગઈ છે. આમંત્રિત દર્શકોને વહેલા સમય આપવાનો કારણ કે એ નિયત સમય કરતાં મોડા આવે તો આયોજકોએ ધારેલા સમયે કાર્યક્રમ શરૂ કરી શકાય, પરંતુ આમાં મરો જે લોકો સમયસર જવામાં માનતા હોય તેમનો થાય છે.

થોડા વખત પહેલાં ચાર દિવસીય એક પરિસંવાદ હતો. તેમાં સમય પાંચ વાગ્યાનો લખાયેલો હતો. એટલે ધારી લઈએ કે આમંત્રિતો મોડા આવે તો પણ છ વાગે તો કાર્યક્રમ શરૂ થાય, પરંતુ એક દિવસે કાર્યક્રમ સાડા છએ શરૂ થયો અને બીજા દિવસે સાત વાગે. પાંચ વાગ્યાથી મોડા પડનારા દર્શકોને પણ એક કલાક જેટલું બેસી રહેવું પડ્યું. એમાંય પાછું સંસ્થાના પરિચયનો એક ને એક વીડિયો રજૂ કરીને માથું દુઃખાડાયું.

રેલવેની ટ્રેનો હવે તો લગભગ સમયસર દોડે છે, પરંતુ ઘણી વાર મોડી પડે તો તેનું નુકસાન ગ્રાહકોને આપવામાં આવે છે? તાજેતરમાં 'ઇંડિગો'ની તો કેટલી બધી ઉડાનો કેન્સલ થઈ, કેટલીયે અનહદ મોડી પડી. એમાંય નિયમ છે કે જો ફ્લાઈટ કેન્સલ થાય તો ગ્રાહકને હોટલમાં ઉતારો આપવો પડે. એ ન કરવું પડે એટલે એક કલાક મોડી છે તેમ કરી-કરીને ખેંચી લેવામાં આવે. જનતા અને ગ્રાહક એ બંનેની ભારતમાં કોઈ કિંમત નથી. 'આટલું તો કરવું પડે', 'આટલું તો સહન કરવું પડે' તેવી માન્યતા ઘર કરી ગઈ છે.

બસ, ટ્રેન કે ફ્લાઇટ પકડવાની હોય ત્યારે કોઈ વ્યક્તિ મોડી નથી પડતી. કારણકે બસ, ટ્રેન અને ફ્લાઇટ કોઈ માટે રાહ નથી જોતા. તો પછી કાર્યક્રમમાં આવનારા મુખ્ય અતિથિથી માંડીને ઘર કે ઑફિસમાં મળવા આવનારા અતિથિઓ કેમ મોડા પડે છે? મોડા પડે છે તે તો ઠીક, પરંતુ કોઈ જાણ પણ નથી કરતા.

એક ભાઈને નોકરી બદલવી હતી. એ રાજકોટ રહે. તેમને અમદાવાદમાં નોકરી મેળવવી હતી. તેમના એક પરિચિત ભાઈ જે મોટા પદ પર હતા તેમણે પોતાના મેનેજરને કહી, રાજકોટવાળા ભાઈનો વીક ઑફ હતો તે દિવસે મેનેજર સાથે ઇન્ટરવ્યૂ ગોઠવી આપ્યો.

એ દિવસે મેનેજરથી માંડીને અમદાવાદમાં બોસ એવા ભાઈ રાહ જોતા રહ્યા. પેલા ભાઈ આવ્યા જ નહીં ને જાણ સુધ્ધાં પણ ન કરી. એક દિવસ ગયો. બોસથી રહેવાયું નહીં.

તેમણે પેલા રાજકોટવાળા ભાઈને અંતે ફોન કર્યો. તો રાજકોટવાળા ભાઈએ કોઈક બહાનું સંભળાવ્યું. બોસ કહે, પણ અહીં મેં મેનેજરની એપોઇન્ટમેન્ટ લીધી હતી તો તારે પહેલાં જાણ તો કરવી હતી. બોસની સરળતાને લીધે રાજકોટવાળા ભાઈને થયું કે ગમે ત્યારે જઈએ, ન જઈએ તો ચાલે.

લગ્ન સમારંભમાં પણ આવું થાય છે. કોણ આવશે અને કોણ નહીં આવે તેની પાકા પાયે જાણ સગાં વહાલાં કરતા નથી. પરિણામે આયોજકને ત્યાં ઘણી વાર ભોજન પડ્યું રહે છે.

સામા પક્ષે આયોજકો એટલે કે વર-વધૂ પક્ષના લોકો મુહૂર્ત સાચવતા નથી. સગાઈની પત્રિકામાં છ વાગ્યાનો સમય લખ્યો હોય અને વર-વધૂ આવે દસ વાગે. ત્યાં સુધી ભોજન પણ ચાલુ ન થાય.

રાજેશ ખન્ના, શત્રુઘ્ન સિંહા, ગોવિંદા જેવા અભિનેતાઓ સદા શૂટિંગ માટે મોડા આવતા હતા,પરિણામે એની અસર કારકિર્દી પર પડી. બીજી તરફ, જિતેન્દ્ર અને અમિતાભ બચ્ચને સદા સમયનું માન જાળવ્યું. અમિતજી તો આજે પણ લાંબી ઇનિંગ્સ ખેલી રહ્યા છે. જે લોકો સમયનું માન નથી જાળવતા, સમય પણ તેમનું માન નથી જાળવતો. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# વિચક્ષણ અંકશાસ્ત્રી પી. સી. મહાલનોબિસઃ સરદાર પટેલ - નહેરુના મનપસંદ વૈજ્ઞાનિક

## એ કહેતાઃ ભૌતિકશાસ્ત્રમાં એક પ્રયોગ હોય પણ આંકડાશાસ્ત્રમાં દરેક માણસ જ પ્રયોગ હોય છે..!

તમે તમારા ચહેરાની બારીકાઈને જેટલી નથી જાણતા એના કરતાં વધુ માહિતી તમારા મોબાઈલ પાસે છે. લગભગ તમારા જેવો જ ચહેરો ધરાવનાર મોબાઈલ સામે ઊભો રહેશે છતાં મોબાઈલ તેને રિસ્પોન્સ નહીં આપે. ડીપફેકની પરંપરામાં ફેક ફોટા અથવા વીડિયોની દુનિયામાં તમારા ચહેરાની સત્યાર્થતા શોધવી હોય કે પછી માનવ રક્તમાં કેન્સરના સેલ શોધવા સુધી એક ભારતીય વૈજ્ઞાનિકની ફોર્મ્યુલા રહેલી છે, જેને 'મહાલનોબિસ ડિસ્ટન્સ' તરીકે ઓળખવામાં આવે છે.

આ ફોર્મ્યુલાના શોધક હતા પ્રસન્ત ચંદ્ર મહાલનોબિસ, જેમને ભારતમાં સ્ટેટેટિક્સના ભીષ્મપિતામહ કહેવામાં આવે છે. પી સી મહાલનોબિસનાં સંશોધનો દાયકાઓ પહેલાં થયાં હતાં પણ આજે ય ડિજીટલ યુગમાં એટલા જ અસરકારક છે.

આજકાલ મેડિકલ સાયન્સ હરણફાળ ભરી રહ્યું છે, માણસને બીમારીઓથી મુક્ત બનીને લાંબુ જીવવું છે. હેલ્થકેરમાં મહાલનોબિસ અંતરની અસર ક્રાંતિકારી છે. મેડિકલ ડેટામાં, જ્યાં પેશન્ટના બ્લડસુગર, ડાયાબિટીસ કે હૃદયરોગ સહિત અનેક રિપોર્ટમાં બીમારીઓ શોધવામાં અનિવાર્ય છે. આજકાલ ખૂબ વકરતી જતી કેન્સરની બીમારીમાં તેના સેલમાં થતી વિકૃતિઓને શોધવામાં મહાલનોબિસ ડિસ્ટન્સની ભૂમિકા વિશિષ્ઠ છે.

અરે, શેરબજારમાં કોઈ શેરની કિંમતમાં દેખાતા અસાધારણ ફેરફાર થતો હોય અથવા આર્થિક ફ્રોડની દુનિયામાં મહાલનોબિસ સાહેબની ફોર્મ્યુલા રાહ જોતી હોય છે. ભારતમાં આરોગ્ય, હવામાન અને કૃષિના આંકડા પણ સર્વે વગર હતા, તેમણે ફોર્મ્યુલા વિકસાવીને આધુનિક વિજ્ઞાનનો પાયો ભારતમાં નાખ્યો.

મહાલનોબિસ મોડલ અને સેમ્પલ સર્વેની જરૂરિયાત આઝાદી પછી અનેક સમસ્યાઓ વચ્ચે ઝઝૂમતા ભારતની આર્થિક સ્થિતિને કારણે હતી. આઝાદી પછી ભારતમાં ખાદ્ય અછત, શિક્ષણ, ગરીબી, નિરાશ્રિતો, ખેતી, બેરોજગારી અને ઔદ્યોગિક વિકાસનો અભાવ સહિત અસંખ્ય સમસ્યાઓ હતી. નહેરુ અને સરદારને પીસીએ કહ્યું હતું કે દેશની દરેક સમસ્યાઓનો જવાબ આંકડાઓમાં છે.

આઝાદ ભારતમાં ગંભીર સમસ્યાઓમાંથી માર્ગ કાઢવા પરફેક્ટ પ્લાનિંગની જરૂર હતી. ભારતના સર્વાંગી વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓનું આયોજન કરવાની વિચારણામાં એક મહત્ત્વના સાથીદાર હતા, પી સી મહાલનોબિસ. આંકડાશાસ્ત્રના જાદુગર પ્રસન્ત ચન્દ્ર મહાલનોબિસ મહારથી એવા આ બંને નેતા નહેરુ અને સરદારના વિશ્વસનીય હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે સરદાર પટેલના જીવનના અંતિમ વર્ષમાં દેશ માટે એક અદ્વિતીય પ્રદાન આપ્યું હતું. સરદાર સાથે મહાલનોબિસની ચર્ચાઓના અનેક રેફરન્સ મળે છે. ૧૯૫૦માં ભારતના આયોજન આયોગની રચના દરમિયાન, જવાહરલાલ નહેરુએ સરદાર પટેલને ૨૦ ફેબ્રુઆરી ૧૯૫૦ના રોજ એક પત્ર લખ્યો હતો, જેમાં આયોગના સભ્યોની ચર્ચા કરવામાં આવી હતી. આ પત્રમાં પી.સી. મહાલનોબિસને સભ્ય તરીકે વિચારવામાં આવ્યા હતા, પરંતુ અંતિમ યાદીમાં નામ લખવાનું રહી ગયું હતું. સરદાર પી સી મહાલનોબિસના કાર્યની જરૂરિયાત સમજતા હતા. તેમણે આ અંગે તરત જ નહેરુનું ધ્યાન દોરતાં ભૂલ તત્કાલ સુધારવામાં આવી. મહાલનોબિસ ત્યારે ભારતીય આંકડાકીય સંસ્થાના ડિરેક્ટર અને કેબિનેટના આંકડાકીય સલાહકાર હતા. આ રેફરન્સ સરદાર પટેલના પત્રવ્યવહારમાં મળે છે.

નહેરુ અને પીસી મહાલનોબિસની દોસ્તીએ ભારતની બીજી પંચવર્ષીય યોજનાને સફળ બનાવી. ભારતને ખેતી સાથે ઔદ્યોગિક વિકાસની જરૂર હતી. નહેરુને ભારતની સમસ્યાઓનું આંકડાઓમાં પૃથ્થકરણ કરી શકે એવો સમર્થ વૈજ્ઞાનિક અભિગમ ધરાવનાર સાથીની જરૂર હતી. આ ખોટ પી. સી. મહાલનોબિસે પૂરી કરી. બીજી પંચવર્ષીય યોજના (૧૯૫૬-૧૯૬૧) એ ભારતમાં જાહેર ક્ષેત્રના ઉદ્યોગો (પીએસયુ)ના વિસ્તારનું સુવર્ણયુગ હતું. ૧૯૫૬ના ઔદ્યોગિક નીતિ ઠરાવ અનુસાર ૧૭ ઉદ્યોગોને જાહેર ક્ષેત્રનું આયોજન કર્યું હતું, જેના પરિણામે અનેક મોટા પીએસયુની સ્થાપના અને વિકાસ થયો. આ યોજનામાં રોજગારી અને આર્થિક રીતે પગભર થવા ભારે ઉદ્યોગો, વીજળી, મશીનરી અને ખાણકામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેના પરિણામસ્વરૂપ ૧૯૫૬માં માત્ર ૫ પીએસયુ હતા તે ૧૯૬૧ સુધીમાં ૨૧ થઈ ગયા.





પી. સી. મહાલનોબિસ

મોટા ઉદ્યોગો શરૂ કરવા દેશની સૌથી મોટી જરૂરિયાત સ્ટીલ હતી. દશ લાખ ટન કેપેસીટી ધરાવતો ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ સોવિયત યુનિયનની મદદથી ૧૯૫૫માં શરૂ થયો અને ૧૯૫૯માં કાર્યરત થયો. એ જ ક્ષમતાના રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટ પશ્ચિમ જર્મનીની મદદથી અને દુર્ગાપુર સ્ટીલ પ્લાન્ટ યુનાઇટેડ કિંગડમની મદદથી સ્થાપિત થયા. આ ત્રણેય પ્લાન્ટ્સ હિન્દુસ્તાન સ્ટીલ લિમિટેડ (HSL) હેઠળ હતા, જે પાછળથી SAIL બન્યું. આનાથી ભારતનું સ્ટીલ ઉત્પાદન લગભગ સિત્તેર ટકા વધ્યું. હિન્દુસ્તાન મશીન ટૂલ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, ઓએનજીસી, આઇઓસી તથા નેશનલ મિનરલ્સ લિમિટેડ સહિત બીજી યોજનાએ સોળ નવા પીએસયુની સ્થાપના અને જૂના પાંચનો વિકાસ કર્યો, જેમાં સ્ટીલ, મશીનરી, ઊર્જા અને ખાણકામ મુખ્ય હતા. આ પીએસયુ આજે પણ ભારતીય અર્થતંત્રના મહત્ત્વના સ્તંભ છે.

ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનારા આ આંકડાશાસ્ત્રી પીસી મહાલનોબિસને નહેરુ 'પ્રોફેસર' કહીને બોલાવતા. એક વખત નહેરુએ પૂછ્યું, પ્રોફેસર,આપણે અમેરિકાને કેટલા વર્ષમાં પકડી પાડીશું? પી.સી.એ જવાબ આપ્યો, 'પંડિતજી, અમેરિકા દોડે છે અને આપણે ચાલીએ છીએ, દિશા સાચી રહેશે તો એક દિવસ તેમની સાથે ખભેખભા મિલાવીશું.'

મોડી રાત્રી સુધી કામ કરવા ટેવાયેલા પી. સી. મહાલનોબિસ સવારે દશ વાગ્યે ઊઠતા. ધૂમ્રપાન અને ચાના એ શોખીન હતા. આ એવો માણસ જેની પાસે કોઈ મોટી ઓફિસ કે મોટી ટીમ કે પછી કોઈ રાજકીય પદ હતું નહીં. ફક્ત એક નાનકડું ઘર, એક જૂનું ટેબલ, ચાનો કપ, સિગારેટનું પેકેટ અને એક સ્વપ્ન હતું કે ભારતને આંકડાઓની ભાષામાં સમજીને વિકાસના પથ પર લઇ જવું...

આ યોજના માટે 'મહાલનોબિસ મોડલ' વિકસાવ્યું. ભારતીય અર્થવ્યવસ્થાનું આંકડાકીય વર્ણન શોધીને ખામીઓ દૂર કરવા સાથે ભારે ઉદ્યોગોના વિકાસ પર ભાર મૂકતું હતું. પીસી નાના હતા ત્યારે એમના ઘરે રવીન્દ્રનાથ ટાગોર કે જગદીશચંદ્ર બોઝ જેવા વિદ્વાનોની અવરજવર રહેતી.

બાળપણમાં પી સી મહાલનોબિસ મહાકવિ ટાગોરના ખોળામાં બેસીને ગીતાંજલિની વાતો સાંભળતા. ટાગોરે તેમના માથા પર હાથ ફેરવતા કહ્યું હતું કે 'આ છોકરો એક દિવસ દેશનું નસીબ બદલશે.'

૧૯૧૩માં કેમ્બ્રિજના કિંગ્સ કોલેજમાં ગયા અને યોગાનુયોગ ત્યાં શ્રીનિવાસ રામાનુજન સાથે ગાઢ મિત્રતા થઈ. રાતભર અનંત વાતો, વિજ્ઞાનની થિયરીઓ અને સ્ટેટેસ્ટિક્સની ચર્ચા ચાલતી. રામાનુજન બીમાર પડ્યા ત્યારે પી.સી.એ તેમની સેવા કરી, તેમની નોટબુકો સાચવીને ભારત પાછા લાવ્યા હતા. કેમ્બ્રિજની લાઇબ્રેરીમાં એક દિવસ તેમણે 'બાયોમેટ્રિકા' નામનું જર્નલ ઉઠાવ્યું. કાર્લ પિયર્સન અને રોનાલ્ડ ફિશરના લેખોએ તેમને એટલા પ્રભાવિત કર્યા કે તેમણે ભૌતિકશાસ્ત્ર છોડીને આંકડાશાસ્ત્ર અપનાવ્યું. આ ચેન્જ માટે હંમેશાં કહેતા કે, ભૌતિકશાસ્ત્રમાં એક પ્રયોગ હોય પણ આંકડાશાસ્ત્રમાં દરેક માણસ જ પ્રયોગ હોય છે...!'

૧૯૨૩માં નિર્મલકુમારી (રાણી) મૈત્ર સાથે લગ્ન થયાં. રાણીબહેન પણ શિક્ષણશાસ્ત્રી હતાં અને તેમની સાથે મળીને ગામડે-ગામડે સર્વે કરતાં, રાત્રે બંને એકસાથે બેસીને આંકડા ભરતા. રાણીબહેન કહેતાં, આ માણસ રાત્રે ચાર વાગ્યે પણ ચા પીને કામ કરે છે, પણ તેની આંખોમાં ભારતનું સ્વપ્ન ચમકે છે.

૧૯૩૦ના દાયકામાં પી.સી. અને રાણીબહેન બંગાળના ગામડે-ગામડે ફરતા, લોકોનું માથું, નાક, ઊંચાઈ, વજન માપતા. એક રાત્રે ચા પીતા-પીતા લખી નાખી એક ફોર્મ્યુલા : 'મહાલનોબિસ અંતર ($D^2$).' આ ફોર્મ્યુલાએ વિશ્વના આંકડાશાસ્ત્રને બદલી નાખ્યું. એનો અર્થ એવો થયો કે પીસી અમૂર્તસ્વરૂપે આજે પણ આપણી આસપાસ હયાત છે. આ બંગાળી બાબુ આજે પણ ક્યાંક ચા પીતા પીતા આપણા સપનાની દુનિયા બનાવી રહ્યા છે. તેમના બસો કરતાં વધુ સંશોધનો કૃષિથી માંડીને માણસ કેટલીવાર ચા પીવે છે ત્યાં સુધીના રસપ્રદ આંકડા પ્રસ્તુત કરે છે. ૧૯૩૧માં, જ્યારે પૂર્વી ભારતમાં મોન્સૂનની તેમજ પૂરની સ્થિતિ અસામાન્ય બનતી હતી ત્યારે તેમણે ઓડિશા અને બંગાળમાં વરસાદ અને પૂર પર વ્યવસ્થિત સાંખ્યિકીય અભ્યાસ કર્યો, જેના પરિણામે પૂર નિયંત્રણ માટે ઓડિશામાં વિશ્વનો સૌથી લાંબો હીરાકુંદ બંધ અને પશ્ચિમ બંગાળમાં દુર્ગાપુર બેરેજનું નિર્માણ થયું હતું. ■

**ધ એન્ડઃ**

*આંકડાશાસ્ત્ર વિજ્ઞાનનું વ્યાકરણ છે. (કાર્લ પિયર્સન)*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# છલકે દૂધનો દરિયો રે...



એક સમયે આ દેશમાં ઘણાં લોકો ગાય કે ભેંસ ઘરમાં રાખતા. કહેવાય છે કે માણસ જાતના એ બહુ મુશ્કેલીભર્યા અઘરા દિવસો હતા. બિચારાઓએ સવારે જલદી ઊઠવું પડતું, ગાય કે ભેંસને દોહીને દૂધ કાઢવું પડતું, ગાય-ભેંસને ચારો નાખવાનો, એની સાફ-સફાઈ કરવાની વગેરે વગેરે કરવું પડતું. એટલે જ પછી લોકોને કહેવામાં આવ્યું કે ઘરમાં ઢોર પાળીને શું કરશો? સરકારી ડેરી પર ભરોસો કરો. તમને થેલીમાં કે બોટલમાં સારું દૂધ મળી જશે એટલે મોટાભાગનાં લોકોએ હવે ઢોરને ઘરમાં રાખવાના છોડી દીધા અને બધી મુશ્કેલીઓથી છૂટકારો મેળવ્યો. હવે ના તો દૂધ દોહવું પડે છે અને ના ઘાસચારાની માથાકૂટ! પણ હા, એણે વહેલા તો ઊઠવું જ પડે છે. જે સમયે એ દૂધ દોહીને કાઢતો હતો બરાબર એ જ સમયે હવે એ દૂધ દોહવાને બદલે દૂધની ડેરી કે દુકાનની લાઈનમાં ઊભો રહે છે. પ્રગતિની સફરમાં બાળકોનાં દૂધ માટે એ લાઈનમાં ઊભો રહીને એટલો જ હેરાન થાય છે જેટલો એ પહેલા થતો હતો.

ઢોર હવે જાહેર ક્ષેત્રમાં કે રાજકારણમાં જતા રહ્યા છે. એ હવે શિંગડા પહેલા મારશે ને દૂધ પછી આપશે. વહાલ કરવાથી કે પ્રેમ કરવાથી એ કાંઈ દૂધ વધારે આપશે નહીં. એટલું જ દૂધ મળશે જેટલા એમનાં ખિસ્સામાં પૈસા હશે અને નસીબમાં લખ્યું હશે.

જૂના જમાનાના લોકો દૂધ, માખણની લાલચમાં ઢોરના વિશે વાતો કરતાં ત્યારે એમને ધાર્મિક અને રૂઢિચુસ્ત માનવામાં આવતા હતા. હવે આજનો માણસ ઢોરની નહીં, દૂધની વાત કરે છે. અંગ્રેજી મિડિયમમાં ભણતા બાળકોને જો સવાલ પૂછવામાં આવે કે- 'દૂધ ક્યાંથી આવે છે?' તો એમાંથી મોટાભાગના છોકરાઓ જવાબ આપશે કે- 'દૂધ ડેરીમાંથી મળે છે, આર.એ. કોલોનીમાંથી આવે છે, મધર ડેરીમાંથી મળે છે, અમૂલ ડેરીમાંથી આવે છે.' છાપાઓમાં દૂધ વિશેની ફરિયાદ છપાય છે, પણ ઢોર વિશે નહીં. હવે ઢોરને લઈને આ દેશમાં બધાં જ પ્રશ્નો પૂરા થઈ ગયા છે. સિવાય કે ગામડાં ને શહેરોમાં રખડતાં ઢોરનો.

જે રીતે અવનવી જાહેરાતો દ્વારા તમને આઈસક્રીમ તરફ આકર્ષિત કરવામાં આવે છે, એવી જ રીતે હવે દૂધની પણ જાહેરાત થાય છે. જેવી રીતે છોકરાઓ જાહેરાતમાં આઈસક્રીમ જોઈને ખુશ થાય છે અને એમને લાગે છે કે કેવી સરસ છે અને કેટલી બધી આઈસક્રીમ છે? એવી જ રીતે દૂધની જાહેરાતમાં પણ બતાવાય છે કે જુઓ-

'આ દૂધની ગુણવત્તા બહુ સરસ છે અને એ સ્વાદમાં ઉત્તમ છે.'

આણંદમાં, આર.એ. કોલોનીમાં, એમ બધે જ સરકારી ડેરીઓ છે. આજકાલ તો સરકાર પોતાની બધી સ્કીમને 'ક્રાંતિ લાવનાર' એમ સંબોધે છે. દૂધ પણ એ ક્રાંતિમાં આવી ગયું છે. જે મોંઘી દૂધની બોટલ કે થેલી તમને મળે છે, એ ક્રાંતિને કારણે નસીનજોગે તમને મળી રહી છે અને જે રીતે દૂધ ક્રાંતિના લાભ સાધારણ જનતા સુધી નથી પહોંચી શકતા, એ જ રીતે દૂધ પણ એક જગ્યા ભેગું થઈ જાય છે પણ એના વિતરણની વ્યવસ્થા નબળી છે. સરકારે ડેરી નામની એક ભેંસ તો લાવીને ઊભી કરી મૂકી છે, પણ એના પર આંચળ નથી લગાડ્યા. સરકારી ખાતાને દૂધ ખરીદતા આવડે છે પણ વેંચતા નહી!

દૂધ, ના વેચાય એની તો કોઈ ચિંતા જ નથી. જો બજારમાં ઘી અને માખણના ભાવ સારા મળી રહ્યા હોય તો પછી દૂધનું વિતરણ વધારવામાં એ લોકો શું કામ રસ લે? એ દૂધમાંથી માવો બને રાખશે અને તમે એની મીઠાઈ ખાધે રાખશો.

પહેલાં આ દેશમાં દૂધની નદીઓ વહેતી હવે દૂધનો દરિયો વહે છે, માખણના પહાડ છે, ઘીના તળાવ છે, પનીરના ઘાટ છે! બધે દૂધાળાં સમાચારો છે, જાહેરાતો છે, જલસા છે પણ ગરીબોના બાળકો માટે સારું દૂધ સસ્તું નથી મળતું. ઢોરથી આઝાદી અને દૂધની શ્વેત ક્રાંતિનું આશ્વાસન મળ્યા પછી પણ ગરીબ માણસ ત્યાંનો ત્યાં જ છે, જ્યાં એ ગાય-ભેંસ સાથે હતો.


ટ્રેનના ડબ્બામાં દૂધ ભરાઈને સરકારી ડેરી તરફ જઈ રહ્યું છે. સ્ટેશન પર ઊભેલી ટ્રેનની બારીમાંથી એક મા આમતેમ નજર દોડાવી રહી છે : શું આ સ્ટેશન પર મારા બાળકને માટે દૂધ મળશે? ના. નહીં મળે. એ દૂધની ચોકલેટ બનશે, ચીઝ બનશે, ત્યારે એ તું તારા બાળકને આપજે! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# અડાલજ વાવઃ ૩૬૦ ડિગ્રીમાં અદ્ભુત તસવીરી ને ઈતિહાસ

આજનો યુગ કૅમેરાની કલાનો છે. જી હા, અત્યારે તમામ કૅમેરામેન છે, કેમ કે તમામનાં હાથમાં મોબાઈલ છે. આમ તો સામાન્ય કૅમેરા આપણે જોતા હોઈએ પણ ઈન્સ્ટા ૩૬૦ જે કૅમેરામાં બે લેન્સ આવે છે આગળ, પાછળ જેનાથી આખું ચિત્ર ગોળાકાર ૩૬૦ ડિગ્રીમાં જોઈ શકાય છે તો આજે ગુજરાતની વિશ્વ વિખ્યાત અડાલજ ગામનાં પાધરમાં આવેલ અડાલજ વાવ જેને રૂડીબાઇની વાવ તરીકે ઓળખાય છે, જેનો ઇતિહાસ પણ જાણીએ.

અડાલજનું મૂળ (જૂનું) નામ ગઢપાટણ હતું, જેના પ્રાચીન અવશેષો આજે પણ ભૂગર્ભ જણાય છે. પૂર્વે વીરસિંહ વાઘેલાએ દંડાહી દેશમાં અડાલજને રાજધાની બનાવી વેબુદેશના સામંતી ઠાકોરને હરાવી તેની પુત્રી લાલબા સાથે ક્ષાત્રીય લગ્ન કર્યાં, તે લાલબા પોતાના રૂપ અને સૌંદર્ય તથા રૂડા કાર્ય કરવાથી રૂડીબાઈ નામે ઓળખાયાં. સંવત ૧૫૫૦માં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડવાથી રાણીનું દિલ દ્રવી ગયું તેથી તેમણે રાજ્યના ખજાનામાંથી પાંચ લાખ ટંકા (સુવર્ણ મુદ્રા) ખર્ચી મંદિર જેવી દેદીપ્યમાન વાવ બનાવડાવી, જેથી પ્રજા સુખી થઈ. સંવત ૧૫૫૫ માઘ માસની પાંચમ અને બુધવારે રેતિયા પથ્થર વડે ભવ્યાતિભવ્ય વાવનો શિલાન્યાસ કર્યો. રાણીના નામ પરથી આ વાવ 'રૂડાબાઈની વાવ' તરીકે ઓળખાય છે. જોકે આજે તો 'અડાલજની વાવ'તરીકે વિશ્વવિખ્યાત છે. આજે 'અડાલજની વાવ'થી વિશ્વવિખ્યાત થઈ છે. અમદાવાદ અને ગાંધીનગર નજીક હોવાથી પ્રવાસન ક્ષેત્રે ખૂબ જ આ વાવને નામના મળી છે. વિશાળ પથ્થરની કોતરેલી કમાનો ચોરસ ભાત ઊપસાવે છે. પાંચ માળ સુધી પગથિયાં છે, જેથી તેને પગથિયાવાળી વાવ પણ કહે છે. વાવમાં પ્રવેશવા માટે ત્રણ જગ્યાએ દ્વાર છે. અંદર પ્રવેશતાં વચ્ચે એક ફળિયું આવે છે, જ્યાં ગોળાકાર કળાકૃતિથી મંડિત ફરતા પથ્થરો નયનરમ્ય લાગે છે. સૂરજનાં કિરણોનો લહાવો અતુલ્ય છે. ત્યાંથી થોડે દૂર જતાં જ કળાખચિત ઝરૂખા આવે છે. ચોમાસામાં સમગ્ર વાવ પાણીથી ભરપૂર હોય છે. એ વખતે ઝરૂખામાં બેસીને શીતલહેરની મજા માણી શકાય છે. બરાબર વાવની સામે ઊભા રહેતાં ઊંડે સુધી ચોરસ આકૃતિનો ભાસ જે ભાસ થાય છે તે જ 'અડાલજ વાવ'ની અતુલ્ય ઓળખાણ છે. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ‘અમેરિકા’ વેચાઈ ગયું, ૧૨ મિલિયન ડૉલરમાં!



ઉતાવળે અભિપ્રાય નહીં બાંધી લેતા. યુધિષ્ઠિર ચોપાટમાં ‘ઈન્દ્રપ્રસ્થ’ શહેર હારી બેઠા હતા એમ વિચિત્ર ખોપડીના ડોનલ્ડ ટ્રમ્પ કંઈ અમેરિકા હારી નથી બેઠા કે નથી એમણે વેચી માર્યું. જોકે, ‘અમેરિકા’ વેચાઈ ગયું એ વાત સાચી છે. અલબત્ત, એની નીલામી થઈ એમ કહેવું બહેતર રહેશે. હરાજીમાં ઊપડી ગયું એ ‘અમેરિકા’ નામનું ટોયલેટ છે. ઈટલીના આર્ટિસ્ટે બનાવેલું કલાત્મક ૧૮ કેરેટ સોનાનું ૧૦૧ કિલો વજનનું જાજરૂ ૧૨૧ લાખ ડૉલરમાં અમેરિકન બ્રાન્ડ ‘રિપ્લેઝ બિલીવ ઈટ ઓર નોટ’ દ્વારા ખરીદવામાં આવ્યું છે. કેવું કહેવાય ને કે ન માની શકાય એવી આઈટમ ગળે ન ઊતરે એવા ભાવમાં માનો યા ના માનો તરીકે ઓળખાતી કંપનીએ જ ખરીદ્યું છે. ૨૦૧૬માં યુએસના એને ન્યૂયોર્ક શહેરના ગુગનહાઈમ મ્યુઝિયમમાં પબ્લિક ટોયલેટ તરીકે બેસાડવામાં આવ્યું હતું. ત્યારબાદ એને ઓક્સફર્ડશાયરના મહેલમાં ખસેડવામાં આવ્યું હતું, પણ ૨૦૧૯માં કેટલાક ચોરટાઓ આ ટોયલેટ ઉપાડી ગયા ત્યારે એની ખૂબ ચર્ચા થઈ હતી. રસપ્રદ વાત એ છે કે ‘અમેરિકા’ અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પને ઓફર કરવામાં આવ્યું હતું, પણ અમેરિકન મ્યુઝિયમમાં અંદાજે એક લાખ લોકોએ એનો ઉપયોગ કર્યો હોવાની જાણકારી મળતા ટ્રમ્પની ઈચ્છા મરી ગઈ હતી.


નીલામી કંપની ‘સદેબિઝ’ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા અનુસાર બોલીની શરૂઆત સોનાના એ દિવસના ભાવ (આશરે ૧૦ મિલિયન ડૉલર)થી થઈ હતી. અલબત્ત, ટોયલેટના નવા માલિક એના પર ખુદ પોતે એકલા બેસસે કે બીજા કોઈને પણ બેસવા દેવા કે નહીં એ વિશે અવઢવમાં છે.

## ફિલ્મી સ્ટાઈલમાં પલાયનમાં પાવરધો



‘ઐસી કોઈ જેલ નહીં બની જો હમે કૈદ કર સકે’ ડાયલોગ થોડા શબ્દોની હેરફેર સાથે હિન્દી ફિલ્મોમાં તમે ઘણીવાર સાંભળ્યો હશે. જેલના સળિયા તોડી નાસી છૂટેલા કેદી માટે સહાનુભૂતિ ન હોય, પણ એમની કમાલ માટે વિસ્મય જરૂર થાય. યુરોપિયન દેશ અલ્બેનિયાના ૪૧ વર્ષના રહેવાસી ટોમા ટોલન્ટ હિન્દી ફિલ્મ કે એના સંવાદથી વાકેફ હોવાની સંભાવના શૂન્ય છે, પણ એ ડાયલોગના ભાવાર્થને તેણે બરાબર પચાવ્યો છે. ‘એસ્કેપ કિંગ’ તરીકે નામના મેળવનાર આ શખ્સ તાજેતરમાં ઈટલીના મિલાન શહેરની એક કડક સલામતી વ્યવસ્થાના ફૂરચે ફૂરચાં ઉડાડી પલાયન થવામાં સફળ રહ્યો હતો. હોલિવૂડ ફિલ્મના પ્લોટની જેમ આ કેદી જેલના વર્કશોપમાંથી કાનસ નામનું ઓજાર બધાની નજર ચૂકવી ચોરી પોતાની કોટડીની દીવાલની બારીના ધાતુના સળિયા કાપી પથારીની ચાદરનું દોરડું બનાવી ભાગી જવામાં સફળ રહ્યો. આ વાંચી તમને હિન્દી ફિલ્મનું દ્રશ્ય પણ યાદ આવી ગયું હશે. આમાં મજાની વાત એ છે કે કડક ચોકી પહેરા છતાં ભાગવામાં એ કારણસર સફળ રહ્યો કે સુરક્ષા કર્મચારીઓની ડ્યૂટી બદલાઈ રહી હતી એ જ સમયે મિસ્ટર ટોમાએ છલાંગ મારી હોવાથી સિક્યોરિટી એલાર્મ વાગ્યું જ નહીં. જોકે, ભાગવામાં માહેર આ શખ્સ સંતાઈ જવામાં હોશિયાર ન હોવાથી પકડાઈ ગયો. અગાઉ ત્રણ વાર પલાયન થઈ જવામાં સફળ રહેલા આ કેદીની ‘આવડત’ લોકોમાં કુતૂહલનો વિષય બની ગયો છે.

## બિહાર સે આયા મેરા દોસ્ત, દોસ્ત કો બોટલ દે દો!



રજા પડે એની મજા માણવા વલસાડ, સુરત કે એની આસપાસ રહેતી દોસ્તારોની ટોળી દમણ પહોંચી જાય એ વણલખ્યો શિરસ્તો છે. દમણ જ કેમ એનો જવાબ હિન્દી ફિલ્મ ગીત ગાઈને આપવો હોય તો ‘થોડી સી જો પી લી હૈ, ચોરી તો નહીં કી હૈ’ જેવા ઢગલાબંધ ઉદાહરણ હાજર છે. ડ્રાય સ્ટેટ (દારૂબંધી હોય એવાં રાજ્યો)માં રહેતા છાંટોપાણીના શોખીનો શરાબની બાબતમાં આંગળી આપો તો પહોંચો પકડે એવા હોય છે. રાજ્યની સરહદ ઓળંગી નથી અને ચિયર્સના ગગનભેદી નારા થયા નથી. દારૂબંધીનો કાયદો ગુજરાત ઉપરાંત બિહાર તેમ જ મિઝોરમ અને નાગાલેન્ડમાં પણ છે.

તાજેતરમાં સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં વરરાજાને પરણાવવા જાન બિહારથી નીકળી હતી. રસ્તામાં બીજો ઘણો આનંદ કર્યો પણ ‘ઢક્કન ખોલ કે’ જેવી મજા તો ન જ આવે. બિહારની સરહદ પાર કરી ઝારખંડમાં દાખલ થયા કે ‘મૈંને હોઠોં સે લગાઈ તો હંગામા હો ગયા’ દરેકે દરેક જાનૈયાના મોઢે રમવા લાગ્યું અને સુકાઈ ગયેલા હોઠ ભીના થવા લાગ્યા. કેટલાક લોકો તો વધુ પડતું લીધું હોવાથી ઢળી પડ્યા પછી જાન સમયસર માંડવે માંડ માંડ પહોંચી. બિહારથી આવતા ‘તરસ્યા’ લોકોને બરાબર ઓળખતા ઝારખંડના કેટલાક ભેજાબાજ લોકોએ બિહારની સરહદ પૂરી થાય અને ઝારખંડની સીમા શરૂ થાય ત્યાં ‘વ્યવસ્થા’ તૈયાર રાખી હોય છે. બિહારી બારાત ઝારખંડ જવાની હોય તો લોકો હોંશે હોંશે વરઘોડામાં સામેલ થાય છે - ‘ભીના થવા’ મળશે એ આશાએ...

## સંતરાનું વિટામિન ને છાલથી માલામાલ



એક વાતથી બે ફાયદા થાય એ માટે વપરાતી ‘આમ તો આમ ગુઠલિયોં કે ભી દામ’ કહેવતથી ‘મુંબઈ સમાચાર’ના વાચકો સુપેરે પરિચિત હશે. આ કહેવતનો ભાવાર્થ ચીનના ગુઆંગડોંગ પ્રાંતના રહેવાસીઓ અનુભવી રહ્યા છે. નાગપુર મહારાષ્ટ્રના શિયાળુ પાટનગર તરીકે ખ્યાતિ ધરાવવા ઉપરાંત ‘સંતરાના શહેર’ તરીકે પણ નામના ધરાવે છે. જોકે, ચીની પ્રાંતે સંતરાને લઈને નાગપુર કરતાં અનેકગણી લોકપ્રિયતા મેળવી છે. અહીં સંતરાને ખૂબ મળતા આવે એવા ‘ક્લેમેન્ટાઈન’ ફ્રૂટ ખાઈ વિટામિન ‘સી’નું પોષણ મેળવવા ઉપરાંત એ ફળની છાલ વેચી અનેક લોકો માલામાલ થઈ રહ્યા છે. આ વાંચીને કદાચ બે ઘડી વિશ્ર્વાસ નહીં બેસે, પણ હકીકત એ છે કે ૧૦ વર્ષ જૂની છાલની કિંમત પ્રતિ કિલો ૧૨ હજાર રૂપિયા છે. ચોંકી ગયા હો તો આગળ વાંચો:

જો છાલ ૫૦ - ૬૦ વર્ષ જૂના ‘ક્લેમેન્ટાઈન’ની હોય તો લાખો રૂપિયા પણ એના ઊપજે. માર્કેટમાં આ છાલની એવી ડિમાન્ડ છે કે માલ આવતાની સાથે ‘આઉટ ઓફ સ્ટોક’ થઈ જાય. જોકે આ કોઈ ઘેલછા કે ગાંડપણ નથી, બલકે સદીઓ જૂની પરંપરા જે આજે ઈન્વેસ્ટમેન્ટ સ્વરૂપમાં મહોરી ઉઠી છે. પારંપરિક ચિકિત્સામાં આ છાલ ઔષધીય ગુણોને કારણે વિશેષ મહત્ત્વ ધરાવે છે. એમાંય કોવિડ મહામારી પછી આયુર્વેદ માટે આસ્થા વધી હોવાથી છાલ આર્થિક છત્ર બની ગઈ છે.

## લ્યો કરો વાત!

*મોડર્ન સાયન્સ દિવસે દિવસે જે નવા સંબંધો અને સમીકરણો શોધી રહ્યું છે અને નવી શોધખોળો કરી રહ્યું છે એ જોતા આંખો આશ્ચર્યથી પહોળી થતી જાય છે અને મગજ હેરત પામતું જાય છે. એક અહેવાલ પ્રમાણે વૈજ્ઞાનિકો શનિ નામના ગ્રહ (અહીં ખગોળશાસ્ત્રની વાત છે, જ્યોતિષની નહીં, પ્લીઝ)ના ઉપગ્રહો તેમ જ એના વલયમાંથી સંગીત ઉત્પન્ન કરવામાં સફળ રહ્યા છે. ગ્રહની તાલબદ્ધ ભ્રમણકક્ષાને મ્યુઝિકલ ઓક્ટેવ (આપણે સાત સૂરની સરગમ કહીએ અને વિદેશમાં ઓક્ટેવ કહેવાય)માં રૂપાંતરિત કરવામાં સફળ રહ્યા હતા. અમેરિકન સ્પેસ એજન્સી ‘નાસા’એ બે દાયકા પહેલા તરત મુકેલા કેસીની સ્પેસક્રાફટના મિશનની પૂર્ણાહુતિની ઉજવણી નિમિત્તે આ પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ અવકાશયાન કેટલાક સમયથી શનિ ગ્રહની માહિતી એકઠી કરી રહ્યું હતું. વૈજ્ઞાનિકોના મતે વલયોને કારણે ગ્રહમાળાનો શનિ એક માત્ર ગ્રહ છે, જ્યાં સંગીતનો ધ્વનિ પેદા થાય છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કન્યા કેળવણીની જેમ કુમાર કેળવણી કયારે શરૂ થશે?**
* કન્યાની કતાર પૂરી થયા પછી...

**કહ્યાગરા કંથની પત્ની કેવી હોય?**
* જેલર જેવી...

**ઉડાવીએ છતાંય ઊડે નહી એ શું?**
* હાંસી અને ઠેકડી...

**રાત થોડી અને વેશ ઝાઝા કરવા પડે તો?**
* બહુરૂપી બનવું પડે...

**‘કહું છું સાંભળો છો?’ એવું પત્નીનું પેટેન્ટેડ વાક્ય પતિ ના સાંભળે તો?**
* ના સાંભળવાનું ઘણું સાંભળવું પડે...

**ના કરે એ નારાયણ...અને કરે તો?**
* રામાયણ...પારાયણ...

**બિલાડું કોથળામાંથી નીકળે...તો કૂતરું ક્યાંથી નીકળે?**
* કોથળા ખડકયા હોય ત્યાંથી!

**તકદીર પલટાય તો?**
* પડી જવાય ને ઉપડી પણ જવાય ...

**ભગવાન ભૂલો પડેલા ક્યાં જતા હશે?**
* ઘેર પાછા!

**મારે સાળી નથી. શું કરું?**
* ધરમની સાળી શોધી લો!

**જમાના હમસે હૈ... હમ જમાને સે નહીં... તો?**
* જમાને કો બદલ ડાલો.

**જલસા અને સાલસામાં ફરક શું?**
* બંનેની નાચવાની સ્ટાઈલ જુદી...

**લોકો જુઠ્ઠુ કેમ બોલતા હશે?**
* સાચું બોલવાની ટેવ છૂટી ગઈ છે એટલે...

**રાજ માર્ગ કેવો હોય?**
* રાજા જ્યાંથી ના નીકળતા હોય એવો.

**ડબલ ડેક્કર બસની જેમ ડબલ ડેક્કર રીક્ષા બને તો?**
* આનું સ્ટાર્ટ અપ ચાલુ કરી દો....

**આંટાફેરા મારવાથી શું થાય?**
* નવી નવી ઓળખાણ...

**ધક્કો ખાવો સારો કે ધક્કો મારવો સારો?**
* જેમાં વધુ ફાયદો હોય એનો ધક્કો મારવો...

**ધરમની પત્નીને શું કહેવાય?**
* હેમા માલિની... !

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# માઠાં કામનાં માઠાં પરિણામ!

ઘણીવાર પરસ્પર થતા વ્યવહારમાં અવરોધ આવવા પાછળ, નાનકડું કારણ પણ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે. એક એવી ચોવક છે કે, ‘વટી હિકડો ખણે, વાટ મિણીજી વિઝે’નો અર્થ થાય ‘માર્ગ બંધ થઈ જાય કે પરસ્પર વ્યવહારના સંબંધો અટકી જાય. ‘વટી’નો અર્થ થાય છે ‘વાટકી’. ‘ખણે’ એટલે ઉપાડે, પણ અહીં તેનો ચોરી કરવાના સંદર્ભમાં પ્રયોજવામાં આવ્યો છે. ‘મિણીજી’ એટલે બધાની. શબ્દાર્થની સમગ્રતા જોઈએ તો, એવો અર્થ થાય છે કે, વાટકીની ચોરી (આપણામાંથી) કોઈ એક જણ કરે પરંતુ તેના કારણે બધા જ બદનામ થઈ જાય અને પરિણામે બીજા (પરિવારના) સભ્યો માટે પણ માર્ગ બંધ થઈ જાય કે પછી વ્યવહારનાં દ્વાર ભીડાઈ જાય. પરંતુ ભાવાર્થ કંઈક એવો થાય છે કે, ગુનો ભલે કોઈ એક જણ કરે પણ તેનાં માઠાં પરિણામ પરિવારના અન્ય સભ્યોએ ભોગવવાં પડે છે. અહીં ‘વટી’ કે વાટકી, એ ઉદાહરણરૂપ વસ્તુ છે, પણ જ્યારે ચોરીની વાત આવે ત્યારે કોઈનાં આંગણાની ધૂળની પણ રજા વગર ચપટી ભરીને લઈ લેવી એ પણ ચોરવૃત્તિ જ ગણાય!

સંતાપ અત્યંત રીતે વ્યક્તિનાં માનસને નબળું બનાવે છે, એટલું જ નહીં વધુ સંતાપના કારણે માણસનું હીર લૂપ્ત થઈ જાય છે. માણસને ખાવા ઓછું મળે તો ચાલે, એ એટલો નબળો ન પડે જેટલો સંતાપથી નબળો પડે છે. એક એવી ચોવકની રચના થઈ છે, જે માનવ જીવનની પ્રાકૃતતાનાં દર્શન કરાવે છે. એ ચોવક છે: ‘ભૂખ ન ખાય ડુખ ખાય’ ચોવકમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દોમાં ‘ભૂખદ એટલે ‘ભૂખ’, ‘ખાય’નો અર્થ થાય છે ‘નબળો પાડે’ કે માણસ ભૂખથી નબળો પડે એ અર્થમાં, અને ‘ડુખ’ એટલે કે દુ:ખ, સંતાપ. સંતાપ દેહની પીડાનો હોય તેમ માનસિક પીડાનો પણ હોય. દેહના દર્દની દવા હોય છે, તેમ સંતાપ તો તેનાં કારણો દૂર થાય તો જ ઘટી શકે! એવાં દુ:ખોની દવા સમય પણ બની રહે છે. એટલે જ ચોવક કહે છે કે, ‘એડા ડુખ ડંધે સેં કતરાજી વેંધા.’

શબ્દાર્થ એવો થાય છે કે, એવાં દુ:ખ સહન કરી લેવાં! ‘એડા’ એટલે એવાં, ‘ડુખ’નો અર્થ થાય છે દુ:ખ, ‘ડંધેસેં’નો મતલબ થાય છે, દાંતથી અને ‘કતરાજી’ એટલે કપાઈ જવાં, ‘વેંધા’ એટલે જશે. ચોવક એવા સંતાપ કે દુ:ખનો ભોગ બનનાર વ્યક્તિના મનોબળની અહીં વાત કરે છે. દુ:ખ ‘દાંતથી કપાઈ જવાં’ કે ‘ચવાઈ જવાં’ એ માત્ર શબ્દની રમત છે. વળી આ ચોવક પર રૂઢિપ્રયોગની છાયા પણ સ્પષ્ટ પણે જોવા મળે છે. ‘ડંધેંસે કતરાજી વેંધા’ આ શબ્દો રૂઢિગત મનોબળ કે સહનશક્તિનાં દર્શન કરાવે છે. મૂળમાં હસતાં હસતાં દુ:ખનો સમય પસાર કરી લેવાની જ વાત છે આ ચોવકમાં!

એવા જ મતલબની બીજી ચોવક પણ પ્રચલિત છે. ‘ઓજરી જો બર તેંકે કેંજો ડર?’ ચોવકમાં સુંદર રીતે રમાયેલી શબ્દોની રમત જોવા મળે છે. આમ તો, સામાન્ય રીતે એવો અર્થ થાય છે કે, આત્મબળ ધરાવતી વ્યક્તિને દુ:ખનો કેવો ડર? ‘ઓજરી’ શબ્દનો પ્રયોગ અહીં કરવામાં આવ્યો છે, આમ તો ‘ઓજરી’ એટલે હોજરી, પણ અહીં આત્મબળના અર્થમાં મૂકવામાં આવ્યો છે. ‘ઓજરી’ સાથે ‘બર’ શબ્દને જોડવામાં આવ્યો છે, જેનો અર્થ થાય છે, શક્તિ અને ‘કેંજેં’ શબ્દનો અર્થ છે ‘કોનો’ અને ‘ડર’ એટલે ભય. આમ તો કચ્છીમાં ‘ડર’ને ‘ભો’ પણ કહેવાય છે. જે ‘ભય’નો અર્થ ધરાવે છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પતિ એ પરમેશ્વર કે પછી પે- સ્લીપ એ જ ઈશ્વર?

હમણાં હમણાં લગ્ન સંસ્થા ખૂબ જ ચર્ચામાં છે. ક્યાંક લગ્ન પ્રસંગમાં થતા બેફામ ખર્ચાઓની ચર્ચા છે તો વળી ક્યાંક સાદાઈથી થતા લગ્ન અને સમુહ લગ્નોના વખાણ સાંભળવા મળે છે. કોઈ વળી એવી વાતો કરે છે કે, આ લગ્ન પરંપરા ૨૦૩૦ સુધી ટકે તો સારું!

બીજા પાસાની વાત કરીએ તો આજે દીકરા- દીકરીના લગ્ન થવા સામે અનેક પ્રશ્નો સર્જાયા છે. દીકરા- દીકરીની ઉંમર મોટી થવા છતાં પસંદગીનાં પાત્ર મેળવવામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ તકે પ્રાચીન સમયને યાદ કરવો પડે. એ સમયે બે પારિવારિક સંબંધો ધરાવતાં કુટુંબો બાળક જન્મે એ પહેલાં સગાઈ નક્કી કરી લેતા. સગાઈ કર્યાના પ્રતીક રૂપે બન્ને માતાના પેટ પર ચાંદલા કરવામાં આવતા. ગર્ભિત રીતે એવું નક્કી થતું કે જો બંને માતા દીકરાને જન્મ આપે કે પછી બંને માતાઓ દીકરીને જન્મ આપે તો એ સગાઈ ફોક થતી અન્યથા એ સગાઈ કાયમ રહેતી.

આમ ગૃહસ્થાશ્રમ આગળ વધતો. આ બાબતે નહોતા કોઈને ગમવા ન ગમવાના પ્રશ્નો કે પછી નહોતો કોઈ અન્ય વિરોધાભાસ! આમ જ જિંદગી જીવાય જતી. જ્યારે આજનો સમય સરખાવીએ તો ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે. ટેક્નોલોજીના વિકાસની સાથે સાથે જ્ઞાન અને સમજણનો વિકાસ થવાથી વિચારધારા બદલાઈ હોય એ સમજી શકાય છે, પરંતુ પસંદગીના પાત્ર સાથે સંસાર માંડવામાં આવતો હોય, લગ્ન પહેલાં મહિનાઓ સુધી ડેટિંગ કર્યું હોય તેમ છતાં અમુક લગ્ન તો છ મહિના કે એકાદ વર્ષ માંડ ટકે છે અને છૂટાછેડામાં પરિણમે છે. આવી ઘટના ચિંતા પ્રેરક છે.



આજે ૩૦ / ૩૨ વર્ષની દીકરી થાય અને ૩૫ કે તેથી વધુ વર્ષનો દીકરો થાય ત્યાં સુધી સગાઈ થતી નથી. આ પ્રશ્ન પણ ચિંતા ઉપજાવે તેવો છે. સગાઈ મોડી થવા વિશે દીકરા કરતાં દીકરીઓ વધુ જવાબદાર હોય છે. દીકરીઓની અપેક્ષાઓ વધતી જાય છે. માગણીઓ અમર્યાદ હોય છે. જે ન સંતોષાતા તેની ઉંમર વધતી જાય છે અને સામે દીકરાને પણ પાત્ર નહીં મળતા એ પણ મોટો થતો જાય છે.

દરેક દીકરીને શહેરનો મોહ છે. કોઈને ગામડામાં પરણવું નથી. ‘મારે તો સુરતની બહાર જવું જ નથી!’ ‘મને અમદાવાદ સિવાય દમ ઘુંટાય!’ ‘મુંબઈની બહાર ના પરણાય મરી જવાય!’ ઈત્યાદિ, ઈત્યાદિ... ચોક્કસ શહેરમાં પરણવાની સાથે સાથે પણ પેટા પસંદગીઓ આવે છે: વરાછાવાળીને કામરેજ નથી પરણવું, તો નરોડાવાળીને બોપલમાં નથી પરણવું, ચર્ચગેટવાળી કન્યાને કાંદિવલીમાં નથી પરણવું, કાલાવડ રોડવાળીને ભક્તિનગરમાં નથી પરણવું...

આમ ને આમ લગ્ન મોડા થતા જાય ને ઉંમર વધતી ચાલે. આ સિવાય બીજાં પણ કારણો જવાબદાર છે, જેમકે

કેટલાકને સારા ઘરનું માગું આવે ત્યારે વાત આગળ ચલાવ્યા વિના સીધુ જ રોકડું પરખાવે છે કે ‘અમારી દીકરી તો હજી ભણે છે અથવા હજુ નાની છે’... ‘જોઈન્ટ ફેમેલી છે!’ ’મુરતિયાનું આઠ જણાનું કુટુંબ છે અને એમાં સૌથી નાની વહુ ના થવાય.’... ‘અમારે તો આગળ પાછળ કોઈ ના હોય, એવો વરરાજો શોધવો છે.’ આમ વડીલોની હૂંફ અને સાથ તમામ કપલને જોઈએ છે, પરંતુ વડીલો કોઈને નથી જોતા

હવેની છોકરી તો મુરતિયો જોવા આવે ત્યારે જ માઈક્રો ઓબ્ઝરવેશન કરી લે છે : ‘એ કઈ ગાડીમાં આવ્યો ? તેની પાસે ક્યો મોબાઈલ છે? મને MI નો મોબાઈલ તો ગીફ્ટ નહી આપે ને? મારે તો આઈ ફોન જ જોઈએ.’

સૌ કોઈ જાણે છે કે, માત્ર બેંક - બેલેન્સ, મોંઘી ગાડી અને મોટા બંગલા જોઈને હરખે હરખે પરણનારી કેટલીય કન્યાઓને ફાઈવ સ્ટાર બંગલામાં ઝેર પીવાના દિવસો આવ્યા છે! બાકી છોકરો ત્રેવડવાળો હોય, સદ્‌ગુણી લાગે તો આર્થિક પરિસ્થિતિ બાજુમાં રાખીને પરણી જવામાં જ ડહાપણ છે. વર કન્યાનો એક બીજા પરનો ભરોસો મજબૂત થશે તો કોઈ પણ પરિસ્થિતિમાંથી રસ્તો મળશે જ!

કલેક્ટર કે કમિશ્નરને પરણવાના સ્વપ્ન જોનારી, ઉંમર વધતાં, સરકારી બેંકના પટ્ટાવાળાનું મંગળસૂત્ર પહેરવા મજબૂર બનતી હોય છે ! ઘણી કન્યાઓ ‘પતિ એ જ પરમેશ્વર નહીં,’ પરંતુ પે- સ્લીપ એ જ ઈશ્વર’ સૂત્રને વળગી રહીને આખરે દુ:ખી થાય છે.

જો આમ જ લગ્ન મોડા થવાની પરિસ્થિતિ યથાવત રહેશે તો સમાજ સામે નવા પ્રશ્નો સર્જાશે. એક નજર એ બાબત પર પણ દોડાવીએ:

જો દીકરા-દીકરીઓ ૨૦-૨૨ વર્ષે લગ્ન કરે તો ૧૦૦ વર્ષમાં પાચ પેઢી આવે. ૨૫ વર્ષે લગ્ન થાય તો ૪ અને ૩૩ વર્ષે લગ્ન થાય તો માંડ ૩ પેઢીઓ આવે. આમ, આપણી પેઢીઓ ઝડપથી ઘટતી જશે.

હવે બીજું ગણિત:

૧૦૦ માણસ = ૫૦ દંપતી

જો દરેક દંપતી પાસે માત્ર ૧ જ બાળક હોય આગલી પેઢીમાં ૪૫-૪૬ માણસો બચે. ત્રીજી પેઢીમાં તો લગભગ ખતમ!

આ કોઈ ડરામણી ભવિષ્યવાણી નથી, આ ગણિત છે. ગામડાંઓ ખાલી થઈ રહ્યાં છે. ચૂલા ઠરી ગયા છે, ક્યાંય બાળકોની કિલકારી નથી. દર ચાર દંપતીમાંથી એક પાસે બાળક જ નથી! છૂટાછેડાનો દર સૌથી ઝડપથી વધી રહ્યો છે. અનેક દીકરા-દીકરીઓ કુંવારા છે, લગ્નનું નામોનિશાન નથી.

આને શું કહેશું, આધુનિકતા? કે આત્મવિનાશ? ■

# નાગપુરમાં વિસ્ફોટકો બનાવતી કંપનીની ઍરસ્ટ્રીપ પર ડ્રોન દેખાયું: ગુનો દાખલ

નાગપુર: નાગપુરમાં સંરક્ષણ સંબંધિત ઉત્પાદનોની ઉત્પાદક સોલાર ઇન્ડસ્ટ્રીઝની ઍરસ્ટ્રીપ (હવાઇપટ્ટી) પર અજ્ઞાત ડ્રોન ઊડતું જોવા મળતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રશાસન દ્વારા આ પ્રકરણે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. હર્ષ પોદ્દારે જણાવ્યું હતું કે કોંઢાલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નાગપુર-અમરાવતી માર્ગ પર સ્થિત કંપનીની ઍરસ્ટ્રીપ પર ૯ ડિસેમ્બરે સાંજના ૭.૧૫ વાગ્યે ડ્રોન ઊડતું જોવા મળ્યું હતું. અંધકારને લીધે તેનો અચૂક આકાર નક્કી કરી શકાયો નહોતો, એમ કોંઢાલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

સોલાર ગ્રૂપના સિક્યુરિટી સ્ટાફે આકાશમાં લાઇટ્સ ટમટમતી જોઇ હતી. તેમણે ત્વરિત સલામતી અધિકારીઓને માહિતગાર કર્યા હતા, જેમણે બાદમાં કોંઢાલી પોલીસને સતર્ક કરી હતી અને તુરંત તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો.

ડ્રોન લગ્ન અથવા ખાનગી સમારંભ માટે લોન્ચ કરાયું હતું કે અથવા અજાણતા છોડવામાં આવ્યું હતું કે કેમ તે નક્કી કરવા માટે પોલીસ ટીમ દ્વારા ગામડાંઓ નજીક તલાશી લેવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે મલકાપુર, શિવા, સાવંગા ગામોમાં તલાશી લીધી હતી, પરંતુ ડ્રોન વિશે કોઇ માહિતી મળી નહોતી. પોલીસ ટીમ બે દિવસથી આ ગામડાંમાં બંદોબસ્ત માટે તહેનાત કરવામાં આવી છે, પણ તેમને કોઇ પણ સફળતા મળી નથી. ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી)ની ટીમ પણ ઘટનાની તપાસ કરી રહી છે, એમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સોલાર ઇન્ડસ્ટ્રીઝ ઘરઆંગણે સશસ્ત્ર બળો માટે વેપનાઇઝ્ડ ડ્રોન્સ (હોક્સાકોપ્ટર્સ), લશ્કરી વિસ્ફોટકો, રોકેટ ઇન્ટીગ્રેશન સિસ્ટમ્સ, લોઇટરિંગ મ્યુનિશન્સ, એન્ટિ-ડ્રોન મિસાઇલ્સ, બોમ્બ અને વોરહેડ્સ બનાવે છે. (પીટીઆઇ)■

# દિલ્હીમાં વિદ્યાર્થીની આત્મહત્યા: જરાંગેની મુંબઈ બંધની ચેતવણી

મુંબઈ: ગયા મહિને માનસિક સતામણીના કારણે સેન્ટ કોલંબા સ્કૂલની ૧૬ વર્ષીય વિદ્યાર્થીની આત્મહત્યા માટે જવાબદાર લોકો વિરુદ્ધ જો દિલ્હીના અધિકારીઓ કાર્યવાહી નહીં કરે તો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે એવી ચેતવણી મરાઠા અનામત માટે આંદોલન ચલાવનારા કાર્યકર્તા મનોજ જરાંગેએ મંગળવારે આપી છે. દિલ્હીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જરાંગેએ જણાવ્યું હતું કે તેઓ મહારાષ્ટ્રના રહેવાસી અને મરાઠા સમુદાયના છોકરાના પરિવારને મળ્યા હતા.

સરકાર દ્વારા નિમાયેલી સમિતિએ પોતાનો અહેવાલ સુપરત કર્યો છે અને એ અહેવાલ સ્પષ્ટપણે વિદ્યાર્થીના મૃત્યુ માટે શાળા અને શિક્ષકોને જવાબદાર ઠેરવે છે એવો દાવો કરી જરાંગેએ ઉમેર્યું હતું કે પરિવાર સાથે કોઈ અન્યાય ન થાય એની તકેદારી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રાખવી જોઈએ. જો આઠ દિવસની અંદર આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે તો અમે મુંબઈ બંધનું એલાન કરીશું.'

૧૬ વર્ષીય વિદ્યાર્થીએ શિક્ષકો દ્વારા મહિનાઓ સુધી કથિત રીતે સતામણી બાદ રાજેન્દ્ર પ્લેસ મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ પરથી કૂદી આત્મહત્યા કરી હતી. (પીટીઆઈ)■

# ગ્રામસેવિકાને ધમકાવવાના કેસમાં સાત વર્ષે બે આરોપી કસૂરવાર

પાલઘર: પાલઘર જિલ્લામાં ૨૦૧૮માં ગ્રામસેવિકાને ધમકાવવાના કેસમાં કોર્ટે બે આરોપીને કસૂરવાર ઠેરવ્યા હતા, જ્યારે મારપીટ અને સરકારી કર્મચારીનું અપમાન કરવા સંબંધી ગંભીર આરોપોમાંથી તેમને મુક્ત કરાયા હતા.

એડિશનલ સેશન્સ જજ એ. આર. રહાણેએ આદેશમાં આરોપીઓને જેલમાં બિનજરૂરી રીતે મોકલવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું અને તેમના પર પાંચ-પાંચ હજાર રૂપિયાનો દંડ લગાવ્યો હતો.

ઘટના ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બની હતી. ગ્રામસેવિકાએ પાલઘર જિલ્લાના ખારશેત ખાતેની હાઉસિંગ સ્કીમ માટે સર્વે હાથ ધર્યો હતો.

લિસ્ટમાં નામ ન હોવાથી આરોપી જયશ્રી જગન ધનવા અને શિવદાસ ગંગારામ તાંબડીએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ઉદ્ધત વર્તન કર્યું હતું. તાંબડીએ ગ્રામસેવિકાનો મોબાઈલ ફોન આંચકી લઈ તેને તોડી નાખ્યો હતો, એવું તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું.

આ પ્રકરણે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૩, ૫૦૪, ૫૦૬, ૪૨૭ અને ૩૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કોર્ટે જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષ એ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે કે ઘટના સમયે ફરિયાદી કાયદેસર રીતે ફરજ બજાવતી હતી. કલમ ૩૫૩નો મહત્ત્વપૂર્ણ મુદ્દો સિદ્ધ થતો નથી.

ફરિયાદીનો મોબાઈલ ફોન તોડવા સહિત આરોપીના કૃત્યને આધારે કોર્ટે તેમને આઈપીસીની કલમ ૫૦૬ અને ૪૨૭ હેઠળ કસૂરવાર ઠેરવ્યા હતા. (પીટીઆઈ)■

# ૨૦૨૨ હત્યાકેસ: ગેન્ગસ્ટર સુભાષસિંહ ઠાકુરને ૨૨ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી

થાણે: થાણે કોર્ટે ૨૦૨૨માં ડેવલપરની હત્યાના કેસમાં ગેન્ગસ્ટર સુભાષસિંહ ઠાકુરને ૨૨ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના માર્ગદર્શક માનવામાં આવતા ઠાકુરને મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસે સોમવારે ઉત્તર પ્રદેશની ફતેહગઢ સેન્ટ્રલ જેલમાંથી કસ્ટડીમાં લીધો હતો.

પાલઘર જિલ્લાના વિરારમાં મનવેલપાડા ખાતે ફેબ્રુઆરી, ૨૦૨૨માં પ્રોપર્ટી ડેવલપર સમય ચવાણ (૩૨)ની થયેલી હત્યા બદલ ઠાકુર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. ઠાકુર સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) પણ લગાવાયો હતો. દરમિયાન ઠાકુરના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા બાદ તેને વિરાર લાવવામાં આવ્યો હતો. મંગળવારે તેને થાણેની કોર્ટના વિશેષ જજ વી.જી. મોહિતે સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં જજ તેને ૨૨ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ૨૦૨૨ના હત્યાકેસમાં સંડોવણી બદલ પોલીસ હવે ઠાકુરની પૂછપરછ કરશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સ્થાનિક બિલ્ડર રાહુલ દુબે અને ડેવલપર સમય ચવાણ વચ્ચે મિલકત વિવાદ ચાલતો હતો. (પીટીઆઇ)■

# એલ્ગાર કેસ: હાઈ કોર્ટે ટ્રાયલ શરૂ થાય ત્યાં સુધી આરોપી નવલખાને દિલ્હીના ઘરે રહેવાની મંજૂરી આપી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે એલ્ગાર પરિષદ માઓવાદી લિંક્સ કેસની ટ્રાયલ શરૂ થાય ત્યાં સુધી માનવાધિકાર કાર્યકર્તા ગૌતમ નવલખાને દિલ્હીસ્થિત તેમના ઘરે શિફ્ટ થવાની મંજૂરી આપવા માટે તૈયાર છે.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે નવલખા ''ફ્લાઇટ રિસ્ક'' નથી કારણ કે એવા કોઈ કિસ્સા બન્યા નથી જ્યાં તેમણે ભાગી જવાનો પ્રયાસ કર્યો હોય. તેમને લાગ્યું કે તેમને મુંબઈમાં રહેવાની ફરજ પાડવામાં આવી છે અને તેઓ તેમના જીવન અને સામાજિક વર્તુળમાંથી છૂટા પડી ગયા છે.

નવલખાને ૨૦૨૩ માં હાઈ કોર્ટ દ્વારા આ કેસમાં મુંબઈ ન છોડવાની પૂર્વ શરત પર જામીન આપવામાં આવ્યા હતા. આ વર્ષે, તેમણે સ્પેશિયલ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી જેમાં દિલ્હી તેમનું વતન હોવાથી ત્યાં રહેવાની પરવાનગી માંગવામાં આવી હતી.

જોકે, કોર્ટે અરજી ફગાવી દીધી હતી જેના પગલે તેમણે હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

મંગળવારે તેમના વકીલ યુગ ચૌધરીએ જસ્ટિસ ભારતી ડાંગરે અને શ્યામ ચાંડકની બેન્ચને જણાવ્યું હતું કે નવલખા ૭૩ વર્ષના છે અને મૂળ દિલ્હીના છે. જામીન મળ્યા બાદથી તેઓ મુંબઈમાં ભાડાના મકાનમાં રહે છે. હવે મુંબઈમાં રહેવાનું તેમને પોસાય તેમ નથી. વરિષ્ઠ વકીલે ઉમેર્યું કે નવલખા દિલ્હીસ્થિત એનઆઈએના કાર્યાલયથી વીડિયો કોન્ફરન્સ દ્વારા કેસની સુનાવણીમાં હાજરી આપશે. જ્યારે ટ્રાયલ કોર્ટ નિર્દેશ આપશે અથવા તો ફરિયાદી કહેશે, ત્યારે નવલખા ટ્રાયલ કોર્ટમાં રૂબરૂ હાજર થશે.

બેન્ચે નવલખાને દિલ્હીથી ટ્રાયલમાં હાજર રહેવાની મંજૂરી આપી નથી, પરંતુ ટ્રાયલ શરૂ થાય ત્યાં સુધી તેમને દિલ્હી શિફ્ટ થવાની મંજૂરી આપવા માટે તૈયાર છે. બેન્ચે કહ્યું કે ફરિયાદી એજન્સી એનઆઈએ નવલખા પર કઈ શરતો લાદવાની જરૂર છે તે સ્પષ્ટ કરી શકે છે અને આ મામલાની વધુ સુનાવણી બુધવારે મુલતવી રાખી છે. (પીટીઆઈ)■

# પત્નીથી ત્રાસેલા પતિએ ખાડીમાં ઝંપલાવ્યું: પત્ની વિરુદ્ધ ગુનો

થાણે: પત્ની દ્વારા વારંવાર નાણાંની માગણી અને અપમાનજનક વર્તન કરાતાં કંટાળેલા પતિએ ખાડીમાં ઝંપલાવ્યું હોવાની ભિવંડીમાં બનેલી ઘટના બાદ પોલીસે પત્ની વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ચોથી ડિસેમ્બરે બની હતી. મોહિદ્દીન મોહમ્મદ સલીમ અન્સારી (૩૦)એ ખાડીમાં કૂદકો માર્યો હતો. પાણીમાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું હતું.

આ પ્રકરણે અન્સારીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ હેઠળ નારપોલી પોલીસે ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે અન્સારીની પત્ની વારંવાર તેનું અપમાન કરતી હતી. વળી, આર્થિક મુદ્દે દંપતી વચ્ચે ખટરાગ હતો, જેને પગલે અન્સારી આત્મહત્યા કરવા પ્રેરાયો હતો. પોલીસ વધુ તપાસ કરી રહી હોવાથી સોમવારની મોડી સાંજ સુધી પત્નીની ધરપકડ કરાઈ નહોતી. (પીટીઆઈ)■

# બેન્ગકોકથી આવેલા ૧૧ પ્રવાસીની ધરપકડ: ૩૩ કરોડનો ગાંજો જપ્ત

મુંબઈ: કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર આઠ અલગ અલગ કેસમાં બેન્ગકોકથી આવેલા ૧૧ પ્રવાસીની ધરપકડ કરી તેમની પાસેથી અંદાજે ૩૩.૪૨ કરોડ રૂપિયાનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો હતો. કસ્ટમ્સ દ્વારા ૧૧થી ૧૫ ડિસેમ્બર દરમિયાન ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર સ્પેશિયલ ઑપરેશન હાથ ધરાયું હતું. અલગ અલગ ફ્લાઈટ્સમાં બેન્ગકોકથી આવેલા ૧૧ પ્રવાસીને આંતરવામાં આવ્યા હતા. શંકાને આધારે તપાસ કરવામાં આવતાં ગાંજાનાં પૅકેટ્સ મળી આવ્યાં હતાં. અંદાજે ૩૩.૪૨ કરોડ રૂપિયાનો ૩૩.૪૨૨ કિલો ગાંજો પ્રવાસીઓ પાસેથી મળી આવ્યો હતો. (પીટીઆઈ)■

# બીડમાં કાર સાથે જીપ અથડાતાં ત્રણનાં મોત, બે ઘાયલ

બીડ: બીડ જિલ્લામાં કાર સાથે જીપ અથડાતાં ત્રણ જણનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય બે જણ ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. અંબાજોગાઇ-લાતુર હાઇવે પર બર્દાપુર ક્રોસરોડ ખાતે સોમવારે રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.

જીપ બીડથી લાતુર જતી હતી ત્યારે સામેથી આવી રહેલી કાર સાથે તે ભટકાઇ હતી. કારમાં હાજર ત્રણ જણનાં ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે જીપમાંના બે જણને ઇજા પહોંચી હતી. (પીટીઆઇ)■

# વેપારી સાથે ૩૫ લાખ રૂપિયાની છેતરપિંડી: ચાર સામે ગુનો

થાણે: થાણે જિલ્લામાં કાપડના વેપારી સાથે ૩૫ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસે મુંબઈના ચાર વેપારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ભિવંડીના ગાયત્રીનગરમાં રહેનારા ૪૨ વર્ષના ફરિયાદી વેપારી પાસેથી જૂનથી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન આરોપીઓએ ગ્રે (અનપ્રોસેસ્ડ) કાપડનો જથ્થો ખરીદ્યો હતો.

જોકે રૂપિયા ચૂકવવાને બદલે આરોપીઓએ કાપડ અન્ય વેપારીઓને વેચી દીધું હતું. આરોપીઓ બાદમાં ફરિયાદી વેપારીને ટાળવા લાગ્યા હતા.

ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદીએ વારંવાર રૂપિયાની માગણી કરતાં આરોપીઓએ તેના કૉલ રિસિવ કરવાનું બંધ કરી દીધું હતું અને બાદમાં પોતાની ઓફિસ બંધ કરી તેઓ ફરાર થઇ ગયા હતા.

દરમિયાન ફરિયાદીએ આ પ્રકરણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને તેની ફરિયાદને આધારે ચાર આરોપી વિરુદ્ધ રવિવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮ (૪) (છેતરપિંડી) અને ૩ (૫) (સમાન હેતુ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| LOAF | ચીકણી માટી |
| LOAM | ઓસરી |
| LOATH | પાંઉનો ટુકડો |
| LOBBY | કાનની બૂટ |
| LOBE | નારાજ |

### માતૃભાષાની મહેક

સરોવર, તરુવર, સંતજન ને ચોથો વરસે મેહ, પરમાર્થ કરવાને કાજે એ ચારે ધર્યો દેહ. સરોવર કાયમ અન્યની તરસ છિપાવે છે, તરુ એટલે વૃક્ષ ટટ્ટાર ઊભું રહી વટેમાર્ગુને છાંયડો આપે છે, સંતજન હંમેશાં આશિષ આપે છે અને મેહના પાણી ધરા પર વરસી એને ફળદ્રુપ બનાવે છે. આ ચારેયનું જીવન પરમાર્થને સમર્પિત રહે છે.

### ગુજરાત મોરી મોરી રે

એક વખત વાગેલી ઠોકર વધુ સાવચેત બનાવી દે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ફૂંકીને દૂધનો પીએ દાઝેલો છાશ

### ઈર્શાદ

*મારો દીવો તારા ઘરને શી રીતે રોશન કરે!?*
*દોસ્ત, સૌનું પોતીકું અજવાળું હોવું જોઈએ!*

---- રઈશ મનીઆર

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | |
| ૬ | | | | | ૭ | | | | ૮ |
| | | | ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | ૧૪ | | ૧૫ | | ૧૬ | | ૧૭ | |
| | | ૧૮ | ૧૯ | | | ૨૦ | ૨૧ | | |
| | ૨૨ | | | | ૨૩ | | | | ૨૪ |
| ૨૫ | | | ૨૬ | ૨૭ | | | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | ૩૧ | | ૩૨ | | ૩૩ | | | |
| | | ૩૪ | ૩૫ | | | ૩૬ | ૩૭ | | |
| | ૩૮ | | | | | ૩૯ | | | |

### આડી ચાવી

૧. પીડિત, દુ:ખી (૩)
૪. ઠીંગણું (૩)
૬. ભૂતકાળ ભૂલી -- - માં જીવો (૪)
૭. કમળ (૩)
૯. માગનાર (૩)
૧૧. રહેઠાણ (૩)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૫. વળવું તે (૩)
૧૭. કામદેવની પત્ની (૨)
૧૮ સમાચાર, ભાળ (૩)
૨૦. કપરું, માઠું (૩)
૨૨. આકાશ (૩)
૨૩. ચડાણ, ચડાવ (૩)
૨૫ વીતી ગયુલું (૨)
૨૬. પરવાનો (૩)
૨૮. --- વગર સિદ્ધિ નહીં (૩)
૩૦. રસ્તો (૩)
૩૨. પત્ની (૩)
૩૪. શાંત (૩)
૩૬. ઝાડોની લાંબી હાર, લાંબો જંગલનો પ્રદેશ (૪)
૩૮. વશીકરણ, ટુચકો (૩)
૩૯. ઋણ, દેવું (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભ | ૨ વિ | ખ્ય | ૩ વે | ૪ તા | | ૫ ખે | લ | ૬ દિ | ૭ લ |
| ૮ શો | ષ | | ૯ ર | સ | ક | સ | | ૧૦ દા | લ |
| સા | | ૧૧ ક | ણ | ક | | | ૧૨ ધ | ર | વ |
| ૧૩ પા | તા | ળ | | | ૧૪ ક | ૧૫ થા | | | ટ |
| ત્ર | | જુ | | ૧૬ પ્ર | જા | પા | ૧૭ લ | ૧૮ ક | |
| | ૧૯ જ | ગ | ૨૦ વિ | ખ્યા | ત | | ૨૧ હે | ર | ૨૨ ત |
| ૨૩ અ | | | ૨૪ ના | ત | | | ૨૫ જ | મી | ન |
| ૨૬ ર | ૨૭ જા | ઈ | | | ૨૮ પ | ૨૯ તી | ત | | બ |
| ૩૦ મા | દ | | ૩૧ ન | વ | રા | ત | | ૩૨ મે | દ |
| ૩૩ ન | વ | ની | ત | | ૩૪ ગ | ર | જ | વા | ન |

### ઊભી ચાવી

૧. દુ:ખનો પોકાર (૪)
૨. લક્ષ્મી (૨)
૩. દીકરી (૩)
૪. આરા પછી --- અને તારા પછી મારો (૨)
૫. સહિયારું (૩)
૭. સર્વ, તમામ (૩)
૮. અનુમતિ, કબૂલાત (૩)
૧૦. મુશ્કેલીથી તૂટે કે ચવાય તેવું (૩)
૧૨. ભયંકર (૩)
૧૩. શરીર (૨)
૧૪. મુસલમાન રાજા (૩)
૧૬. કામધંધા વગરનો, બેકાર (૩)
૧૯. ત્રણસો પાંસઠ દિવસ (૩)
૨૧. ઓચિંતું, વિચાર કર્યા વિના (૩)
૨૨. ભેદ, જુદાઇ (૩)
૨૩. સન્માન (૩)
૨૪. બંધિ, નિષેધ (૨)
૨૫. મૂર્ખ, બેવકૂફ (૩)
૨૭. ગુજારો, પોષણ (૩)
૨૯. યુધિષ્ઠિર (૪)
૩૧. દુશ્મન (૩)
૩૩. ખરચ, ઉધારેલી રકમ (૩)
૩૫. રેતીનું મેદાન (૨)
૩૭. જીવતો --- ભદ્રા પામે (૨)

### ઓળખાણ પડી?



મુખ્યત્વે ઓસ્ટ્રેલિયામાં જોવા મળતા દરિયાઈ જીવની ઓળખાણ પડી? સસ્તન પ્રાણી હોવા છતાં ઈંડાં મૂકી પ્રજાતિ વધારે છે.

અ) HYDRA બ) DUGONG ક) PLATYPUS ડ) MAORI

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સંસ્થાએ હંમેશાં વિદ્યમાન વડીલની સલાહ લેવી જોઈએ' પંક્તિમાં 'વિદ્યમાન' શબ્દનો અર્થ જણાવો.

અ) અભ્યાસુ બ) વિશેષ ક) હયાત ડ) ઉંમરલાયક

### માઈન્ડ ગેમ

ગરમીમાં ખૂબ જ રાહત આપનાર પાણીદાર ફળ તરબૂચનો સૌથી વધુ પાક કયા દેશમાં ઊતરે છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો,

અ) થાઈલેન્ડ બ) ભારત ક) ઈજીપ્ત ડ) ચીન

### સુડોકુ-૯૧૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | | | ૩ |
| | ૬ | | ૪ | | ૧ | | ૮ | |
| ૪ | | ૩ | ૬ | | ૮ | ૫ | | ૧ |
| ૮ | | ૬ | | ૯ | | ૨ | | ૫ |
| | | | ૫ | | ૩ | | | |
| ૯ | | ૪ | | ૭ | | ૩ | | ૮ |
| ૩ | | ૮ | ૭ | | ૨ | ૧ | | ૯ |
| | ૧ | | ૩ | | ૯ | | ૨ | |
| ૭ | | | | | | | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ | ૬ | ૮ |
| ૩ | ૨ | ૭ | ૧ | ૬ | ૪ | ૯ | ૮ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૫ | ૮ | ૨ | ૩ | ૭ | ૪ |
| ૨ | ૩ | ૫ | ૮ | ૪ | ૧ | ૭ | ૯ | ૬ |
| ૭ | ૮ | ૪ | ૬ | ૯ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૪ | ૩ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| LIAR | જુઠ્ઠાડો |
| LIBEL | બદનક્ષી |
| LIABLE | જવાબદાર |
| LIBERAL | ઉદાર |
| LIBERTY | મુક્તિ |

**ગુજરાત મોરી મોરી રે:**
પલાળ્યું હોય એ બોડ્યા વિના કેમ ચાલે

**ઓળખાણ પડી?**
કલકલિયો

**માઈન્ડ ગેમ :**
Tangerine

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સીધું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનલ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેતના છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ માતલિયા (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) અલકા વાણી

# ભાજપ-શિંદે સેનામાં બેઠકની વહેંચણીને મુદ્દે નારાજગી

## મુંબઈ મહાનગરપાલિકા માટે શિંદેએ માગી ૧૨૫ બેઠકઃ ભાજપ બાવન આપવા તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત સાથે જ રાજકીય પક્ષોની બેઠકની વહેંચણીને મુદ્દે બેઠકો ચાલુ થઈ ગઈ છે. મંગળવારે ભાજપ અને શિંદેસેના વચ્ચે મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ભાજપે શિંદેસેનાને મહત્ત્વનો પ્રસ્તાવ આપ્યો હતો. શિંદેસેના મુંબઈ મહાનગરપાલિકા માટે ૧૨૫ બેઠક માગી રહી છે. જોકે ભાજપ આટલી બેઠક આપવા તૈયાર ન હોવાનું જાણવા મળ્યું હતું. મુંબઈમાં

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ, થાણે, પુણેમાં ઉદ્ધવ-રાજ ખભેખભા મિલાવીને લડશે

મુંબઈઃ શિવસેના (યુબીટી) સંસદ સભ્ય સંજય રાઉતે મંગળવારે કહ્યું હતું કે તેમનો પક્ષ અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) મુંબઈ, થાણે, પુણે અને નાશિકમાં આગામી નગરપાલિકાની ચૂંટણી માટે હાથ મિલાવશે. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે એમ પણ કહ્યું હતું કે તેમણે કૉંગ્રેસના ટોચના નેતૃત્વ સાથે વાત કરી હતી અને પક્ષને વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ભાગ રૂપે નાગરિક સંસ્થાઓની ચૂંટણી લડવા વિનંતી કરી હતી. રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) પણ તેમાં સામેલ હોવી જોઈએ એવું તેમનું માનવું છે. જોકે, કૉંગ્રેસ નેતૃત્વએ આ મામલો સ્થાનિક નેતૃત્વ પર છોડી દીધો છે. સંજય રાઉતે એમ પણ કહ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▸▸

# પાલિકા એક્શન મોડમાં

## ૪૮ કલાકમાં મુંબઈમાંથી ૨,૧૦૩ ગેરકાયદે હૉર્ડિંગ્સ દૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના થનારી ચૂંટણીની જાહેરાત સાથે જ તાત્કાલિક ધોરણે આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. એ સાથે જ પાલિકા પ્રશાસને ૪૮ કલાકની અંદર મુંબઈમાં ઠેર ઠેર ગેરકાયદે રીતે લાગેલાં હૉર્ડિંગ્સ અને જાહેરાતના બોર્ડ સામે ઝુંબેશ હાથ ધરીને ૨,૧૦૩ બેનરો અને હૉર્ડિંગ્સ હટાવ્યાં હતાં. જોકે શહેરને કદરૂપ બનાવનારાં અનધિકૃત બેનરો અને પોસ્ટર લગાવવા બદલ જવાબદાર લોકો

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈના ૧.૦૩ કરોડ મતદાતા નક્કી કરશે મહાનગરપાલિકાનું ભાવિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગભગ નવ વર્ષ પછી એશિયાની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગપાલિકાની આગામી મહિને થનારી ચૂંટણીમાં મુંબઈના ૧.૦૩ કરોડથી વધુ મતદારો આગામી પાંચ વર્ષ માટે મુંબઈ મહાનગરપાલિકામાં કોણ શાસન કરશે તે નક્કી કરશે. તો થાણે મહાનગપાલિકાના ૩૩ વોર્ડમાં કુલ ૧૬,૪૯,૮૬૭ મતદારો છે.

મુંબઈ મહાનગરપાલિકાએ તેના સત્તાવાર પોર્ટલ પર અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરી છે, જે દર્શાવે છે મુંબઈના તમામ ૨૭૭ વોર્ડમાં કુલ ૧,૦૩,૪૪,૩૧૫ મતદારો છે.

મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરી, ૨૯ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી થવાની છે, જેમાં મુંબઈ મહાનગરપાલિકાનો પણ સમાવેશ થાય છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આ વખતે શાસક મહાયુતિ અને વિપક્ષ મહાવિકાસ આઘાડી રાજ્યના તમામ મહત્ત્વના શહેરોમાં પાલિકામાં

(જુઓ પાનું ૪) ▸▸

# ધર્મનિરપેક્ષ મત વિભાજન માટે એનસીપીને અલિપ્ત રાખવામાં આવશેઃ વડેટ્ટીવાર

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધન ધર્મનિરપેક્ષ મતોને વિભાજિત કરવા માટે અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીને ઇરાદાપૂર્વક પાલિકા ચૂંટણી જોડાણથી દૂર રાખશે એવો દાવો કૉંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે મંગળવારે કર્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકા બીએમસી સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે. વડેટ્ટીવારે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં દાવો કર્યો હતો કે ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે મળીને ચૂંટણી લડશે, જ્યારે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) ગઠબંધનનો હિસ્સો નહીં હોય.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે 'સત્તા વહેંચવાની

(જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણમાં ભાજપ-શિંદે જૂથમાં વિવાદ વકર્યો

## બે ભૂતપૂર્વ કોર્પોરેટરો વચ્ચે વિવાદ

કલ્યાણઃ રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ પક્ષાંતરે વેગ પકડ્યો છે. કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા, સોમવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં ઘણા ભૂતપૂર્વ કોર્પોરેટરો શિવસેનામાં જોડાયા હતા, આમાં શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ કોર્પોરેટર ઉર્મિલા ગોસાવી, કોંગ્રેસના ભૂતપૂર્વ કોર્પોરેટર અરુણ ગીધ, ભૂતપૂર્વ કોર્પોરેટર વંદના ગીધ, બહુજન સમાજ પાર્ટીના ભૂતપૂર્વ કોર્પોરેટર સોની આહીરેનો સમાવેશ થાય છે.

પરંતુ આ પૈકીના બે કોર્પોરેટરોને લીધે હવે શિવસેના અને ભાજપ સામસામે આવી ગયા છે. આ પૈકીના બે ભૂતપૂર્વ કોર્પોરેટરો ભાજપના સભ્ય હોવાનો દાવો કરીને ભાજપે તેમને ઉમેદવારી જાહેર કરવાની વાત પણ કરી હતી.

ભૂતપૂર્વ કોર્પોરેટર અરુણ ગીધ અને ભૂતપૂર્વ કોર્પોરેટર વંદના ગીધ ભાજપના સભ્ય છે અને ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર પવારે કહ્યું છે કે તેઓ તેમને પણ ઉમેદવારી પત્ર આપશે. આ કારણે, શિવસેના અને ભાજપ વચ્ચે હવે ખટરાગ છે.

નરેન્દ્ર પવારે કહ્યું કે, 'ભાજપ અને શિવસેના વચ્ચે એક અલિખિત કરાર થયો છે. ભાજપે શિવસેનાના પદાધિકારીઓ અને કાર્યકરોને અને શિવસેનાએ ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરોને પોતાના પક્ષમાં પ્રવેશ ન આપવાનો નિર્ણય લેવાયો હતો. આ કરાર હોવા છતાં પણ, ગઈકાલે જે અપક્ષ કોર્પોરેટરોએ પ્રવેશ કર્યો હતો તેઓ ભારતીય જનતા પાર્ટીના અધિકૃત સભ્યો બન્યા હતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે તેમને પાર્ટીમાં પ્રવેશ આપ્યો હતો.' ■

## શિવસેનાનું મિશન મુંબઈ

# આદિત્ય ઠાકરેને પાલિકાની મહત્ત્વપૂર્ણ જવાબદારી

મુંબઈઃ રાજ્યની ૨૯ મહાનગરપાલિકાઓ માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે ત્યારે તમામ રાજકીય પક્ષો મુંબઈ મહાનગરપાલિકા માટે પોતાની પૂરી તાકાત લગાવશે. આ પૃષ્ઠભૂમિ પર મુંબઈમાં શિવસેના-ભાજપ-એનસીપી મહાયુતિ તરીકે સાથે મળીને ચૂંટણી લડશે. બીજી તરફ, મુંબઈ મહાનગરપાલિકા પોતાના કબજામાં રાખવા માટે ઠાકરે ભાઈઓ એકસાથે આવી રહ્યા છે. આગામી એક અઠવાડિયામાં ઉમેદવારોના નામની યાદી નક્કી કરવાની હોવાથી ગતિવિધિઓ તેજ બની છે. તેમાં, આદિત્ય ઠાકરેને મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી માટે મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીના પ્રચારની અને વિવિધ રેલીની જવાબદારી આદિત્ય ઠાકરે સંભાળશે. ચૂંટણીમાં યુવા મતદારોને ઠાકરેની શિવસેના તરફ વાળવા માટે, તેમના પ્રશ્નો અને વિવિધ મુદ્દાઓને પ્રચારમાં રજૂ કરવાનું કામ પણ આદિત્યની વ્યૂહરચનાનો ભાગ હશે.

શિવસેનામાં ભાગલા પડ્યા તે પહેલાથી, આદિત્ય ઠાકરે મુંબઈ મહાનગરપાલિકામાં વિવિધ પ્રોજેક્ટ્સ અને ચાલી રહેલા વિકાસ પર ખાસ નજર રાખી રહ્યા છે. આદિત્ય ઠાકરે મુંબઈ સહિત ત્રણ થી ચાર મહાનગરપાલિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે તેવી માહિતી મળી રહી છે. મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં મુંબઈ ઉપરાંત નાસિક, પુણે અને છત્રપતિ સંભાજીનગર જેવી મહત્ત્વની મહાનગરપાલિકાઓના પ્રચારમાં આદિત્ય ઠાકરે સહભાગી થશે અને ત્યાં જાહેર સભાઓ કરશે તેવી માહિતી છે. ■

# મુંબઈમાં મહાયુતિ ૧૫૦થી વધુ બેઠકો મેળવશેઃ આશિષ શેલાર

મુંબઈઃ ભાજપના નેતૃત્વવાળી મહાયુતિએ ૨૨૭ સભ્યોની બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ૧૫ જાન્યુઆરીએ આયોજિત ચૂંટણીમાં ૧૫૦ થી વધુ બેઠકો જીતવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે એવી રજૂઆત મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે મંગળવારે જાહેરાત કરી હતી. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે ચૂંટણી પછી મુંબઈમાં મરાઠી મેયર હશે. ચાર વર્ષના વિલંબ પછી ચૂંટણી થઈ રહી છે. 'અમે મહાયુતિ ફોર્મ્યુલા અને કોને કેટલી બેઠક એ વહેંચણીને અંતિમ સ્વરૂપ આપ્યું

(જુઓ પાનું ૪) ▸▸

# શિવસેના (યુબીટી)ના દિગ્ગજો આદિત્યના નેતૃત્વને સ્વીકારશે?

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે મંગળવારે શિવસેના (યુબીટી)ના વરિષ્ઠ નેતાઓ માટે આદિત્ય ઠાકરેનું નેતૃત્વ સ્વીકાર્ય રહેશે કે કેમ તે અંગે શંકા વ્યક્ત કરી હતી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે

(જુઓ પાનું ૪) ▸▸

# ખાડાને કારણે થનારા એક્સિડન્ટની તપાસ કરવા સમિતિની સ્થાપના

## હાઈ કોર્ટના નિર્દેશ મુજબ થાણે પાલિકાએ સમિતિ બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે શહેરના રસ્તા, ખાડા, ખુલ્લા મેનહોલ અથવા રસ્તાની દેખરેખમાં રહેલી ત્રુટીને કારણે નાગરિકના મૃત્યુ થાય અથવા જખમી થાય તો સંબંધિત નાગરિક અથવા તેના સગાસંબંધીએ થાણે મહાનગરપાલિકા વિસ્તાર માટે સ્થાપવામાં આવેલી સમિતિ સમક્ષ પોતાની ફરિયાદ નોંધવાની અપીલ મંગળવારે થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે કરી છે.

રસ્તા પરના ખાડા, ખુલ્લી ગટર તેમ જ રસ્તાની દેખરેખમાં રહેલી ત્રુટીને કારણે થયેલાં મૃત્યુ અથવા જખમી થયેલા અકસ્માત પીડિતો માટે વળતર નિશ્ચિત કરીને તેમના સુધી પહોંચાડવા માટે વિશેષ સમિતિની સ્થાપના કરવાનો નિર્દેશ હાઈ કોર્ટે ૨૩ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ આપ્યો હતો. તે આદેશ મુજબ થાણે મહાનગરપાલિકા વિસ્તાર માટે પાલિકા કમિશનર, થાણેના અધ્યક્ષ તરીકે અને થાણે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના સેક્રેટરીની સમિતીના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સમિતિની મંગળવારે બેઠક પાર પડી હતી.

થાણે શહેરના રસ્તા, ખાડા, ખુલ્લા મેનહોલ અથવા રસ્તાની દેખરેખમાં રહેલી ત્રુટીને કારણે નાગરિકના મૃત્યુ થાય અથવા જખમી થાય તો સંબંધિત નાગરિક અથવા તેના સગાસંબંધીએ થાણે મહાનગરપાલિકા વિસ્તાર માટે સ્થાપવામાં આવેલી સમિતિ સમક્ષ પોતાની ફરિયાદ નોંધવાની અપીલ મંગળવારે થયેલી બેઠકમાં કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં સમિતિની દસ્તાવેજોની તપાસ કરીને પોલીસ થાણેમાં નોંધ થયેલી ફરિયાદના અનુસંધાનમાં તપાસ કરીને જો એક્સિડન્ટનું કારણ રસ્તા પરના ખાડા અથવા ખુલ્લા મેનહોલ હોય તો તો પીડિત અથવા મૃત્યુ પામેલ નાગરિકના સંબંધીની તપાસ કરીને નિયમ મુજબ આવશ્યક વળતર પાલિકા મારફત આપવા બાબતે કાર્યવાહી કરવામાં આવવાની છે. તેમ જ એક્સિડન્ટ થયા બાદ ફરિયાદીને ૪૮ કલાકમાં સમિતિ સમક્ષ ફરિયાદ નોંધાવાની રહેશે.

રસ્તા પરના ખાડાને કારણે થયેલા એક્સિડન્ટની સમિતિ મારફત તપાસ કરતા સમયે રસ્તાની માલિકી કોની છે અને સંબંધિત રસ્તો પાલિકાના કબજામાં છે કે નહીં તેમ જ એક્સિડન્ટ થયો તે ઠેકાણે થયેલી ઘટનાની સંબંધિત પોલીસ સ્ટેશને પંચનામું કર્યું કે નહીં તે બાબતની પણ પૂરી તપાસ કરવામાં આવશે. અનેક વખત વાહનોની ટક્કર થયા બાદ અથવા વાહનની અડફેટમાં આવ્યા બાદ પણ એક્સિડન્ટ થતા હોય છે. તેથી આવા એક્સિડન્ટને બાકાત રાખીને ફક્ત ખાડાને કારણે થયેલા એક્સિડન્ટ અને ખુલ્લા મેનહોલથી થયેલા એક્સિડન્ટની તપાસ આ સમિતિ મારફત કરવામાં આવશે એવું થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે કહ્યું હતું. ■

# ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત હૉસ્પિટલમાં

મુંબઈઃ મહારાષ્ટ્રના ઉદ્યોગ પ્રધાન અને રત્નાગિરિ જિલ્લાના પાલક પ્રધાન ઉદય સામંતની તબિયત બગડી હોવાની માહિતી સામે આવી છે. ગયા અઠવાડિયે નાગપુરમાં યોજાયેલા વિધાન-સભાના શિયાળુ સત્રમાં ઉદય સામંતે ભાગ લીધો હતો. પરંતુ શનિવારે રાતે તબિયત બગડતા તેમને મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ કારણે સત્રના છેલ્લાં દિવસની કાર્યવાહીમાં તેઓ ભાગ લઈ શક્યા ન હતા.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ હોસ્પિટલમાં ઉદય સામંતની મુલાકાત લીધી હતી અને તેમની મુલાકાતનો ફોટો પણ સામે આવ્યો હતો. એકનાથ શિંદેએ ઉદય સામંતની સારવાર કરી રહેલા ડોક્ટરો સાથે પણ વિગતવાર ચર્ચા કરી હતી અને સામંતને યોગ્ય સારવાર આપવા અને શક્ય તેટલી વહેલી તકે સ્વસ્થ કરવાની ડોક્ટરોને સૂચના આપી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્યના ભાઈની મધ્યરાતે ધરપકડ

બીડઃ બીડ જિલ્લાના ગેવરાઈ વિધાનસભા ક્ષેત્રમાં રાજકીય સંઘર્ષ દિવસેને દિવસે તીવ્ર બની રહ્યો છે. નગર પરિષદની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન થયેલી હિંસાની પૃષ્ઠભૂમિમાં, ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ ધારાસભ્ય લક્ષ્મણ પવારના ભાઈ બાળરાજે પવારની ગેવરાઈ પોલીસે મધ્યરાત્રિએ ધરપકડ કરી હતી. આ કાર્યવાહીથી જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો હતો. બીજી ડિસેમ્બરના રોજ, ગેવરાઈ મ્યુનિસિપલ કાઉન્સિલની મતદાન પ્રક્રિયા દરમિયાન, બે રાજકીય જૂથો

આમનેસામને આવી ગયા હતા. ભૂતપૂર્વ ધારાસભ્ય લક્ષ્મણ પવાર અને ભૂતપૂર્વ ધારાસભ્ય અમરસિંહ પંડિતના સમર્થકો વચ્ચે મોટી અથડામણ થઈ હતી, જેમાં બાળરાજે પવારે અમરસિંહ પંડિતના અંગત સહાયક અમૃત ડાવકરને માર માર્યો હોવાનો આરોપ છે. જોકે, એવું કહેવામાં આવ્યું હતું કે બાળરાજે પવાર પોતે રાતે ગેવરાઈ પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતા. આ વિવાદ પછી, ગેવરાઈ પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને આશરે ૫૦ લોકો વિરુદ્ધ ગુના દાખલ કર્યો હતો. શરૂઆતમાં અનેક આરોપીઓને તાબામાં લઈને નોટિસ પાઠવવામાં આવી હતી. જોકે, તપાસ દરમિયાન બાળરાજે પવાર પરના આરોપો અને ગુનાની કલમો વધતા પોલીસે કડક પગલાં લીધાં હતા. ધરપકડને પગલે, ગેવરાઈ શહેર અને પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. જોકે, પરિવારના સભ્યની ધરપકડ સાથે વિવાદ વધુ વકરે તેવી શક્યતા છે. ભાજપ સમર્થકો આ કાર્યવાહીનો વિરોધ કરે તેવી શક્યતા છે અને સાવચેતીરૂપે થાણે વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

# કાંદિવલીમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી (પશ્ચિમ)ના ચારકોપમાં મંગળવારે બપોરના પેપર મેન્યુફેકચરિંગ યુનિટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. મોડી સાંજે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગમાં કોઈ જખમી થયું નહોતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ કાંદિવલી પશ્ચિમમાં ચારકોપર વિસ્તારમાં આવેલા ગર્વમેન્ટ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પ્લોટ નંબર ૫૪માં રહેલી પરફેક્ટ પેપર કોર્ન કંપનીમાં બપોરના લગભગ ૨.૩૦ વાગે આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. પાલિકાના જણાવ્યા મુજબ આગ ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં લગભગ ૩,૦૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં લાગી હતી. આગ ઝડપભેર ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશન વગેરેમાં ફેલાઈ ગઈ હતી. આગને કારણે યુનિટમાં ભારે માત્રામાં ધુમાડો ફેલાઈ ગયો હતો. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ભારે જહેમત બાદ લગભગ છ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ■

# શિવાજી પાર્કમાં ચૂંટણી સભા કરવા રાજકીય પક્ષો વચ્ચે હોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના યોજવાની છે ત્યારે મુંબઈના મરાઠી માણુસ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા શિવાજી પાર્કમાં ચૂંટણી સભા યોજવા માટે રાજકીય પક્ષો વચ્ચે દોડાદોડ શરૂ થઈ ગઈ છે.

રાજકીય રેલી માટે મહત્ત્વનું સ્થળ ગણાતા શિવાજી પાર્કમાં શિંદેની સેના અને ઉદ્ધવ ઠાકરેની સેના સાથે રાજ ઠાકરેની મનસેએ ચૂંટણી સભા યોજવા માટે તેને બુક કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાના 'જી-ઉત્તર' વોર્ડમાં અરજી કરવામાં આવી છે.

મુંબઈના ૨૨૭ વોર્ડમાં માટે એક જ તબક્કામાં ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના યોજાશે. લાંબા સમયથી રાહ જોવામાં આવતી ચૂંટણી જોરદાર સ્પર્ધાત્મક બનવાની ધારણા છે. રાજકીય પક્ષોએ હજી સુધી તેમના ઉમેદવારોની યાદી અને બેઠકોની વહેંચણીને અંતિમ સ્વરૂપ આપ્યું નથી જોકે મતદારોને પોતાની સાથે જોડવાના પ્રયાસ બહુ પહેલાથી તીવ્ર બનાવી દીધા છે.

મુંબઈના સૌથી મોટા મેદાનોમાંના એક ગણાતા અને મરાઠી સમુદાયનું પ્રતીકાત્મક ગઢ ગણાતા દાદરના શિવાજી પાર્ક ચૂંટણી રેલી માટે એક મહત્ત્વનું સ્થળ ગણાય છે. મતદાન પહેલા શિવસેનાના શિંદે જૂથ, શિવસેના (યુબીટી) અને મનસે એ શિવાજી પાર્ક બુક કરવા માટે અરજી કરી છે. ત્રણે પક્ષો મરાઠી માણૂસને પોતાની તરફ કરવા માટે શિવાજી પાર્કમાં રેલી યોજવા માટે પ્રયાસ કરીર હ્યો છે.

પાલિકાના જી-ઉત્તર વોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે શિંદે જૂથ તરફથી ૧૧,૧૨ અથવા ૧૩ જાન્યુઆરી (ત્રણ દિવસમાંથી કોઈ પણ એક માટે) પરવાનગી માગતી અરજી કરવામાં આવી છે. તો ઉદ્ધવની સેનાએ ૧૨ જાન્યુઆરી માટે અરજી કરી છે. ઉદ્ધવની સેનાના કહેવા મુજબ ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ જાહેર સભા કરવા માટે શિવાજી પાર્ક બુક કરવાનો પ્રયાસ છે. પાલિકા પાસેથી જવાબ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

નોંધનીય છે કે શિવાજી પાર્કમાં રાજકીય રેલી યોજવા માટે ફક્ત છ દિવસ ફાળવવામાં આવ્યા હોવાથી પાલિકા પહેલા અરજી કરનારા પક્ષને મંજૂરી આપતી હોય છે. તેથી આગામી પાલિકાની ચૂંટણી માટે પાલિકા કયા પક્ષને મંજૂરી આપે છે તે જોવાનું રહેશે. ■

# સ્થાનિક મુદ્દાઓ કેન્દ્રમાં રાખી કૉંગ્રેસ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડશેઃ કૉંગ્રેસ

મુંબઈઃ આગામી મહિને યોજાનારી બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી કૉંગ્રેસ સ્થાનિક મુદ્દાને કેન્દ્રમાં રાખીને લડશે અને મતદારો ભાજપના ધાર્મિક એજન્ડાથી ભરમાઈ નહીં જાય એમ મુંબઈ કૉંગ્રેસ પ્રમુખ વર્ષા ગાયકવાડે મંગળવારે કહ્યું હતું.

સંવાદદાતાઓ સાથે વાત કરતા ગાયકવાડે આરોપ લગાવ્યો હતો કે ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકારે બીએમસીમાં નિયુક્ત પ્રશાસક દ્વારા કેટલાક પસંદગીના કોન્ટ્રાક્ટરો અને ઉદ્યોગપતિઓ માટે નાગરિક ભંડોળનો દુરુપયોગ કર્યો છે. કૉંગ્રેસ મુંબઈના વિકાસ અને તેના નાગરિકોના ભવિષ્ય માટે ચૂંટણી લડશે. પ્રશાસકના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચારમાં વધારો થયો હતો, જ્યારે રહેવાસીઓ સારા રસ્તાઓ, પાણી પુરવઠો, સ્વચ્છ હવા, શિક્ષણ અને આરોગ્ય સંભાળ જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત રહ્યા હતા.

વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું કે ભાજપે લગભગ ૨૫ વર્ષ સુધી બીએમસી પર શાસન કર્યું છે, જ્યારે મહાનગરપાલિકા હવે છેલ્લાં ત્રણ વર્ષથી ભાજપની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રશાસક દ્વારા ચલાવવામાં આવી રહી છે. આ સમયગાળા દરમિયાન મુંબઈની બીએમસીની તિજોરીનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ તેમણે કર્યો હતો.

નેશનલ હેરલ્ડ કેસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કોર્ટે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો વિરુદ્ધ ચાર્જશીટની નોંધ લેવાનો અદાલતે ઇનકાર કર્યો છે, જે ભાજપના કૉંગ્રેસ નેતૃત્વને બદનામ કરવાના પ્રયાસનો પર્દાફાશ કરે છે. તેમણે આરોપ કર્યો હતો કે ભાજપ વિપક્ષી નેતાઓ વિરુદ્ધ કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. (પીટીઆઈ)■

# સેશન્સ કોર્ટ દ્વારા માણિકરાવ કોકાટેની ૨ વર્ષની કેદની સજા યથાવત

નાશિકઃ વિવાદાસ્પદ નિવેદનોને કારણે રાજ્યના રમતગમત પ્રધાન માણિકરાવ કોકાટેને કૃષિ પ્રધાનપદ પરથી હટાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સરકારી ક્વોટાના ૧૦ ટકા ફ્લેટના કૌભાંડના કેસમાં ફર્સ્ટ ક્લાસ કોર્ટે તેમને ૨ વર્ષની જેલ અને ૧૦ હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી છે. તેથી, હવે તેમના પર ધરપકડની તલવાર લટકી રહી છે. માણિકરાવ કોકાટે આ સજા સામે જિલ્લા સત્ર અદાલતમાં ગયા હતા. જિલ્લા સત્ર અદાલતમાં કેસમાં બંને પક્ષોની દલીલો બાદ હવે કોર્ટે ચુકાદો આપ્યો હતો, જેનાથી માણિકરાવ કોકાટેને મોટો ઝટકો લાગે એવી શક્યતા છે.

જિલ્લા સત્ર અદાલતે પ્રથમ વર્ગ અદાલત દ્વારા માણિકરાવ કોકાટેને આપવામાં આવેલી ૨ વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાના દંડની સજાને યથાવત રાખી છે. તેથી, માણિકરાવ કોકાટે પર હવે ધરપકડનો ભય છે. ઉપરાંત, આ સજાને કારણે માણિકરાવ કોકાટેનું પ્રધાનપદ પણ જોખમમાં છે. માણિકરાવ કોકાટેએ હવે આ કેસમાં જામીન માટે હાઇ કોર્ટનો સંપર્ક કરવો પડશે.

માણિકરાવ કોકાટે પર નાસિકના હાઇ-પ્રોફાઈલ વિસ્તારમાં અલ્પ આવક જૂથમાંથી ફ્લેટ મેળવ્યા હોવાનો આરોપ છે. આ મામલો ૩૦ વર્ષ પહેલાંનો છે. તેમના પર આરોપ છે કે તેમણે ચાર વ્યક્તિઓને કેનેડા કોર્નર વિસ્તારમાં 'નિર્માણ વ્યુ એપાર્ટમેન્ટ'માં મુખ્યમંત્રી ક્વોટા હેઠળ અલ્પ આવક જૂથમાંથી ફ્લેટ અપાવ્યા હતા. આ મામલે તે સમયના તત્કાલીન રાજ્યપ્રધાન તુકારામ દિઘોલેએ ફરિયાદ નોંધાવી હતી.'' જિલ્લા વહીવટીતંત્રે આ કેસમાં ફ્લેટ ફાળવણીની તપાસ કરી હતી. ત્યારબાદ, પ્રથમ વર્ગની કોર્ટે તેમને અને તેમના ભાઈને ૨ વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યારબાદ, વિરોધ પક્ષે માણિકરાવ કોકાટેના રાજીનામાની માગ કરી હતી.

એક તરફ વિરોધ પક્ષોની ટીકાઓ ચાલુ હતી ત્યારે બીજી તરફ માણિકરાવ કોકાટેએ જિલ્લા સત્ર અદાલતમાં ધા નાખી હતી. ત્યારબાદ, શું કોકાટેને જિલ્લા સત્ર અદાલત તરફથી રાહત મળે છે કે નહીં? તે તરફ સૌની નજર ટકેલી હતી. પરંતુ સત્ર અદાલતે પ્રથમ વર્ગની અદાલતનો ચુકાદો યથાવત રાખ્યો છે. જેના કારણે કોકાટે માટે આ એક ઘણો મોટો આંચકો છે. હવે કોકાટેની ધરપકડ થાય છે કે કેમ? તે જોવું મહત્ત્વનું રહેશે.'' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પૃથ્વી શૉને છેલ્લી ઘડીએ દિલ્હીએ, સરફરાઝને ચેન્નઈએ ૭૫ લાખની મૂળ કિંમતે ખરીદી લીધા

### જાણો, આઈપીએલના ઑક્શનમાં કોણ સૌથી મોંઘા અને કોને કોઈએ પણ ન ખરીદ્યા

અબુ ધાબીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં મંગળવારે અહીં મિની ઑક્શનમાં ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીન પર સૌની નજર હતી, તે વિદેશી ખેલાડીઓમાં સૌથી ઊંચા ભાવે વેચાવાનો હતો અને તેને મેળવવા તીવ્ર હરીફાઈ થવાની હતી અને આ બધી ધારણા સાચી પડી છે અને તેને કોલકાતા નાઇટ રાઇડર્સે બે કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૨૫.૨૦ કરોડ રૂપિયામાં મેળવીને આઇપીએલના વિદેશી ખેલાડીઓના ઇતિહાસમાં નવું પ્રકરણ શરૂ કર્યું છે. ગ્રીન સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો છે, જ્યારે મથીશા પથિરાના ૧૮.૦૦ કરોડ રૂપિયામાં સૌથી મોંઘો શ્રીલંકન પ્લેયર બન્યો છે.

અબુ ધાબીના ઑક્શનમાં ખેલાડીઓને ખરીદવા પાછળ ટીમો દ્વારા કુલ મળીને ૨૧૫.૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પૃથ્વી શૉને શરૂઆતમાં અનસૉલ્ડ રહ્યા પછી છેલ્લી ઘડીએ (રાત્રે ૯.૦૦ વાગ્યે) દિલ્હી કૅપિટલ્સે ૭૫ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો હતો. સરફરાઝ ખાનને ચેન્નઈએ ૭૫ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ પર છેલ્લી પળોમાં મેળવી લીધો હતો. બેંગલૂરુએ અન્ડર-૧૯ એશિયા કપના બે ભારતીય ખેલાડી કનિષ્ક ચૌહાણ અને વિહાન મલ્હોત્રાને ૩૦ લાખ રૂપિયાના મૂળ ભાવે ખરીદી લીધા હતા.

ઑલરાઉન્ડર વેન્કટેશ ઐયરને ૨૦૨૪ની હરાજીમાં કોલકાતા નાઇટ રાઇડર્સે ૨૩.૭૫ રૂપિયાના તોતિંગ ભાવે ખરીદીને આશ્ચર્ય ફેલાવ્યું હતું. જોકે તે ધારણા જેવું નહોતો રમ્યો અને કોલકાતાના ફ્રૅન્ચાઇઝીએ તેને આ વખતે હરાજીમાં મૂકી દીધો હતો. ૨૦૨૫ની આઇપીએલની વિજેતા ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ આ વખતે તેને બે કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૭.૦૦ કરોડ રૂપિયામાં મેળવ્યો છે.■



**વેલકમ બૅક:** અક્ષર પટેલ સાથે પૃથ્વી શૉ. દિલ્હી કૅપિટલ્સની ટીમમાં પૃથ્વીએ કમબૅક કર્યું છે. જોકે ઓપનિંગમાં તેની કસોટી થશે. ૨૦૨૫માં અક્ષરે આ ટીમનું સુકાન સંભાળ્યું હતું.



### કયા જાણીતા ખેલાડીઓને કોઈએ નહોતા ખરીદ્યા

ચેતન સાકરિયા, દાસુન શનાકા, ડેરિલ મિચલ, માઇકલ બ્રેસવેલ, જૅમી સ્મિથ, ગસ ઍટકિન્સન, દીપક હૂડા, રહમનુલ્લા ગુરબાઝ, વિઆન મુલ્ડર, ડેવૉન કૉન્વે, જૉની બેરસ્ટો, જેરાલ્ડ કૉએટ્ઝી, શૉન અબૉટ, કર્ણ શર્મા, યશ ધુલ, જેક ફ્રેઝર-મૅકગર્ક, તનુશ કોટિયન, કુમાર કાર્તિકેય, આકાશ મઢવાલ, સિમરનજીત સિંહ, રાજ લિંબાણી, મયંક ડાગર, મનન વોહરા, ઝાય રિચર્ડસન, અલ્ઝારી જોસેફ, રાયલી મેરેડિથ, તસ્કિન અહમદ, સિદ્ધાર્થ યાદવ, ચિંતલ ગાંધી, તન્મય ત્યાગરાજન, કેસી કરિયપ્પા, રિચર્ડ ગ્લીસન, મુરુગન અશ્વિન, કેએમ આસિફ, કમલેશ નાગરકોટી, વંશ બેદી, મહિપાલ લૉમરોર, રાજવર્ધન હંગારગેકર, અથર્વ ટેઇડ, સ્પેન્સર જૉન્સન, માહીશ થીકશાના, ફઝલહક ફારુકી, મુજીબ-ઉર-રહમાન, વિજય શંકર, અભિનવ મનોહર, અનમોલપ્રીત સિંહ, શ્રીકાર ભરત.

(આમાંના અમુક ખેલાડીને ફ્રૅન્ચાઇઝી આઇપીએલ-૨૦૨૬ અગાઉ ખરીદી શકે) ■

## આઈપીએલના મિની ઑક્શનના સૌથી મોંઘા ખેલાડીઓ

| ખેલાડી | ટીમ | બેઝ પ્રાઇસ | કેટલામાં ખરીદાયો |
|---|---|---|---|
| કૅમેરન ગ્રીન | કોલકાતા | ૨.૦૦ | ૨૫.૨૦ |
| મથીશા પથિરાના | કોલકાતા | ૨.૦૦ | ૧૮.૦૦ |
| પ્રશાંત વીર | ચેન્નઈ | ૦.૩૦ | ૧૪.૨૦ |
| કાર્તિક શર્મા | ચેન્નઈ | ૦.૩૦ | ૧૪.૨૦ |
| લિઆમ લિવિંગ્સ્ટન | હૈદરાબાદ | ૨.૦૦ | ૧૩.૦૦ |
| મુસ્તફિઝુર રહમાન | કોલકાતા | ૨.૦૦ | ૯.૨૦ |
| જૉશ ઇંગ્લિસ | લખનઊ | ૨.૦૦ | ૮.૬૦ |
| ઑકિબ નબી | દિલ્હી | ૦.૩૦ | ૮.૪૦ |
| રવિ બિશ્નોઈ | રાજસ્થાન | ૨.૦૦ | ૭.૨૦ |
| જેસન હોલ્ડર | ગુજરાત | ૨.૦૦ | ૭.૦૦ |
| વેન્કટેશ ઐયર | બેંગલૂરુ | ૨.૦૦ | ૭.૦૦ |
| રાહુલ ચાહર | ચેન્નઈ | ૧.૦૦ | ૫.૨૦ |
| મંગેશ યાદવ | બેંગલૂરુ | ૦.૩૦ | ૫.૨૦ |
| બેન ડ્વારશુઇસ | પંજાબ | ૧.૦૦ | ૪.૪૦ |
| પથુમ નિસંકા | દિલ્હી | ૦.૭૫ | ૪.૦૦ |
| તેજસ્વી દહિયા | કોલકાતા | ૦.૩૦ | ૩.૦૦ |
| કૂપર કૉનોલી | પંજાબ | ૨.૦૦ | ૩.૦૦ |
| જૅક એડવર્ડ્સ | હૈદરાબાદ | ૦.૫૦ | ૩.૦૦ |
| મુકુલ ચૌધરી | લખનઊ | ૦.૩૦ | ૨.૬૦ |
| ઍડમ મિલ્ન | રાજસ્થાન | ૨.૦૦ | ૨.૪૦ |
| અક્ષત રઘુવંશી | લખનઊ | ૦.૩૦ | ૨.૨૦ |
| ડેવિડ મિલર | દિલ્હી | ૨.૦૦ | ૨.૦૦ |
| મૅટ હેન્રી | ચેન્નઈ | ૨.૦૦ | ૨.૦૦ |
| લુન્ગી ઍન્ગિડી | દિલ્હી | ૨.૦૦ | ૨.૦૦ |
| બેન ડકેટ | દિલ્હી | ૨.૦૦ | ૨.૦૦ |
| જૅકબ ડફી | બેંગલૂરુ | ૨.૦૦ | ૨.૦૦ |
| વનિન્દુ હસરંગા | લખનઊ | ૨.૦૦ | ૨.૦૦ |
| રચિન રવીન્દ્ર | કોલકાતા | ૨.૦૦ | ૨.૦૦ |
| ફિન ઍલન | કોલકાતા | ૨.૦૦ | ૨.૦૦ |
| કાઇલ જૅમીસન | દિલ્હી | ૨.૦૦ | ૨.૦૦ |
| ક્વિન્ટન ડિકૉક | મુંબઈ | ૧.૦૦ | ૧.૦૦ |
| આકાશ દીપ | કોલકાતા | ૧.૦૦ | ૧.૦૦ |

(નોંધઃ તમામ આંકડા કરોડ રૂપિયામાં છે)

# દિલ્હીએ ડેવિડ મિલરને સરોજિની માર્કેટના ભાવમાં ખરીદી લીધો!

અબુ ધાબીઃ આઇપીએલના મિની ઑક્શનમાં સાઉથ આફ્રિકાના હાર્ડ-હિટર ડેવિડ મિલરને મંગળવારે ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમતે કોઈ ફ્રૅન્ચાઇઝીઓએ ખરીદવામાં રસ નહોતો બતાવ્યો અને છેવટે દિલ્હી કૅપિટલ્સે તેને એ જ બેઝ પ્રાઇસ પર મેળવી લીધો જેનાથી આશ્ચર્ય ફેલાયું છે અને તેની આ ખરીદી વિશે દિલ્હીમાં કહેવાય છે કે ‘ આ તૂફાની બૅટ્સમૅનને દિલ્હી કૅપિટલ્સે સરોજિની માર્કેટના ભાવમાં (ભાજીમૂળાના ભાવે) ખરીદી લીધો.’

ડેવિડ મિલર બહુ નામાંકિત બૅટ્સમૅન છે. તે વિશ્વભરના આક્રમક મિડલ-ઑર્ડર બૅટ્સમેનોમાં અચૂક ગણવામાં આવે છે. તાજેતરમાં જ તે પોતાના દેશની એસએ૨૦ નામની લીગ ટૂર્નામેન્ટના પ્રચાર માટે મુંબઈ આવ્યો હતો.

મિલર આ પહેલાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) ટીમમાં હતો. ૨૦૨૫ના મેગા ઑક્શનમાં લખનઊના ફ્રૅન્ચાઇઝીએ તેને ૧.૫૦ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૭.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે તેને આ વખતે હરાજીમાં મૂકી દીધો અને દિલ્હીનું ફ્રૅન્ચાઇઝી તેને માત્ર ૨.૦૦ કરોડ રૂપિયામાં મેળવવામાં સફળ થયું છે.

૩૬ વર્ષનો ડેવિડ ઍન્ડ્રયૂ મિલર અગાઉ રાજસ્થાન રૉયલ્સ, કિંગ્સ ઇલેવન પંજાબ અને ગુજરાત ટાઇટન્સ વતી પણ રમ્યો હતો. તેણે આઇપીએલમાં ૧૩ વર્ષની કરીઅરમાં કુલ ૧૪૧ મૅચમાં ૩,૦૭૭ રન કર્યા છે જેમાં એક સેન્ચુરી અને ૧૩ હાફ સેન્ચુરી સામેલ છે. તેણે ૧૪૧ મૅચમાં કુલ ૧૩૮ સિક્સર અને ૨૨૦ ફોર ફટકારી છે. ■

# અનકૅપ્ડ ખેલાડીઓ ન્યાલ થઈ ગયા

### પ્રશાંત-કાર્તિક શર્મા ભારત વતી નથી રમ્યા છતાં ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ફાવી ગયા!

અબુ ધાબીઃ અહીં મંગળવારે આયોજિત આઇપીએલના મિની ઑક્શનમાં કૅમેરન ગ્રીન (૨૫.૨૦ કરોડ રૂપિયા) છવાઈ ગયો હતો, પરંતુ તેનાથી પણ વધુ ચર્ચા ભારતના ખાસ કરીને બે અનકૅપ્ડ ખેલાડી (આંતરરાષ્ટ્રીય મૅચ ન રમ્યા હોય એવા પ્લેયર) ઉત્તર પ્રદેશના પ્રશાંત વીર અને રાજસ્થાનના કાર્તિક શર્માની હતી. તેમને ચેન્નઈએ માત્ર ૩૦-૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧૪.૨૦ કરોડ રૂપિયા-૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદીને ધમાલ મચાવી દીધી હતી. બીજા કેટલાક અનકૅપ્ડ પ્લેયર્સને પણ ખરીદીને ભારતીય ટીમોના ફ્રૅન્ચાઇઝીઓએ રોમાંચ જગાવ્યો હતો.

પ્રશાંત વીર સ્પિન ઑલરાઉન્ડર છે, જ્યારે કાર્તિક શર્મા વિકેટકીપર-બૅટ્સમૅન છે. જમ્મુ-કાશ્મીરના ૨૯ વર્ષના પેસ બોલર ઑકિબ નબીને દિલ્હીએ ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૮.૪૦ કરોડ રૂપિયામાં મેળવીને સનસનાટી મચાવી દીધી છે.

મધ્ય પ્રદેશના ૨૩ વર્ષના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર મંગેશ યાદવને ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેંગલૂરુએ ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૫.૨૦ કરોડ રૂપિયામાં, દિલ્હીના વિકેટકીપર-બૅટ્સમૅન તેજસ્વી દહિયાને ૩૦ લાખ રૂપિયા સામે ૩.૦૦ કરોડ રૂપિયામાં અને રાજસ્થાનના ૨૧ વર્ષીય વિકેટકીપર મુકુલ ચૌધરીને લખનઊએ ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૬૦ કરોડ રૂપિયામાં મેળવીને આ ટૂર્નામેન્ટમાં એક્સાઇટમેન્ટ વધારી દીધું.■



પ્રશાંત વીર



કાર્તિક શર્મા

# આઈપીએલના ઑક્શનની મહિલા સંચાલક મલ્લિકા સાગર વિશે આ જાણો છો?

અબુ ધાબીઃ અહીં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના મિની ઑક્શનનું સંચાલન કરનાર મલ્લિકા સાગર વિશે મોટા ભાગના ક્રિકેટપ્રેમીઓ અજાણ હશે, પરંતુ ભારતીય ક્રિકેટમાં અને ભારતીય ખેલકૂદ ક્ષેત્રે આ યુવતીનું નામ અજાણ્યું તો નથી જ. તેણે ૨૦૨૧માં પ્રો કબડ્ડી લીગ (પીકેએલ)ની હરાજીનું સંચાલન કર્યું હતું. ૨૦૨૩માં તે મહિલાઓની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની પ્રથમ સીઝન માટેની હરાજીની હોસ્ટ હતી તેમ જ ત્યાર બાદ તેણે ૨૦૨૩ના આઇપીએલ મિની ઑક્શનનું તેમ જ ૨૦૨૪ના હાઇ-પ્રોફાઇલ ઑક્શનનું પણ સંચાલન કર્યું હતું. મંગળવારની અબુ ધાબીની ઇવેન્ટ પહેલાંનું તેનું અસાઇનમેન્ટ તાજેતરમાં જ હતું જેમાં તે આગામી વર્ષની ડબ્લ્યૂપીએલની પણ ઍન્કર હતી.

મલ્લિકા સાગર ૫૦ વર્ષની છે. તેનો જન્મ ૧૯૭૫માં મુંબઈમાં થયો હતો. વેપારી પરિવારમાં જન્મેલી મલ્લિકા સાગર મુંબઈમાં ભણી હતી. તે ફાઇન આર્ટ અને સ્પોર્ટ્સ ઑક્શન વચ્ચેની એક એવી કડી છે જેવી ટૅલન્ટ બહુ ઓછા લોકોમાં હોય છે. મુંબઈમાં ભણ્યા બાદ તે વધુ ભણતર માટે અમેરિકાના કનેક્ટિકટમાં ગઈ હતી અને ત્યાર બાદ તેણે ફિલાડેલ્ફિયામાં આર્ટ હિસ્ટરીમાં ડિગ્રી હાંસલ કરી હતી. ૨૦૦૧માં તેણે હરાજીને લગતી તાલીમ શરૂ કરી હતી અને એમાં પ્રોફેશનલ કરીઅર શરૂ કર્યા પછી તે ૨૬ વર્ષની ઉંમરે ન્યૂ યૉર્કમાં ક્રિસ્ટિની સૌપ્રથમ ભારતીય મહિલા ઑક્શનીયર બની હતી.

મલ્લિકા સાગરે પછીથી આધુનિક અને સમકાલીન ભારતીય કલા ક્ષેત્રે વિશિષ્ટ ટૅલન્ટ બતાવવા ઉપરાંત હરાજીના જાગતિક ક્ષેત્રે પણ નામના મેળવી હતી. મલ્લિકાએ થોડાં વર્ષો પહેલાં મુંબઈમાં પુનરાગમન કર્યું હતું અને કલા ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું હતું.

૨૦૨૧માં મલ્લિકાએ ભારતમાં હરાજીના ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું જેમાં તે ૨૦૨૧ની પ્રો કબડ્ડી લીગમાં પ્રથમ મહિલા ઑક્શનીયર બની હતી.■



# આજે ભારત-સાઉથ આફ્રિકાની ચોથી ટી-૨૦

લખનઊઃ અહીં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે પાંચ મૅચવાળી સિરીઝની ચોથી ટી-૨૦ રમાશે જેમાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવ પર સારી બૅટિંગ કરવાનું પ્રચંડ માનસિક દબાણ રહેશે. તે ગયા ઑક્ટોબર પછી ટી-૨૦માં હાફ સેન્ચુરી નથી કરી શક્યો. ભારત શ્રેણીમાં ૨-૧થી આગળ છે. શુભમન ગિલ હજી પૂરો ફૉર્મમાં નથી આવ્યો એટલે તેના પર પણ પ્રેશર રહેશે. આજે લખનઊમાં અથવા અમદાવાદની પાંચમી મૅચ જીતીને ભારત સિરીઝની ટ્રૉફી પર કબજો કરી લેશે અને એ સાથે ભારતે ટી-૨૦ સિરીઝમાં ૧૪મી વખત અપરાજિત રહ્યાની સિદ્ધિ મેળવી કહેવાશે. અર્શદીપ સિંહે ક્વિન્ટન ડિકૉકને કુલ ૫૬ બૉલમાં પાંચ વખત આઉટ કર્યો છે એટલે આજે ફરી તેની સામે સાઉથ આફ્રિકન પ્લેયરની કસોટી થશે. ■

# ભારતના કુન્ડુની કમાલ, રેકૉર્ડ-બ્રેક ડબલ સેન્ચુરી ફટકારી

### ભારતીય અન્ડર-૧૯ ટીમનો વિક્રમી ૩૧૫ રનથી વિજય

દુબઈઃ અહીં અન્ડર-૧૯ એશિયા કપમાં ભારતના ૧૭ વર્ષીય વિકેટકીપર-બૅટ્સમૅન અભિજ્ઞાન કુન્ડુ (૨૦૯ અણનમ, ૧૨૫ બૉલ, નવ સિક્સર, સત્તર ફોર)એ કમાલ કરી છે જેમાં તે અન્ડર-૧૯ સ્તરની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનો સૌપ્રથમ ડબલ સેન્ચુરિયન બન્યો છે. મલયેશિયા સામે તેના અણનમ ૨૦૯ રનની મદદથી ભારતે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૪૦૮ રન કર્યા હતા અને ત્યાર બાદ મલયેશિયાની ટીમ માત્ર ૩૨.૧ ઓવરમાં ફક્ત ૯૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૩૧૫ રનના બીજા નંબરના વિક્રમજનક માર્જિનથી વિજય થયો હતો.

ભારતનો વિક્રમી વિજયી માર્જિન ૩૨૬ રનનો છે જે ૨૦૨૨માં ભારતે યુગાન્ડા સામેની મૅચમાં નોંધાવ્યો હતો. કુન્ડુને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. વિશ્વભરની અન્ડર-૧૯ ક્રિકેટમાં સાઉથ આફ્રિકાના જૉરિક સ્કૉલવીકના ૨૧૫ રન હાઇએસ્ટ છે. ભારતીય ટીમ અન્ડર-૧૯ એશિયા કપના ગ્રૂપ-એમાં છ પૉઇન્ટ સાથે મોખરે છે.



અમદાવાદનો વેદાંત ત્રિવેદી (ડાબી) અને અભિજ્ઞાન કુન્ડુ

**કુન્ડુની ડબલ સેન્ચુરીને પરિવારે ખૂબ માણી**

દુબઈમાં અભિજ્ઞાન કુન્ડુ મલયેશિયાના તમામ બોલર્સની ખબર લઈ રહ્યો હતો ત્યારે મેદાનની બહાર પરિવારજનો તેમના આ લાડકવાયાની બૅટિંગ માણી રહ્યા હતા અને તેણે ૨૦૦ રનની સિદ્ધિ મેળવી ત્યારે પરિવારજનોએ બૂમો પાડીને તેને અભિનંદન આપ્યા હતા.

**કુન્ડુ-વેદાંતની ૨૦૯ની ભાગીદારી**

મુંબઈ અન્ડર-૧૯ વતી રમી ચૂકેલા અભિજ્ઞાન કુન્ડુ અને અમદાવાદના વેદાંત ત્રિવેદી વચ્ચે ચોથી વિકેટ માટે ૨૦૯ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી.

વૈભવ ત્રીજી વિકેટના રૂપમાં ૮૭ રનના કુલ સ્કોર પર આઉટ થયો ત્યાર બાદ ચોથી વિકેટ છેક ૨૯૬ રનના સ્કોર પર પડી હતી.

**અમદાવાદના વેદાંતના ૯૦, વૈભવના ૫૦ રન**

દુબઈમાં ભારતને ૭/૪૦૮નું તોતિંગ ટોટલ અપાવવામાં અમદાવાદના ૧૮ વર્ષીય વેદાંત ત્રિવેદી (૯૦ રન, ૧૦૬ બૉલ, સાત ફોર) અને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (૫૦ રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ના પણ મહત્ત્વના યોગદાન હતા. વૈભવની વિકેટ મલયેશિયાના મુહમ્મદ અકરમે લીધી હતી, જ્યારે વેદાંતની વિકેટ ભારતીય મૂળના બોલર જાશ્વીન ક્રિષ્નમૂર્તિએ લીધી હતી. ખરેખર તો મુહમ્મદ અકરમે કુલ પાંચ વિકેટ લીધી હતી.

**દીપેશની બાવીસ રનમાં પાંચ વિકેટ**

મલયેશિયાની ટીમને ફક્ત ૯૩ રનમાં ઑલઆઉટ કરાવવામાં ૧૭ વર્ષના મિડિયમ પેસ બોલર દીપેશ દેવેન્દ્રનનું સૌથી મોટું યોગદાન હતું. તેણે ફક્ત બાવીસ રનમાં પાંચ વિકેટ લીધી હતી. ઉધવ મોહનને બે વિકેટ તેમ જ મોડાસાના ખિલાન પટેલ સહિત ત્રણ બોલરે એક-એક વિકેટ લીધી હતી. મલયેશિયાના ત્રણ બૅટ્સમેન શૂન્યમાં આઉટ થઈ ગયા હતા. હમઝા પન્ગી નામના પ્લેયરના ૩૫ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ■

# મેસીને બોલાવી આપણે શું સિદ્ધ કરવા માગીએ છીએ

### ઓલિમ્પિક ગોલ્ડ મેડલ મેળવનાર અભિનવ બિન્દ્રાનો સવાલ

નવી દિલ્હીઃ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ ભૂતપૂર્વ ભારતીય શૂટર અભિનવ બિન્દ્રાએ સોમવારે આર્જેન્ટિનાના ફૂટબોલ દિગ્ગજ લિયોનેલ મેસીના ભારત પ્રવાસના આયોજનની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, આ દિગ્ગજ ખેલાડી સાથે ‘‘માત્ર ફોટા પડાવવા અને ક્ષણિક મુલાકાત‘‘ માટે લાખો રૂપિયા ખર્ચવામાં આવતા જોઈને પોતે ‘‘વ્યાકુળતા’’ અનુભવે છે. મેસી ૨૦૧૧માં પણ ભારત આવ્યો હતો. મેસીના ત્રણ દિવસીય અને ચાર શહેરોના પ્રવાસે તે જ્યાં પણ ગયો ત્યાં અપેક્ષા મુજબ ચાહકોમાં ભારે ઉન્માદ જગાવ્યો છે. આ પ્રવાસમાં અરાજકતા પણ જોવા મળી છે, કારણ કે રાજકારણીઓ, ફિલ્મી હસ્તીઓ, ઉદ્યોગપતિઓ અને અધિકારીઓ તેની સાથે ફોટો પડાવવા માટે પડાપડી કરી રહ્યા છે. કોલકાતામાં આના કારણે સામાન્ય જનતામાં હિંસક પ્રતિક્રિયા જોવા મળી હતી, કારણ કે ટિકિટ માટે હજારો રૂપિયા ખર્ચ્યા હોવા છતાં તેઓ તેની એક સ્પષ્ટ ઝલક પણ મેળવી શક્યા નહોતા.

એક્સ પર એક વિસ્તૃત પોસ્ટમાં બિન્દ્રાએ પ્રશ્ન કર્યો કે, ‘‘...ભારતમાં તેની તાજેતરની મુલાકાત જે રીતે આગળ વધી, તેના અમુક ભાગો અસ્તવ્યસ્ત હતા અને મને અસ્વસ્થ કરી ગયા. આ બાબતે મને કોઈના પર નિર્ણય લેવા માટે નહીં, પણ સાચી ચિંતા સાથે વિચારવા મજબૂર કર્યો કે આપણે ખરેખર શું હાંસલ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા?‘‘

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, એક દિગ્ગજ સાથે ફોટા પડાવવા અને ક્ષણિક સાનિધ્ય મેળવવા માટે લાખો રૂપિયા ખર્ચવામાં આવ્યા. હા, તે લોકોના પ્રમાણિકતાથી કમાયેલા પૈસા છે અને તેઓ તેને કેવી રીતે ખર્ચવા તે માટે સ્વતંત્ર છે. તેમ છતાં હું એક શાંત ઉદાસી અનુભવ્યા વિના રહી શકતો નથી. મને વિચાર આવે છે કે જો તે શક્તિ અને રોકાણનો એક નાનો અંશ પણ આપણા દેશમાં રમતગમતના પાયાના માળખા પાછળ ખર્ચવામાં આવ્યો હોત, તો શું શક્ય બની શક્યું હોત.

જોકે, બિન્દ્રાએ સ્પષ્ટ કર્યું હતું કે તેમને વર્લ્ડ કપ વિજેતા આર્જેન્ટિનાના કેપ્ટન પ્રત્યે અપાર આદર છે. ■

# બીસીસીઆઈ નથી માન્યતા પ્રાપ્ત એનએસએફઃ સરકાર

નવી દિલ્હીઃ રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સોમવારે લોકસભામાં જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એક માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય રમતગમત મહાસંઘ (નેશનલ સ્પોર્ટસ ફેડરેશન - એનએસએફ) નથી. તેમણે લાંબા સમયથી ચાલી આવતી સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો જે આવતા વર્ષે નવા રાષ્ટ્રીય રમતગમત સંચાલન અધિનિયમ અમલમાં આવ્યા પછી બદલાવાની અપેક્ષા છે.

માંડવિયા તૃણમૂલ કૉંગ્રેસની કોલકાતા દક્ષિણની પ્રતિનિધિ માલા રોયના સવાલનો જવાબ આપી રહ્યા હતા. રોયે પૂછ્યું હતું કે શું સરકાર બીસીસીઆઈ જેવા મોટી રમતગમત સંસ્થાઓ અને આર્થિક તંગીનો સામનો કરી રહેલા ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને યોગ્ય અને સુગમ રીતે ચલાવવા માટે તેનું નિયંત્રણ પોતાના હાથમાં લેવાનો કોઈ ઈરાદો ધરાવે છે કે નહીં.

માંડવિયાએ પુનરોચ્ચાર કર્યો હતો કે એનએસએફ સારી વ્યવસ્થાપન પદ્ધતિઓનું પાલન કરે તેવી અપેક્ષા છે. માંડવિયાએ કહ્યું હતું કે, ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડને રાષ્ટ્રીય રમતગમત મહાસંઘ તરીકે માન્યતા આપવામાં આવી નથી. રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ આ વર્ષે ઓગસ્ટમાં પસાર થયો હતો અને તેના નિયમો ટૂંક સમયમાં સૂચિત કરવામાં આવશે. માંડવિયાએ આવતા વર્ષની શરૂઆતમાં આ કાયદાને સંપૂર્ણપણે લાગુ કરવાનું વચન આપ્યું છે. તેમાં એક રાષ્ટ્રીય રમતગમત બોર્ડની જોગવાઈ છે જે એક કડક જવાબદારી પ્રણાલી સ્થાપિત કરશે અને તમામ એનએસએફને કેન્દ્ર સરકારના ભંડોળ મેળવવા માટે એનએસબી પાસેથી માન્યતા મેળવવાની જરૂર પડશે. બીસીસીઆઈ હજુ સુધી માન્ય એનએસએફ નથી કારણ કે તે સરકારી ભંડોળ પર નિર્ભર નથી. જોકે, જ્યારે નવો કાયદો અમલમાં આવશે ત્યારે બીસીસીઆઈએ પોતાને એનએસએફ તરીકે નોંધણી કરાવવી પડશે. ■

# વિદેશી ફંડોની વેચવાલી અને વૈશ્વિક નરમાઈના અહેવાલે સેન્સેક્સ ૫૩૩ પૉઈન્ટ તૂટ્યો, નિફ્ટીએ ૧૬૭ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી

## વિદેશી ફંડોની ₹ ૨૩૮૧.૯૨ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૧૦૭૭.૪૮ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક ઈક્વિટી માર્કેટના નરમાઈતરફી અહેવાલ અને સ્થાનિકમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ રૂ. ૧૪૬૮.૩૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક રોકાણકારોનું માનસ ખરડાતા આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૫૩૩.૫૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૫,૦૦૦ની અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૧૬૭.૨૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૬,૦૦૦ની સપાટી ગુમાવી હતી. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦,૪૬૪.૫૨ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૮૪૬.૪૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૩૮૧.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૧૨,૪૮૮.૯૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૪૧૧.૫૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૦૭૭.૪૮ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.



એકંદરે આજે વૈશ્વિક નરમાઈતરફી અહેવાલોને ધ્યાનમાં લેતા બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૫,૨૧૩.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫,૦૨૧.૬૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪,૬૨૦.૬૧ અને ઉપરમાં ૮૫,૦૫૯.૯૬ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૬૩ ટકા ઘટીને ૮૪,૬૭૯.૮૬ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્મચાર્ક નિફ્ટી ગઈકાલના ૨૬,૦૨૭.૩૦ના બંધ સામે ૨૫,૯૫૧.૫૦ના મથાળે ખૂલ્યા બાદ નીચામાં ૨૫,૮૩૪.૩૫ અને ઉપરમાં ૨૫,૯૮૦.૭૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૬૪ ટકા અથવા તો ૧૬૭.૨૦ પૉઈન્ટ ઘટીને ૨૫,૮૬૦.૧૦ના મથાળે બંધ રહ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૩૨૮ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૬૦૦ શૅરના ભાવ વધીને, ૨૫૭૮ શૅરના ભાવ ઘટીને અને ૧૫૦ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૦૦ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૩૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આ સિવાય આજે ૭ શૅરોમાં નીચલી સર્કિટ લાગી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણ હેઠળ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ અને વિશ્વ બજારનાં નરમાઈતરફી અહેવાલને કારણે સ્થાનિકમાં પીછેહઠ જોવા મળી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૩૬ પૈસા તૂટીને ૯૧.૧૪ની ઐતિહાસિક નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. તે જ પ્રમાણે મંતવ્ય આપતા એનરીચ મનીનાં સીઈઓ પોન્મુડી આરએ જણાવ્યું હતું કે આજે રૂપિયાએ સત્ર દરમિયાન ૯૧ની સપાટી પાર કરી હોવાથી બૃહદ આર્થિક ચિંતા સપાટી પર આવવાની સાથે વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા વિશ્વ બજારમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં ખાસ કરીને રિઅલ્ટી, ફાઈનાન્સિયલ સર્વિસીસ, મેટલ અને આઈટી કંપનીઓનાં શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં બૅન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી હતી. આજે બીએસઈ સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી બાવીસ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૫.૦૩ ટકાનો ઘટાડો એક્સિસ બૅન્કમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈટર્નલમાં ૪.૬૯ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૧.૯૦ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૭૪ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૧.૬૫ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૬૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે માત્ર આઠ શૅરના ભાવ સુધારા સાથે બંધ રહ્યા હતા તેમાં ટિટાનમાં ૧.૬૦ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૪૪ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૦.૪૨ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૪૦ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૦.૧૩ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૧૧ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૦૮ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૦૬ ટકાનો સુધારો નોંધાયો હતો.

વધુમાં આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૯ શૅરના ભાવ ઘટીને અને ૧૧ શૅરના ભાવ વધીને બંધ રહ્યાના અહેવાલ હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં માત્ર ટેલિકોમ્યુનિકેશન અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૩૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બૅન્કેક્સમાં ૧.૦૩ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૦.૯૧ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૮૬ ટકાનો, ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો અને મેટલ ઈન્ડેક્સમાં ૦.૮૨ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ અને હૉંગકૉંગના હૅંગસૅંગ ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૪ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૫૯.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં બજારમાં તેની કોઈ સકારાત્મક અસર નહોતી જોવા મળી. ■

# એચડીએફસી બૅન્કને ઈન્ડસઈન્ડ બૅન્કમાં હિસ્સો વધારવા મંજૂરી

## આરબીઆઈએ કહ્યું હતું કે કુલ હિસ્સો કોઈપણ સમયે ઈન્ડસઈન્ડ બૅન્કની પેડ-અપ શેર કેપિટલ અથવા વોટિંગ રાઈટ્સના ૯.૫૦ ટકાથી વધુ ન હોવો જોઈએ

નવી દિલ્હી: એચડીએફસી બેન્કને ભારતીય રિઝર્વ બેન્ક તરફથી તેની ગ્રુપ કંપનીઓને ઇન્ડસઇન્ડ બેન્કમાં ૯.૫ ટકા સુધીનો હિસ્સો રાખવાની મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી ૧૫ ડિસેમ્બરના એક પત્ર મારફતે આપવામાં આવી હતી અને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી એક વર્ષ માટે માન્ય રહેશે. આરબીઆઈએ કહ્યું હતું કે કુલ હિસ્સો કોઈપણ સમયે ઇન્ડસઇન્ડ બેન્કની પેડ-અપ શેર કેપિટલ અથવા વોટિંગ રાઈટ્સના ૯.૫૦ ટકાથી વધુ ન હોવો જોઈએ. આનાથી બેન્કના કોઈપણ ગ્રાહક પર કોઈ અસર થશે નહીં.

તેમાં કહેવામાં આવ્યું છે કે ''એચડીએફસી બેન્ક દ્વારા કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં આરબીઆઈની મંજૂરી આપવામાં આવી છે. આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી મંજૂરી બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (કોમર્શિયલ બેન્કો શેર અથવા વોટિંગ અધિકારોનું અધિગ્રહણ અને હોલ્ડિંગ) નિર્દેશો, ૨૦૨૫ તારીખ ૨૮ નવેમ્બર, ૨૦૨૫ (સમય સમય પર સુધારેલા), ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ની જોગવાઈઓ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા નિયમો અને લાગુ પડતા કોઈપણ અન્ય કાયદા, નિયમનો અને માર્ગદર્શિકાની સંબંધિત જોગવાઈઓનું પાલન કરવાને આધીન છે.''

વધુમાં કહેવામાં આવ્યું હતું કે મંજૂરી આપતી વખતે આરબીઆઈએ એ પણ જણાવ્યું છે કે જો અરજદાર ઉપરોક્ત આરબીઆઈ પત્રની તારીખથી એક વર્ષના સમયગાળામાં મોટો શેરહોલ્ડિંગ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય તો મંજૂરી રદ કરવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું હતું કે અરજદારે ખાતરી કરવી જોઈએ કે બેન્કમાં ''કુલ હોલ્ડિંગ' કોઈ પણ સમયે બેન્કની પેડ-અપ શેર કેપિટલ અથવા વોટિંગ અધિકારોના ૯.૫૦ ટકાથી વધુ ન હોય. જો 'કુલ હોલ્ડિંગ' ૫ ટકાથી નીચે થઈ જાય છે તો તેને બેન્કના કુલ ચૂકવેલ શેર મૂડી અથવા મતદાન અધિકારોના ૫ ટકા કે તેથી વધુ સુધી વધારવા માટે આરબીઆઈની પૂર્વ મંજૂરી જરૂરી રહેશે. અરજદારનું બેન્કના બોર્ડમાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ નહીં. ■

# અમેરિકાના રોજગારીના ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોના-ચાંદીમાં નરમાઈ

## સ્થાનિક ચાંદીમાં ₹ ૧૪૪૨નો અને સોનામાં ₹ ૧૪૭૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે મોડી સાંજે અમેરિકાના નવેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વ ભવિષ્યની નાણાનીતિમાં કેવું વલણ અપનાવે તેનો દારોમદાર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૬૬થી ૧૪૭૨નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૬ પૈસા ગબડ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૪૨ ઘટી આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીના દબાણ સામે જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૪૨ના ઘટાડા સાથે રૂ. ૧,૯૧,૯૭૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઊંચા મથાળેથી રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૬૬ ઘટીને રૂ. ૧,૩૧,૨૪૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૭૨ ઘટીને રૂ. ૧,૩૧,૭૭૭ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૭૭.૨૦ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૦૫.૩૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૫૦ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૬૨.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

અમેરિકાના રોજગારીની ડેટાની જાહેરાત પૂર્વે આજે રોકાણકારોએ સોનામાં નફો ગાંઠે બાંધતા પીછેહઠ જોવા મળી હોવાનું એફએક્સટીએમનાં વિશ્લેષક લુકમાન ઑટુંગાએ જણાવતાં ઉમેર્યું હતું કે ઔંસદીઠ ૪૩૦૦ ડૉલરની મનોવૈજ્ઞાનિક સપાટી હાંસલ કરતાં પૂર્વે નરમાઈનું વલણ જોવા મળી રહ્યું છે. આ જ પરિબળોને કારણે આજે ચાંદીના ભાવ પણ દબાણ હેઠળ આવ્યા હતા. ચાંદીમાં પણ નફારૂપી વેચવાલી અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં બાહ્યપ્રવાહ રહેતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે એકંદરે ચાંદીમાં પુરવઠાખેંચની સ્થિતિ અને અમેરિકાએ ચાંદીનો મહત્ત્વપૂર્ણ ધાતુઓની યાદીમાં સમાવેશ કર્યો હોવાથી આકર્ષણ વધુ રહેતાં આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૧૮ ટકા જેટલો ઉછાળો આવ્યો છે.

દરમિયાન આજે અમેરિકાના નોન ફાર્મ પૅ રૉલ ડેટામાં ૫૦,૦૦૦ રોજગારોનો ઉમેરો થવાની શક્યતા રૉઈટર્સ દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વેક્ષણમાં અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે, જ્યારે બેરોજગારીનો દર ૪.૪ ટકાના સ્તરે રહેવાનો અંદાજ તેઓ મૂકી રહ્યા હોવાનું રૉઈટર્સે જણાવ્યું હતું. વધુમાં હાલમાં રોકાણકારોની નજર સપ્તાહના અંત આસપાસ અમેરિકાના નવેમ્બર મહિનાના ફુગાવાની જાહેરાત પર પણ મંડાયેલી છે. ■

# મથકો પાછળ ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રનાં મથકો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોના ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટીને રૂ .૩૬૦૦થી ૩૬૫૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, મથકો પરના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૨૨થી ૩૯૦૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૨થી ૩૮૭૦માં ગુણવત્તાનુસાર થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■

# દરિયાપારની બજારોના પોર્ટફોલિયોમાં રોકાણ વિસ્તૃત કરતાં ભારતીય રોકાણકારો

નવી દિલ્હી: ભારતીય રોકાણકારો હવે સિંગલ સ્ટોક રોકાણથી પણ આગળ વધીને યુએસ ઈક્વિટી, ઈન્ડેક્સ અને થીમેટિક ઈટીએફ, ખાનગી બજારો અને વૈશ્વિક ખાનગી બજારની તકો અને વૈશ્વિક ભંડોળનો ઉમેરો કરીને તેના પોર્ટફોલિયોનું વિસ્તરણ કરી રહ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

તાજેતરમાં વેસ્ટેડ ફાઈનાન્સ દ્વારા 'હાઉ ઈન્ડિયા ઈન્વેસ્ટ્સ ગ્લોબલી ૨૦૨૫'નામક તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતીય રોકાણકારોનો વૈશ્વિક બજારમાં સહભાગી થવાની સાથે પોર્ટફોલિયોનું સુસંગત કરવા તરફનો અભિગમ પ્રતિબિંબિત થઈ રહ્યો છે.

અહેવાલમાં જણાવ્યાનુસાર આ પરિવર્તનમાં મહાનગરો સહિત અન્ય શહેરોમાં સંશોધનો,ડિજિટલ ટૂલ્સ અને શિક્ષણનું એક્સેસ વધવાની મહત્ત્વની ભૂમિકા રહી છે. વધુમાં ડૉલર સામે રૂપિયામાં સતત ધોવાણ વૈશ્વિક રોકાણોને વધુ સુસંગત બનાવે છે, એમ જણાવતા ઉમેર્યું હતું કે રૂપિયામાં સતત ઘટાડો લાંબા સમયગાળાના પરિણામોને એવી રીતે બદલી નાખે છે કે હેડલાઈનના આંકડાઓ મેળવવા મુશ્કેલ બને છે.

વધુમાં આંકડાકીય માહિતી આપતા અહેવાલમાં ઉમેર્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ઈક્વિટી અને ડેબ્ટમાં દરિયાપારના રોકાણ જે વર્ષ ૨૦૧૯માં ૪૨.૨ કરોડ ડૉલરના હતા તે ચાર ગણાં વધીને ૧.૭ અબજ ડૉલરની સપાટીએ રહ્યા છે. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છમાસિકગાળામાં વૈશ્વિક ઈક્વિટી અને ડેબ્ટ માર્કેટમાં રોકાણ ૧.૦૧ અબજ ડૉલરની સપાટીએ રહ્યું છે. આ ડેટાઓ પરથી ધ્યાનમાં આવે છે કે રોકાણકારોની માત્ર ભાગીદારી નથી વધી, પરંતુ રોકાણકારો અસ્ક્યામતની ફાળવણી, વૈવિધ્યકરણ અને લાંબાગાળાના વૈશ્વિક રોકાણના સંદર્ભમાં દિર્ઘદૃષ્ટિથી વિચારી રહ્યા છે, એમ વેસ્ટેડ ફાઈનાન્સના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર વિરમ શાહે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વેસ્ટેડનું પ્લેટફોર્મ ડેટા, મૉડેલ પોર્ટફોલિયો, શૈક્ષણિક સામગ્રી અને વિશ્લેષણાત્મક માહિતી એકીકૃત કરે છે, જેનો મુખ્ય આશય રોકાણકારોને વ્યાપક પોર્ટફોલિયોના સંદર્ભમાં વૈશ્વિક તકોને સમજાવવામાં મદદરૂપ થવાનો છે. ■

# ટી બોર્ડે કર્મચારીઓના પુનર્ગઠનના અભ્યાસનું કાર્ય એનપીસીને સોંપ્યું

કોલકાતા: ટી બોર્ડે તેના કર્મચારીઓની વર્તમાન ફરજો અને જવાબદારીઓ અંગેની માહિતીઓ મેળવવા માટેના અભ્યાસ (કેડર રિસ્ટ્રક્ચરિંગ) માટેનું કાર્ય નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલ (રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ)ને સોંપ્યું છે.

બોર્ડે જણાવ્યું હતું કે આ અભ્યાસનો હેતુ દરેક કર્મચારીઓની વર્તમાન નોકરી અને તેની સાથે સંકળાયેલી ફરજ અને જવાબદારીઓ અંગેની માહિતી મેળવવાનો છે. આ માટે કર્મચારીઓને એક પ્રશ્નાવલીનું ફોર્મ મોકલવામાં આવ્યું છે જે ભરીને તેના વિશ્લેષણ માટે બોર્ડને મોકલવાનું રહેશે. વધુમાં બોર્ડે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે આ પ્રશ્નાવલી કર્મચારીઓની વર્તમાન નોકરી અંગેના પ્રદર્શન વિશે કોઈ માહિતી મેળવવાનો પ્રયાસ નથી કરતી, પરંતુ ફક્ત તે જ માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે, જે કર્મચારી દ્વારા પરિપૂર્ણ કરવા જરૂરી છે. ■


# ચીનના ભાવઘટાડાનો સામનો કરવા બલ્ક ડ્રગ્સનાં લઘુતમ આયાત ભાવનો ત્વરિત અમલ કરવા ઉદ્યોગની માગ

નવી દિલ્હી: સ્થાનિક બલ્ક ડ્રગ્ઝ ઉત્પાદકોના હિત જાળવવા માટે સરકારે લઘુતમ આયાત ભાવ નિર્ધારિત કરવા લીધેલા નિર્ણયને અમારો ટેકો છે. જોકે, આ પગલાંને સમય-મર્યાદા અને સુધારાત્મક પગલાં તરીકે ગણવું જોઈએ નહીં કે રક્ષણાત્મક પગલાં તરીકે.

તાજેતરમાં ચીને બલ્ક ડ્રગ્ઝના ભાવમાં તીવ્ર ઘટાડો કર્યા બાદ હવે કેન્દ્ર સરકારે ચીનથી થતી સસ્તી આયાતનો સામનો કરવા માટે સરકારે લઘુતમ આયાત ભાવ નિર્ધારિત કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. ચીન દ્વારા કરવામાં આવેલા ભાઘટાડાને કારણે સ્થાનિક ઉત્પાદકો સામે જોખમો ઊભાં થયાં છે. આથી ઔદ્યોગિક સંગઠન બલ્ક ડ્રગ્ઝ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (બીડીએમએ)એ જણાવ્યું હતું કે અમે પ્રસ્તાવિત લઘુતમ આયાત ભાવને ટેકો આપીએ છીએ અને તેનો ત્વરીત અમલ થાય અને અમને લેવલ પ્લેઈંગ ફિલ્ડ મળે અને લાંબા સમયગાળા સુધી દેશને એન્ટિ બાયોટિક સલામતી મળે તેવી આશા રાખી રહ્યા છીએ. અત્રે નોંધનીય બાબત એ છે કે પ્રસ્તાવિત લઘુતમ આયાત ભાવ દર્દીઓ માટે દવાના ભાવમાં કોઈ વધારો નથી કરતાં કારણ કે એક્ટિલ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ્સ (એપીઆઈ)નાં ભાવ ઊંચા હતા તે સમયગાળા દરમિયાન પણ ફોર્મ્યુલેશનના ભાવ સ્થિર રહ્યા હોવાનું બીડીએમએએ જણાવતાં ઉમેર્યું હતું કે પ્રસ્તાવિત ભાવનું સ્તર વાજબી છે, જે ફોર્મ્યુલેટર અથવા તો ગ્રાહકો પર ફુગાવાલક્ષી દબાણ ન થાય તેની ખાતરી આપે છે. મહત્ત્વપૂર્ણ એન્ટિબાયોટિક્સમાં ખાસ કરીને પેનેસિલિન-જી અને ૬ એપીએની આયાત માટે ભારતની એક જ સ્થાનક પરની નિર્ભરતા એક મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક નબળાઈ હોવાનું સંગઠને યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે લઘુતમ આયાત ભાવ એ વેપાર માટેના અંતરાયનું સાધન નથી, પરંતુ મહત્ત્વના એન્ટિબાયોટિક્સ ઈન્ટર મિડિયેટ્સ માટેના ભાવમાં સ્થિરતા માટેનું સાધન છે. આ પગલું ભાવમાં સ્થાનિક ક્ષમતા જાળવવામાં મદદરૂપ થશે, એમ ઓરબિંદો ફાર્મા લિ.નાં સીએફઓ એસ સુબ્રમણ્યને જણાવ્યું હતું. અગાઉ દેશે પેનેસિલિન ક્ષમતામાં ઐતિહાસિક પતન જોયું હોવાનું બલ્ક ડ્રગ્ઝ ઉત્પાદકોએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્ષમતાને પુનઃનિર્માણ કરતાં દાયકાઓ લાગ્યા છે, જેમાં જાહેર અને ખાનગી રોકાણનો સમાવેશ થાય છે.

# ચોક્કસ ધાતુઓમાં વધ્યા મથાળેથી નરમાઈ

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ખાસ કરીને ટીન અને ઝિન્ક સ્લેબની આગેવાનીમાં ઊંચી સપાટીએથી પ્રોફિટ બુકિંગ જોવા મળતાં વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૫૧ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, ઝિન્ક સ્લેબ, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૧ ઘટીને રૂ. ૩૭૮૦, રૂ. ૧૭ ઘટીને રૂ. ૩૧૨, રૂ. સાત ઘટીને રૂ. ૧૩૨૩ અને રૂ. સાત ઘટીને રૂ. ૧૧૩૦ના મથાળે રહ્યા હતા.



વધુમાં આજે ટીન અને ઝિન્ક સ્લેબની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ મર્યાદિત રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૭૧૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૦૧૯ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૦૪૯, રૂ. ૯૨૮, રૂ. ૬૩૪ અને રૂ. ૨૮૬ના મથાળે રહ્યા હતા. ■

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આરબીડી પામોલિનમાં નરમાઈ, વેપાર પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૫૯ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં બાવન રિંગિટ ઘટી આવ્યાના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ખાસ કરીને આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને દેશી તેલમાં મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, હાલમાં વૈશ્વિક સ્તરે નરમાઈ જોવા મળી રહી હોવાથી ભાવઘટાડાના આશાવાદ વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર પાંખા રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રેડી ડિલિવરી શરતે રૂ. ૧૨૧૧ અને શેષ ડિસેમ્બર ડિલિવરી ધોરણે રૂ. ૧૨૨૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૫૦ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૫૩ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.ગુજરાતમાં આજે ગોંડલ મથકે મગફળીની ૩૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૫૫,૦૦૦ ગૂણી મળી કુલ ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની એક લાખ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# મુંદરા પંથકના ફાચરિયાની ખાણમાં વીજચોરીના કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ચાર વર્ષ પૂર્વે કચ્છના બંદરીય મુંદરા પંથકના ફાચરિયા ગામમાં વીજચેકિંગ દરમ્યાન ખાણમાં થઇ રહેલી વીજચોરી ઝડપાઈ હોવાના કેસમાં આરોપી માંડણ રાણા રબારીને ત્રણ વર્ષની સાદી કેદ તથા વીજબીલની ત્રણ ગણી રકમ રૂ. ૪૪,૭૧,૭૮૫ના દંડની સજાનો હુકમ અત્રેની નામદાર અદાલતે ફટકાર્યો હતો.

આ કેસની વિગત મુજબ, ગત તા.૬-૧૨-૨૦૨૧ના રોજ મુંદરા વિભાગની પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની ટુકડીએ ફાચરિયા ગામમાં સરપ્રાઈઝ વીજચેકિંગ આદર્યું હતું જેમાં ખાણમાં પાણી કાઢવાની મોટરમાં બીનઅધિકૃત રીતે વીજ જોડાણ લઈ રૂ. ૧૪,૯૦,૫૯૪.૭૪ પૈસાનો કુલ વીજ વપરાશ તથા રૂ. ૯૫ હજારનો કમ્પાઉન્ડીંગ ચાર્જની વીજચોરીનો ગુનો આરોપી માંડણ રબારી વિરુદ્ધ દાખલ કરાયો હતો. આ કેસ સ્પેશિયલ જજ (ઈલેક્ટ્રીસિટી) અને આઠમા અધિક સેશન્સ જજ તુષાર નીતિન ખંધડિયાની કોર્ટમાં ચાલી જતા આરોપી માંડણ રબારીને તકસીરવાર ઠેરવી ત્રણ વર્ષની સાદી કેદ તથા બિલની રકમની ત્રણગણી રકમ એટલે રૂ. ૪૪,૭૧,૭૮૫નો દંડ અને આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદ પક્ષ સરકાર તરફે અધિક જિલ્લા સરકારી વકીલ પ્રવીણ વાણિયા હાજર રહી દલીલો કરી હતી. ■

# રાપરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીથી પાંચ મોટરસાઈકલ ચાલકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: મકરસંક્રાંતિ પર્વને આડે હજુ એક મહિના જેટલો સમય બાકી છે, તેવામાં જીવલેણ ચાઈનીઝ દોરીથી અકસ્માત સર્જાવવાનું જાણે અત્યારથી જ શરૂ થઇ ચૂક્યું હોય તેમ સરહદી કચ્છના રાપર શહેરમાં ધોળા દિવસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની અડફેટમાં આવી જવાને લીધે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ મોટરસાઇકલ પર સવાર પાંચ જેટલા યુવાનો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો સાંપડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ગત સોમવારે બપોરના અરસામાં શહેરના જાગેશ્વર મહાદેવ મંદિર પાસેથી ચિત્રોડના નરસી કરશન ગોહિલ પોતાની મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા. તે સમયે સામેથી અન્ય બે મોટરસાઇકલ પર ચાર યુવાનો આવી રહ્યા હતા. આ વેળાએ આકાશમાંથી આવેલી પતંગની કપાયેલી ચાઈનીઝ દોરી નરસી ગોહિલના ગળામાં અને મોટરસાઈકલના આગળના ટાયર પર વીંટળાઈ ગઈ હતી. પ્લાસ્ટિક અને કાચના મિશ્રણવાળી આ જીવલેણ દોરી ગળામાં અને વાહનમાં ફસાઈ જતા વાહન પરથી કાબૂ ગુમાવી દેતાં યુવાન રસ્તા પર પટકાયો હતો. આ વેળાએ સામેથી આવતા અન્ય બે વાહન ચાલકો પણ આ ચાઈનીઝ દોરીની ચપેટમાં આવી જતા તેઓ પણ રસ્તા પર પટકાતાં આ અકસ્માત સર્જાયો હતો.

સદનસીબે પતંગની ચાઈનીઝ દોરી ગળાના ભાગેથી ચીરો કરીને સહેજમાં નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ પાંચેય યુવાનોને ઈજાઓ પહોંચતાં તમામને સારવાર અર્થે નજીકની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવી હતી. ■




રાજકોટ સિવિલ હૉસ્પિટલનું જન ઔષધી કેન્દ્ર ફરી ચાલુ થતા દર્દીઓએ રાહતનો શ્વાસ લીધો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કડકડતી ઠંડીનો માગશર માસ પૂર્ણ થવા આવ્યો હોવા છતાં કચ્છમાં સરેરાશ 30 ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છમાં આ વર્ષે જાણે હજુ શિયાળો આવ્યો જ ન હોય તેવી પરિસ્થિતિ ઊભી થવા પામી છે અને વનસ્પતિઓ પણ મોસમના બદલાયેલા મિજાજથી છેતરાઈ હોય તેમ ગત નવેમ્બર મહિનાથી જ આંબા અને બોર જેવા ઝાડોમાં ભરશિયાળે મોર ફૂટ્યા છે. ડિસેમ્બર ૨૦૨૧માં કચ્છના નલિયા ખાતે લઘુતમ તાપમાન ૫ ડિગ્રી સે. જેટલું હતું જયારે ભુજ તેમજ અન્ય વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૮થી ૧૦ ડિગ્રી સે. જેટલું નોંધાયું હતું પણ આ વર્ષે વ્હાઇટ ક્રિસમસના આ સમય ગાળામાં કચ્છનું સૌથી નીચું તાપમાન ૯ ડિગ્રી સે.જેટલું નોંધાયું હતું જે એક વિક્રમ છે.

કચ્છના લઘુતમ તાપમાનની વાત કરીએ તો ભુજ ખાતે લઘુતમ તાપમાન ૧૪.૪ ડિગ્રી સે. જેટલું રહ્યું છે જે ગયા ડિસેમ્બરની સરખામણીમાં ૯ ડિગ્રી જેટલું ઊંચું છે. જયારે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી સે.છે જે ગયા ડિસેમ્બર માસ કરતાં ૬ ડિગ્રી જેટલું ઊંચું છે. ■

# ગાંધીધામના મહેશ્વરી નગરમાં બંધ ઘરનાં તાળાં તોડી ₹ ૧.૯૬ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છમાં તસ્કરોનો આતંક જારી રહેવા પામ્યો હોય તેમ ગાંધીધામના મહેશ્વરી નગરમાં સ્થિત એક બંધ મકાનનાં તાળાં તોડીને અંદર ત્રાટકેલા તસ્કરો રૂ. ૧,૯૬,૦૦૦ની માલમતાની ચોરી કરી ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના મહેશ્વરીનગર વિસ્તારમાં ગત તા. ૧૨-૧૨ની રાત્રે અઢીથી સવા ત્રણ વાગ્યાના માત્ર પોણા કલાક દરમ્યાન બનેલા ચોરીના કૃત્ય અંગે પાણીપુરીની હાથલારી ચલાવતા આધેડ એવા પ્રકાશ તુલસીરામ પ્રજાપતિએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પુત્રીના લગ્નપ્રસંગ કાંજાણી હોલમાં યોજવામાં આવ્યો હતો.

પરિવાર આ લગ્નપ્રસંગમાં હતો ત્યારે ફરિયાદીનો પુત્ર અને ઉમાશંકર તેમના ઘરે કપડાંનો થેલો લેવા ગયા હતા.

બાદમાં તેમનો પુત્ર અનિલ અને તેની પત્ની ઘરે કપડાં બદલવા જતાં ઘરનાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં.

આ બાબતે જાણ થતાં પરિવાર ઘરે પહોંચ્યો હતો અને તપાસ કરતાં તમામ સરસામાન વેર-વિખેર હતો અને તિજોરી તૂટેલી હતી.

તિજોરી પાસે લોખંડનું પાનું નજરે પડયું હતું. આ તિજોરીમાંથી સોનાની આઠ વીંટી, સોનાનાં બે મંગળસૂત્ર, સોનાની માળામાં સોનાનાં પેન્ડલ નંગ-સાત, સોનાની એક ચેન, ચાંદીના બે કંદોરા, ચાંદીની લક્કી તથા લગ્ન માટે રાખેલા રોકડ રૂ. ૮૫,૦૦૦ એમ કુલ રૂ. ૧,૯૬,૦૦૦ની મતા ચોરાઈ ગઈ હતી.

ઘરફોડના આ કૃત્યને કોઈ જાણભેદુએ અંજામ આપ્યો હોવાની પ્રબળ શંકાના આધારે ગાંધીધામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં પાણીની તંગી મુદ્દે ધારાસભ્ય ઉદય કાનગડના ઘરે મહિલાઓનાં ધરણાં




(તસ્વીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં પાણીના ધાંધિયાથી ત્રસ્ત મહિલાઓએ ધારાસભ્ય ઉદય કાનગડના ઘરે પહોંચીને ધરણાં કર્યાં હતા. શહેરના વોર્ડ નંબર છ માં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી પાણીની સમસ્યા ઉગ્ર બની છે. શક્તિ સોસાયટી સહિતના વિસ્તારોની મહિલાઓએ એકત્રિત થઈને ઉદય કાનગડના ઘરનો ઘેરાવ કર્યો હતો. હાથમાં બેનરો અને ''પાણી જોઈતું હોય તો અમારી સાથે જોડાઓ''ના નારા સાથે મહિલાઓએ તંત્ર સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો. સ્થાનિક મહિલાઓએ જણાવ્યું હતું કે છેલ્લા એક મહિનાથી તેઓ પાણીના ટીપાં માટે તરસી રહી છે.

આ મુદ્દે અગાઉ કોર્પોરેટર અને ધારાસભ્યને અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર નિરાકરણ આવ્યું નથી. રોષે ભરાયેલી મહિલાઓએ માગ કરી હતી કે ધારાસભ્ય ઉદય કાનગડ જાતે તેમના ઘરે આવીને તેમને મળે અને સમસ્યાનો ઉકેલ લાવે. મહિલાઓએ ચીમકી આપી હતું કે, અમારી સમસ્યાનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં. ■

# ભાવનગરમાં ગ્રાહકને ₹ ૭૮.૫૨ લાખ ચૂકવવા વીમા કંપનીને હુકમ કરાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: વિશ્વાસ એગ્રી ફૂડ્સમાં ગત તા. ૧૭-૫-૨૦૨૧ના રોજ તાઉતે વાવાઝોડાના કારણે પ્લાન્ટ, મશીનરી, સ્ટોરજવાળી જગ્યા અને સ્ટોકને નુકસાન થયું હતું. જેથી એસ.બી.આઈ. જનરલ ઈન્સ્યોરન્સ કું. લિ.ને જાણ કરવામાં આવતા પ્લાન્ટ અને મશીનરીવાળી તેમજ સ્ટોકની પૉલિસી અન્વયે સર્વે કરી મટીરિયલ-સ્ટોકની પોલીસના એસેસમેન્ટમાં કોલ્ડ રૂમમાં સ્થિત સ્ટોકના રૂ. ૪૪લાખની રકમ મળવાપાત્ર નહીં હોવાનું અને તે નુકસાન રૂમની બારી તૂટી જતાં વરસાદના પાણીના કારણે થયાની જણાવી માત્ર રૂ. ૩૮,૦૪,૩૮૦ની રકમ સ્વીકારવા દબાણ કરાતા વિશ્વાસ એગ્રો ફૂડ્સના ભાગીદાર નિકુંજભાઈ ભુકણે તેમના વકીલ દક્ષેશભાઈ વી. ત્રિવેદી મારફત ભાવનગર ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં વીમા કંપની સામે સેવામાં ખામી રાખી ક્લેઈમની રકમ ન ચૂકવવામાં આવી હોવાની ફરિયાદ કરી હતી. જેમાં એડવોકેટ ડી.વી. ત્રિવેદીની દલીલો વગેરેને ગ્રાહ્ય રાખી ઈન્ચાર્જ પ્રેસિડેન્ટ કે.એમ. દવે, સભ્ય ડો.પી.એ. ત્રિવેદીની કોરમે વીમા કંપનીએ ગ્રાહકને રૂ. ૭૮,૫૨,૨૬૩ની રકમ ફરિયાદ દાખલ તા.૨૮-૧-૨૦૨૨થી વસૂલ આપતા સુધી આઠ ટકાના વ્યાજ સાથે ચૂકવી આપવા અને શારીરિક-માનસિક ત્રાસ તેમજ અરજીના ખર્ચના વળતર પેટે રૂ.૫,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો હતો. ■

# ગોંડલના રીબડા ગામે ડિમોલિશન કાર્યવાહી, સ્થાનિકોનો પક્ષપાતી કાર્યવાહીનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના રાજકીય રીતે સંવેદનશીલ ગણાતા રીબડા ગામે તંત્ર દ્વારા ડિમોલિશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેના પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. ગોંડલ તાલુકા મામલતદારના માર્ગદર્શન હેઠળ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તંત્રએ ગુંદાસરા ચોકડી પાસે આવેલી અંદાજે ૩૦થી ૩૫ વર્ષ જૂની હૉટેલોના દબાણો દૂર કર્યા હતા.

આ કાર્યવાહીમાં અંદાજે ૨૦૦ ચોરસ મીટર અને અગાઉ જ્યાં ઠાકર હૉટેલ કાર્યરત હતી તે ૧૫૦ ચોરસ મીટર જેટલી જગ્યા પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ વહેલી સવારની અણધારી કાર્યવાહીથી હૉટેલ માલિકો અને સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો અને તેમણે તંત્ર પર પક્ષપાતનો ગંભીર આક્ષેપ લગાવ્યો હતો.

હૉટેલ માલિકો અને ગ્રામજનોએ તંત્રની સામે પક્ષપાતી કાર્યવાહીના આરોપ લગાવ્યા હતા. હૉટેલ માલિકોના જણાવ્યા અનુસાર, તેમણે છ મહિના પહેલાં જ હૉટેલો સ્વૈચ્છિક રીતે ખાલી કરી દીધી હતી, તેમ છતાં કોઈ પણ પૂર્વ નોટિસ કે જાણ કર્યા વિના બુલડોઝર ફેરવી દેવાયું. તેમણે એવો પણ સવાલ ઉઠાવ્યો કે ગોંડલથી જેતપુર સુધીના પટ્ટામાં ૫૦થી ૬૦ જેટલી હૉટેલો ગેરકાયદે હોવા છતાં માત્ર રીબડામાં જ કેમ આ કાર્યવાહી કરવામાં આવી? ગ્રામજનોએ આક્ષેપ કર્યો મસમોટા હોર્ડિંગ્સની આજુબાજુના દબાણો હટાવી દેવાયા, પરંતુ તંત્રને ગેરકાયદે હોર્ડિંગ્સ દેખાયા નથી, જે પાછળ કોઈ રાજકીય ઈશારો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ■

# સાવરકુંડલામાં માલધારીઓની બે વર્ષની લડત બાદ ૬૦૦ વીઘા ગૌચર દબાણમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ અને મેંકડા ગામના સીમાડા પર આવેલી ૬૦૦ વીઘાથી વધુ ગૌચરની જમીન આખરે દબાણમુક્ત કરવામાં આવી હતી. રાજાશાહી વખતના આ વિશાળ ગૌચર પર ખેડૂતો દ્વારા શેઢા દબાવીને વાવેતર કરી દેવામાં આવ્યું હતું. છેલ્લાં બે વર્ષથી માલધારી સમાજ આ જમીન પાછી મેળવવા તંત્ર સામે લડત આપી રહ્યો હતો. આખરે તંત્ર હરકતમાં આવ્યું અને જમીન માપણી વિભાગે પથ્થરના ખૂંટા મારી ગૌચર સુરક્ષિત કર્યું હતું.

આ બંને ગામોમાં મળીને આશરે ૧૦૦૦થી વધુ પશુઓ હોય, ગૌચરની જમીન પર દબાણ થઈ જતાં પશુપાલકો પાસે પશુઓને ચરાવવા માટે કોઈ જગ્યા રહી નહોતી. નિરાધાર બનેલા માલધારીઓએ હિંમત હાર્યા વગર લડત ચાલુ રાખી હતી. જમીન માપણી વિભાગની ટીમ દ્વારા ટ્રેક્ટરો અને મજૂરો સાથે રાખીને સરકારી સીમાડાઓ નક્કી કરવામાં આવ્યા હતા. ■

# ભાવનગરના જવાહર મેદાન ખાતે તા. ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન સ્વદેશી અભિયાન અંતર્ગત 'સશક્ત નારી મેળા'નું આયોજન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તીકરણના વિઝનને સાકાર કરવા ગુજરાતના વિકાસમાં મહિલાઓના યોગદાનને પ્રદર્શિત કરવા, ઉજવણી કરવા અને સશક્ત કરવા માટે રાજ્યભરમાં ''સશક્ત નારી મેળા''નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્વદેશી અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા. ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન જવાહર મેદાન ખાતે 'ત્રિ-દિવસીય સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાને ભાવનગર જિલ્લાના પ્રભારી પ્રધાન કૌશિકભાઈ વેકરિયાના હસ્તે તા. ૧૯ ડિસેમ્બરના રોજ ખુલ્લો મૂકવામાં આવશે.

આ મેળામાં કુલ-૧૦૦ સ્ટોલ્સ ઊભા કરવામાં આવશે, જેમાં જિલ્લાની મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા સામગ્રી અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ થશે.

આ મેળા દ્વારા પાયાના સ્તરે થઈ રહેલા પરિવર્તનકારી બદલાવને ઉજાગર કરી મહિલાઓને નવી તકો પૂરી પાડવામાં આવશે. આ મેળો મહિલાઓની આત્મનિર્ભરતા, આર્થિક સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતાને વધુ પ્રોત્સાહન આપશે. ■

# ચોટીલા પાસે પશુ આહારની આડમાં લઈ જવાતો ૭૨ લાખનો દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા નજીક આવેલી બલદેવ હોટલના પાર્કિંગમાં બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ટ્રકમાંથી રૂ. ૭૨.૦૫ લાખની કિંમતના વિદેશી દારૂની કુલ ૬,૫૫૦ બોટલો જપ્ત કરી હતી. પોલીસે દારૂ, ટ્રક અને મોબાઈલ સહિત કુલ રૂ. ૮૭,૮૩,૫૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ દરોડા દરમિયાન પોલીસે જામનગરના જિલ્લાના રહેવાસી ટ્રક ડ્રાઈવર અજય ભારાઈની સ્થળ પરથી ધરપકડ કરી હતી. દારૂ છુપાવવા માટે ટ્રકમાં પશુ આહારની ૨૫૦ બેગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે પોરબંદરના ભાયાભાઈ મોરી, તેના ભાગીદાર ભાવેશભાઈ મોરી અને દારૂ સપ્લાય કરનાર અન્ય શખ્સો સહિત કુલ ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી હતી. ■

# થાનગઢમાં મામલતદારની ટીમ પર હુમલા બાદ ખનીજ માફિયાઓ પર બુલડોઝર કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકમાં ખનીજ ચોરો નાયબ કલેકટરના માર્ગદર્શન હેઠળ ભૂ-માફિયાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત મોડી રાત્રે થાનગઢ મામલતદાર કચેરીની ટીમ ગેરકાયદેસર ખનન અટકાવવા માટે દરોડો પાડવા પહોંચી હતી. આ દરમિયાન ભરત રમેશ અલગોતર, જયપાલ રમેશ અલગોતર અને રવિ ઉગા પરમાર સહિતના શખ્સોએ અન્ય સાગરીતો સાથે મળી સરકારી ટીમ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ફરજમાં રુકાવટ કરી ગેરકાયદેસર ખનનમાં વપરાતાં વાહનો લઈને નાસી છૂટ્યા હતા.

સંયુક્ત ટીમ દ્વારા વ્રજ ફાર્મ પર ડિમોલિશન સરકારી કર્મચારીઓ પર થયેલા આ હુમલાના પ્રત્યાઘાતરૂપે નાયબ કલેક્ટરે તત્કાલિક કાર્યવાહી કરતાં ચોટીલા, થાનગઢ અને મૂળી એમ ત્રણ તાલુકાના મામલતદારોની સંયુક્ત ટીમ બનાવી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી અંતર્ગત આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે અથવા પરવાનગી વગર ઊભા કરવામાં આવેલાં બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે 'વ્રજ ફાર્મ' નામના બાંધકામને તોડી પાડી જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું.

ભૂ-માફિયાઓમાં ફફડાટ નાયબ કલેક્ટરની આ કાર્યવાહીને પગલે સમગ્ર પંથકના ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. તંત્રએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે કાયદો હાથમાં લેનાર અને સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરનાર કોઈપણ શખ્સને બક્ષવામાં આવશે નહીં. ■

# અમરેલીના હનુમાન ખીજડીયા ગામે દીપડાએ શ્વાનનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર અને ગીરના સીમાડાના ગ્રામ્ય વિસ્તારોમાં વન્યજીવોના આંટાફેરાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અમરેલી જિલ્લાના વડિયા-કુંકાવાવ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોની બાદ હવે દીપડાના આંટાફેરા વધી રહ્યા છે. વડિયા નજીકના હનુમાન ખીજડીયા ગામે દીપડાએ શ્વાનનો શિકાર કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, જૂનાગઢ જિલ્લાની સરહદને અડીને આવેલા અમરેલી જિલ્લાના હનુમાન ખીજડીયા ગામમાં દીપડાના આંટાફેરાથી ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપ્યો હતો.

દીપડાએ ગામમાં એક શ્વાનનો શિકાર કર્યો હતો, સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. શિકાર કર્યા બાદ દીપડો નાસી છૂટયો હતો.

ખેતર અને પશુપાલન સાથે સંકળાયેલા લોકોમાં દીપડાના આંટાફેરાથી ચિંતા વ્યાપી છે, જૂનાગઢ જિલ્લાની નજીકના ગામડાઓમાં વન્યપ્રાણીઓના આંટાફેરા ખૂબ સામાન્ય છે. ગિરનારથી નજીક હોવાના કારણે આ ગામડાઓમાં દીપડા તેમજ સિંહોની અવરજવરના બનાવ નોંધાતા રહે છે.

અન્ય એક કિસ્સો ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના આમોદ્રા ગામમાં સિંહોના ટોળાએ ગામની મધ્યમાં પ્રવેશીને પશુઓનું મારણ કર્યું હતું. જેના દૃશ્યો સ્થાનિકોએ મોબાઈલમાં કેદ કર્યા હતા. ■